૮૮૬-૯૨ ૮૮૬-૯૨

# અહલે સુન્નત વ જમાઅત
યા'ને
મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02

# બરકાતે ખ્વાજા برکاتِ خواجہ
(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-જુલાઈ-૨૦૦૬**

**જમાદીઉલ આખર-રજબુલ મુરજ્જબ**

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૭, સળંગ અંક : ૩૧**



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email ID : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## હમ્દ

વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા
હમેં ભીક માંગને કો તેરા આસ્તાં બતાયા
તુઝે હ્મ્દ હૈ ખુદાયા, તુઝે હ્મ્દ હૈ ખુદાયા
તુમ્હીં હાકિમે બરાયા, તુમ્હીં કાસિમે અતાયા
તુમ્હીં દાફએ બલાયા, તુમ્હીં શાફએ ખતાયા,
કોઈ તુમસા કૌન આયા, કોઈ તુમસા કૌન આયા
યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે
સભી મૈંને છાન ડાલે તેરે પાએકા ન પાયા
તુઝે યકને યક બનાયા, તુઝ યકને યક બનાયા
અરે અય ખુદાકે બંદો ! કોઈ મેરે દિલકો ઢુંઢો !
મેરે પાસ થા અભી તો અભી કયા હુઆ ખુદાયા
ન કોઈ ગયા ન આયા, ન કોઈ ગયા ન આયા
હમેં અય **'રઝા'** તેરે દિલકા પતા ચલા બ મુશ્કિલ
દરે રૌઝે કે મુકાબિલ વો હમેં નઝર તો આયા,
યે ન પૂછ કૈસા પાયા, યે ન પૂછ કૈસા પાયા

## કત્આ

દુન્યા તો યે કેહતી હૈ કે સખ્નૂર હૂં મૈં
અરે ! શોઅરા કા આજ સરદાર હૂં મૈં
મૈં યે કહતા હૂં યે ગલત હૈ સો બાર ગલત !
સચ તો હૈ યહી કે સબસે અહકર હૂં મૈં

-હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) જુલાઈ-૨૦૦૬

★ વર્ષ : 03 ★ અંક : ૦૭ ★ સળંગ અંક : 31


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૪ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૬ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૭ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૩ |
| ૦૭. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા પટેલ (હલદરવા) | ૨૪ |
| ૦૮. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાનાબેન પટેલ–દયાદરા | ૨૫ |
| ૦૯. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૭ |
| ૧૦. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૩૦ |
| ૧૧. | ઉમ્રી કઝા નમાઝ | **સંકલન** : જનાબ 'જિગર' નબીપુરી, લંડન | ૩૧ |
| ૧૨. | હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ | **કાર્યાલય** | ૩૩ |
| ૧૩. | હાફિઝે મિલ્લત અને અશરફિયા મિશન | **રજૂ.** : જનાબ અલ્તાફ હુસૈન કુરચનવી–મુબારકપુર | ૪૦ |
| ૧૪. | હિંદુસ્તાનની અદાલતી વ્યવસ્થામાં બની બેઠેલા જગત કાઝી અમેરિકાની દખલગીરી ! | **કાર્યાલય** | ૪૩ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**સ્થળ સંકોચનને કારણે આ અંકમાં ચાલુ લેખમાળા "ગુનાહોનો ઈલાજ" સમાવી શક્યા નથી. આવતા અંકથી રાબેતા મુજબ ચાલુ રહેશે. (ઈન્શાઅલ્લાહ !)**

# સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ

તંત્રી લેખ....

પ્યારા સુન્ની ભાઈ બહેનો ! યાદ રાખો ! જે ચીજ નફ્સને ભારે લાગે, અઘરી લાગે, કડવી લાગે તે જ ચીજ આખેરતમાં આરામનો સબબ બને છે. આ લેખ કદાચ કોઈને કડક પડે, કડવો લાગે, નફ્સ પર બોજ બને, પણ સાંભળો ! ઈમાનને છોડીને કોઈ ચીજ આખેરતમાં કામ આવશે નહીં, અને ઈમાનની સાચવણી માટે અહીં જે દર્શાવ્યું તે કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો સિવાયનું કાંઈ જ નથી, અને એ સૌના પર આપણુ ઈમાન છે માટે કેવળ અને કેવળ આખેરતના લાભને ખયાલમાં રાખીને આ લેખ વાંચશો તો જરૂર દિલમાં નૂરે ઈમાન ઝગમગી ઉઠશે, અને તેના નૂરથી તમારી બંને દુનિયા ચમકી ઉઠશે ઈન્શાઅલ્લાહ !

**ન સમઝોગે તો મિટ જાઓગે અય સુન્ની મુસલમાનો !**
**તુમ્હારી દાસ્તાં તક ન હોગી જહાં કી દાસ્તાનોંમેં**

અલ્લાહ તબારક વ તઆલાએ દરેક ઈન્સાનને સમજબુઝ, બુદ્ધિ આપેલી છે. અને દુનિયામાં ઈન્સાનના આગમનથી આજ સુધી એ ક્રમ રહ્યો છે કે દરેક માનવી એ બુદ્ધિ થકી પોતાના અસ્તિત્વના માટે જીવનભર પ્રયત્નશીલ રહે છે, પોતાના જીવન નિર્વાહ માટે, પોતાની ઈજ્જત તથા આબરૂની રક્ષા કાજે, સમાજમાં પોતાનું માન સન્માન જળવાય રહે તેના માટે સતત સંગ્રામ કરતો રહે છે અને એ દરેક સદ્બુદ્ધિવાળા માટે જરૂરી પણ છે. એ જ પ્રમાણે દરેક જમાઅત તથા રાજકીય પાર્ટીઓના લોકો તથા દરેક ધર્મના લોકોને આપણે જોઈએ છીએ કે પોતાની જમાઅત તથા સમાજ તથા પાર્ટી અને ધર્મની સલામતી તથા પ્રગતિ માટે યોગ્ય આયોજનપૂર્વક કોશિશોમાં લાગેલ રહે છે, અને એના પરિણામ સ્વરૂપે એમાં સફળતા પણ મેળવતા રહે છે. અને જે માનવી પોતે કે જમાઅત, સમાજ, પાર્ટી કે ધર્મના લોકો પોતાના અસ્તિત્વ તથા સલામતી માટે બેપરવા તથા નિષ્ક્રિય બની જાય છે તે પરેશાનીઓનો શિકાર બની જાય છે અને પોતાનું સ્થાન તથા મોભ્ભો ગુમાવી અધોગતિની ખાઈમાં ગબડી પડે છે અને છેવટે એ અંજામ આવે છે કે પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે અથવા પોતાની અસલિયત ખોઈ બેસે છે, અને નામનું તેનું અસ્તિત્વ બાકી રહી જાય છે.

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે અલ્લાહના પસંદીદા દીન સત્ય મઝહબ ઈસ્લામના માનનારા છીએ અને આપણને એક એવું બંધારણ અલ્લાહ ﷻ તથા આપણા પ્યારા નબી ﷺ થકી મળ્યું છે તેના પર અમલ કરીને જો ચાલીએ તો ન આપણી પ્રગતિમાં આંચ આવી શકે ન દુનિયાની કોઈ તાકાત આપણી સમક્ષ સુપર પાવર થઈ શકે અને તે છે "કુર્આન મજીદ !" મુસલમાન પોતાના અસ્તિત્વ માટે, પોતાની ઈજ્જત આબરૂ બનાવી રાખવા માટે, પોતાની મજબૂતી માટે તથા સલામતી અને પ્રગતિ માટે કોઈનો મોહતાજ નથી ! કોઈ કહેવાતા બુદ્ધિજીવીના ચિંતનનો મોહતાજ નથી પણ કુર્આનનો મોહતાજ છે, રસૂલે પાક ﷺ નો મોહતાજ છે, કેમ કે જો એ કુર્આન તથા હદીષની વિરૂધ્ધ ચાલશે તો યકીનન !

સર્વ ચીજો ઈજ્જત, આબરૂ, પ્રભાવ, સત્તા, સલામતી ગુમાવતો જશે. શું તમે કુર્આનનું આ ફર્માન નથી સાંભળ્યું ?! ખૂદ સૃષ્ટિનો સર્જનહાર એલાન કરે છે કે : **"ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ થશો, શરત એ છે કે મો'મિન થઈ જાવ !"** *(સૂરએ આલે ઈમરાન, આયત–૩૯)*

સારાંશ કે સાચા અર્થમાં જો આપણે સૌ મુસલમાન થઈ જઈએ, કામિલ મો'મિન જેમ જીવીએ તો ઈન્સાન જ નહીં સર્વ મખ્લૂક આપણી તાબેદારી કરે. મુસલમાનના જે ગુણો કુર્આન–હદીષમાં વર્ણન થયાં, જે કરવાના અને જે ન કરવાના હુકમો અલ્લાહ વ રસૂલ તરફથી આપવામાં આવ્યા તેના પર ચાલીએ તો કોઈ પરેશાની આપણા માટે ચિંતાનો વિષય બને જ નહીં, ન કોઈ જાલિમના જુલ્મનો પંજો આપણને દબાવી શકે. આ વાતની સચ્ચાઈ માટે ઈસ્લામનો ઈતિહાસ ન્યાયી સાક્ષી છે કે મુટ્ઠીભર સહાબાએ કિરામે પોતાના સમયની વરસોની સુપર પાવર તાકતોના તખ્ત તથા તાજ ઉલ્ટાવી નાખ્યા અને ક્રમે ક્રમે જગતભરમાં ઈસ્લામનો ઝંડો લેહરાતો થઈ ગયો. તેઓ પાણી પર ચાલી નીકળતા અને જંગલી જાનવરો તેમનું કહ્યું માનતાં હતાં, એવા પણ બંદા થઈ ગયા કે પહાડ તેમના કહેવા પર ચાલવા લાગતા ! એ મુસ્લિમોના ઈમાની પાવર તથા સારા અખ્લાકના પ્રભાવથી ભલ ભલા ઈસ્લામના દુશ્મનો તથા મુસલમાનોના ભક્ષકો ઈસ્લામના ચાહક તથા મુસલમાનોના રક્ષક બની ગયા !

શરૂઆતમાં સર્વ મુસ્લિમો 'અહલે સુન્નત વ જમાઅત' જ હતા પણ સમયનું ચક્ર ચાલતુ રહ્યું પછી એવો સમય આવ્યો કે અંગ્રેજ તથા યહૂદી, ઈસાઈના હાથા બનનારા દુનિયાના લાલચુ એવા માણસો પેદા થયા જેમણે નામ મુસલમાન પણ કામ શૈતાનોનાં કર્યાં અને મુસ્લિમોમાં નવા નવા અકીદા ફેલાવી વિવિધ ફિર્કાઓને જન્મ આપ્યો. જેમ કે **શિઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, અહલે હદીષ (ગૈર મુકલ્લિદ), અહલે કુર્આન, મૌદૂદી, કાદયાની....** વગેરે જેમાં **ઈસ્લામને સૌથી વિશેષ નુકસાન વહાબી ફિર્કાએ પહોંચાડયું જેની શાખો હિંદ તથા પાકિસ્તાન વગેરે દેશોમાં વહાબી, અહલે હદીષ, દેવબંદી, તબ્લીગી જમાઅત, મૌદૂદી (જમાઅતે ઈસ્લામી) તરીકે ઓળખાય છે.** (વહાબી ફિર્કાના જન્મ પાછળ અંગ્રેજોની શું સાઝિશો હતી તેનો ઈતિહાસ જાણવા વાંચો "વહાબી કહાની હમ્ફેની જબાની.")

વર્તમાનકાળમાં દરેક ફિર્કાવાળા પોતાના અસ્તિત્વ માટે તથા પ્રચાર માટે અવનવી ટ્રિકો તથા પ્રોગ્રામ બનાવતા જાય છે અને ક્યાંક તબ્લીગના નામ પર તો ક્યાંક ઈસ્લામની તા'લીમના નામ પર તો ક્યાંક દીન તથા દુનિયા બંનેની તા'લીમના નામ પર તો ક્યાંક દુનિયાવી લાલચો આપી લોકોને પોતાના પ્રતિ આકર્ષે છે એટલે સુધી કે ઈસ્લામ વિરૂધ્ધ જઈને ગંદી પોલીસીઓ થકી લોકોને બહેકાવી રહ્યા છે. અને દરેક ફિર્કો અહલે સુન્નતવાળાઓ પર જ હુમ્લો કરી રહ્યો છે, કેમ કે અસલી જૌહર આ જ છે. સર્વ બાતિલ ફિર્કાવાળા સુન્નીઓને પોતાના પ્રતિ વાળવા મથી રહ્યા છે, એવા નાઝુક સમયે આપણે અહલે સુન્નત વ જમાઅતે સાવધાન થઈ જવાનું છે અને સુન્નિયતની પ્રગતિ તથા મજબૂતી માટે હર પલ કોશિશમાં રહેવાનું છે તેના માટે આયોજનપૂર્વક કાર્ય કરવાનું છે. આપણી બુદ્ધિ તથા આવડતો તથા દૌલતોને કેવળ દુનિયાના લાભ માટે જ નહીં પણ દીન સુન્નિયતની ભલાઈ માટે ખર્ચવાની જરૂર છે.

સૌ પ્રથમ આપણે ગંભીરપણે વિચારીએ કે એ કયા ખાસ પરિબળો તથા સબબો છે જેના કારણે બાતિલ ફિર્કાવાળાઓને સુન્નીઓમાં ભળી જવાનો તથા બહેકાવીને પોતાના ફિર્કામાં લઈ જવાનો મોકો

મળે છે ? તો એમાં આપણી દષ્ટિએ સૌથી પ્રથમ જે મહાન સબબ ચઢે છે તે ''બાતિલ ફિર્કાઓથી સંગાઈ સંબંધ તથા દોસ્તી'' છે.

## (૧) બાતિલ ફિર્કાવાળાથી સગાઈ સંબંધ તથા દોસ્તી !

ઈસ્લામના ઈતિહાસના આધારે આપણે જાણીએ છીએ કે ''મુસ્લિમ એકતા''માં ભંગાણ પાડવા માટે નવા નવા અકીદા ઘડી નવા નવા ફિર્કાઓએ કઈ રીતે જન્મ લીધો. જેનું વર્ણન અમે **બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુઆરી-૨૦૦૫**ના તંત્રી લેખ **"આવો ! એક પ્લેટફોર્મ પર થઈ જઈએ !"**માં કરી ચૂક્યા ઉપરાંત એ નામથી પુસ્તિકા પણ પ્રકાશિત કરેલી તેમજ **"અખંડ ભારતમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો"** નામનું પુસ્તક પણ પ્રસિદ્ધ કરેલું છે. જેમાં છે કે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ (વિસાલ : ઈ.સ. ૧૬૨૪, હિ.સ. ૧૦૩૪) ફર્માવે છે : **"હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો વરસ સુધી અહલે સુન્નત વ જમાઅતની બહારો (વસંતો ખીલેલી) રહી અને કોઈ ફિર્કાબંદી ન થઈ. જ્યારે ખાકાને આ'ઝમ અબ્દુલાહખાં અઝબુકે ખુરાસાનના શહેરો પર હુમ્લો કર્યો અને તેની સત્તા કબ્જે કરી તો તેણે ખુરાસાનવાસીઓમાંના કેટલાક શીઆઓને કત્લ કર્યા અને કેટલાકને તડીપાર કર્યા તો એમનામાંથી અમુક શીઆઓ હિંદુસ્તાનમાં પ્રવેશી ગયા અને ઘણી જ ચાલાકીપૂર્વક સત્તાધારીઓ અને હિંદના રાજાઓ સાથે સંબંધિત થઈ ગયા અને હિંદુસ્તાનની પબ્લિકને પોતાની બાતિલ માન્યતાઓ વડે ગુમરાહ કરવા લાગ્યા.** આ રીતે ખુરાસાન દેશમાં તો ફિત્નો ઠંડો પડી ગયો પરંતુ હિંદુસ્તાનમાં આ કિયામતખેઝ (શીઆ) ફિત્નો શરૂ થઈ ગયો." *(શૈખ અહમદ સરહિંદી, રદુલ રવાફિઝ)*

આ પરથી જાણવા મળ્યું કે ઈસ્લામના આગમન પછી હિંદુસ્તાનમાં ૫૦૦ વરસ સુધી રસૂલે પાકના શયદાઈઓ, બુઝુર્ગાને દીનના ચાહકો "અહલે સુન્નત વ જમાઅત" સિવાય વહાબી, દેવબંદી વગેરે કોઈ ન હતું, ત્યારબાદ શીઆ ફિર્કાનો પગપેસારો થયો. પણ "શિઆ" લોકોથી જે તે સમયના ઉલ્માએ પોતાની સુન્ની અવામને દૂર રહેવા, શાદી વહેવાર, દોસ્તી તેમનાથી ન કરવા તાકીદ કરી હતી તો તે સમયના આપણા ઈસ્લામના વફાદાર પૂર્વજોએ તેના પર ચુસ્તપણે અમલ કર્યો એની અસર આજે પણ આપણે જોઈએ છીએ કે શીઆઓ સાથે આપણા શાદી, વહેવાર, ઉઠક, બેઠક કે દોસ્તીના સંબંધો જોવા નથી મળતા.

પણ ત્યાર પછી હિંદુસ્તાનમાં જે નવો ફિર્કો ઉભો થયો તે વહાબી, દેવબંદી છે અને તેમાંથી નવા નવા ફણગા અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી, નેચરી, અહલે કુર્આન, કાદયાની વગેરે નીકળતા રહ્યા.

જેમ કે જામિઆ મિલ્લિયા દિલ્હીના પ્રખ્યાત ઉસ્તાદ ડો. સૈયદ જમાલુદ્દીન અસ્લમ ચૌદમી સદી હિજરીના હિંદુસ્તાનની ધાર્મિક સ્થિતિનો ચિતાર રજૂ કરતાં જણાવે છે :–

"ઓગણીસમી સદીથી જ માન્યતા (અકીદાઓ)ની બુનિયાદ પર આલિમો વિવિધ વિચારસરણીમાં વહેંચાવા શરૂ થઈ ગયા હતા અને મુસ્લિમ સમાજ પણ તેમના અનુસરણમાં વિવિધ તંબુઓમાં (ગૃપોમાં) વહેંચાવો શરૂ થઈ ગયો હતો. સદીઓ સુધી "હિદાયહ્" હિંદુસ્તાની મુસલમાનોને હિદાયતનો માર્ગ દેખાડતી રહી પરંતુ નજદમાં લખાયેલી કિતાબ તથા સુન્નતનું એક નવું સર્જન "અત્તૌહીદ"ને ઓગણીસમી સદીમાં હિંદુસ્તાનમાં પ્રવેશ આપવામાં આવ્યો (જે નબી વલીની ગુસ્તાખીઓથી ભરપુર છે) જેનો ઉર્દૂ

તર્જુમો **“તકવિયતુલ ઈમાન” નિફાક (મુનાફિકપણા)નો સબબ બન્યો.** શાહ ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન"ના પ્રસિદ્ધ થતાં પહેલાં હિંદુસ્તાની મુસલમાનો કેવળ બે જ ગૃપોમાં વહેંચાયેલા હતા, અહલે સુન્નત અને શીઆ, એમાં અહલે સુન્નતની આબાદી પુષ્કળ હતી. પરંતુ "તકવિયતુલ ઈમાન" પછી મતભેદોની એવી વણજાર શરૂ થઈ કે સવાદે આ'ઝમથી નીકળી નીકળીને લોકો વિવિધ તંબુઓમાં દાખલ થવા લાગ્યા, અને આ રીતે સવાદે આ'ઝમનું માળખુ વિખેરાઈ ગયું. આ વિખેરણને અટકાવવા અને અહલે સુન્નતને સંગઠિત કરવા રોહેલખંડના શહેર બરૈલીના એક ફાઝિલ આલિમે મજબૂત નિશ્ચય કર્યો. **એ ફાઝિલ આલિમ હતા મૌલાના અહમદ રઝાખાં** (૧૮૫૬–૧૯૨૧) જે ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ફાઝિલે બરેલ્વીના નામથી મશ્હૂર થયા." *(સૈયદ જમાલુદ્દીન અસ્લમ, અહલે સુન્નત કી આવાઝ, ઈ.સ. ૧૯૯૮, પેજ–૨૪૮, પ્રેસ : મારહરા શરીફ)*

સારાંશ કે વહાબી દેવબંદી તથા તેની શાખોએ મુસ્લિમ એકતામાં એવી ફાચરો મારી કે મુસ્લિમો હિંદુસ્તાનભરમાં વિરેવિખેર થઈ વાદવિવાદના શિકાર બની ગયા. પણ અહલે સુન્નતના ઉલમા તે બાતિલ ફિર્કાઓની ભરપૂર રદ કરીને તેમના ગુમરાહ ફિર્કા હોવા વિશે અવામને તકરીરો, લખાણો થકી સમજાવતા રહ્યા અને તેમનાથી દૂર રહેવા સમજાવતા રહ્યા. (અલ્લાહ તેમની કબરો પર કયામત સુધી રહમતોની વર્ષા કરે અને તેમના દરજાઓને બુલંદથી બુલંદતર કરે. આમીન)

પણ આપણા રસૂલે પાક ﷺના વફાદાર પૂર્વજોએ જે રીતે શીઆ ફિર્કાથી બેઝારી જાહેર કરી તેમનાથી શાદી વહેવાર, દોસ્તી ન રાખી અને પોતાના ઈમાનને બચાવી આપણા સુધી પહોંચાડયું, તેમની જેમ આપણા સમયના મુસલમાનો ન કરી શક્યા અને પહેલેથી સગાઈ સંબંધમાં ગુંચવાયેલા હતા પણ ત્યારે સૌ સુન્ની હતા, હવે જ્યારે જાણ્યું કે આપણા સગા વહાબી દેવબંદી થઈ ગયા તો હવે એમને પોતાના ઈમાન તથા ઈસ્લામ તથા સુન્નિયતને બચાવવા માટે એકદમ ત્યજી દેવા જોઈએ, તે આપણા ભાઈ બહેનોએ ન કર્યું ! અને **હજી પણ નવા નવા સગાઈ, સંબંધો, શાદીઓ દેવબંદી, વહાબી સાથે કશાય ખચકાટ વિના કરી રહ્યા છે ! જેઓ એવું કરે છે તેઓ ઈસ્લામ તથા સુન્નિયતની જડમાં મહાન ઘા કરી રહ્યા છે તેની નોંધ લે અને પોતાના માટે જહન્નમ રિઝર્વ્ડ કરાવી રહ્યા છે તે યાદ રાખી લે !**

આજે ઈસ્લામને એક રસમ પૂરતો જાણે પાળવામાં આવી રહ્યો છે અને ઘણા સુન્નીઓ પણ કેવળ જાણે રસ્મી રહી ગયા છે. એવું જ જાહેરી સ્થિતિ જોતાં સમજમાં આવે છે, કેમ કે સામાન્યતઃ દીની તા'લીમમાં પોપટ જેમ અરબીમાં કુર્આન પઢતાં તથા નમાઝ વગેરેના મસાઈલ જે શીખી શકાય તે શીખવાનું શીખવાડવાનું ચાલુ છે, પણ ઈમાન શું છે ? **બાતિલ ફિર્કા વહાબી, દેવબંદી વગેરે કેમ કાફિર જહન્નમી છે ? તેમનાથી શાદી વહેવાર, દોસ્તી કેમ હરામ છે ? તે કોઈને શીખવા તથા સમજવામાં પણ રસ નથી !** વળી જાણવા છતાં આંખ આડા કાન કરવામાં આવે છે અને ઈમાન સંબંધે એટલો નબળી દિવાલ જેવો માહોલ બની રહ્યો છે કે કોઈ સુન્ની આલિમે દીન નબી વલીના ગુસ્તાખો વહાબી દેવબંદી વગેરેની રદ કરે તો ખૂદ પૂરી રમઝાન મદીના શરીફમાં હુઝૂર ﷺની મહોબ્બત સાથે રડી રડીને સલામો પેશ કરીને કાઢનારા હાજી સાહબો તથા ગામોનાં ગામોને ૧૧મી શરીફની ન્યાઝ ખવડાવી દેનારા ગુલામે રસૂલ તથા ગુલામે ગૌષના ટાઈટલો મેળવનારાઓનાં જ મોંઢાં બગડવા લાગે છે ! જ્યારે કલ્મા, નમાઝ તથા ઈસ્લામના નામે લોકોના ઈમાનને લૂંટી લેનારા

તબ્લીગી જમાઅતવાળા દેવબંદી વગેરે ઈમાનના ડાકૂઓથી પોતાના ઈમાનને બચાવવા કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો થકી દલીલો કરીને એ બાતિલ ફિર્કાની અસલિયત જાહેર કરવામાં આવે છતાં કહેવાતા આશિકે રસૂલનાં મોઢાં ટેઢાં થાય અને સાચી વાત બતાવનારને ફિત્નાખોર સુદ્ધાં કહે તો ચોક્કસ **તેમણે પોતાના ઈમાનની ચકાસણી કરવી જ રહી !** મહોબ્બતે રસૂલની દલીલ એ નથી કે રોઝા મુબારક પર રમઝાન રડી રડીને ગુજારો, વારંવાર હાજરી આપી મહોબ્બત દર્શાવો, પણ મહોબ્બતની ખરી દલીલ એ છે કે મહબૂબના દોસ્તોથી દોસ્તી અને દુશ્મનોથી દુશ્મની હોવી જોઈએ. વળી યાદ રાખો ! એ આલિમે દીન પર હક્ક વાત કહેવી ફર્ઝ છે, જો નહીં કહે તો તેનું પરિણામ સાંભળો !

તમે જેમને જાનથી અધિક ચાહવાનો દાવો કરો છો તે જ આપણા સૌના પ્યારા નબી કરીમ ﷺ ફર્માવે છે : **"જ્યારે ફિત્ના અને ગુમરાહીઓ જાહેર થાય અને આલિમ પોતાનો ઈલ્મ છુપાયેલો રાખે તો તેના પર અલ્લાહ અને ફરિશ્તા અને ઈન્સાનો સૌની લઅ્નત છે."** અને હદીષમાં એ પણ છે કે "કિયામતના દિવસે તેમને આગની લગામ વડે જકડવામાં આવશે." અને ફર્માવ્યું : **"તમારા થકી કોઈ એક માણસને પણ હિદાયત નસીબ થઈ જાય તો એ તમારા માટે પૃથ્વીના પટ પરની હુકૂમત કરતાં બેહતર છે."**

તમે દેવબંદી વહાબીની કુર્આન હદીષ થકી પોલ ખોલનાર આલિમે દીનને જો ભાંડશો તો ઈમાનથી હાથ ધોઈ બેસશો ! એ નોંધી લો. કેમ કે એઓ અલ્લાહ તથા રસૂલનાં ફર્માનો તમારા સુધી પહોંચાડે છે અને એનો ઈન્કાર કરનાર શું મુસલમાન રહી શકે ? તમારી તેજસ્વી બુદ્ધિને જ એ પૂછી લો ! સાંભળો! અલ્લાહ પાક કુર્આને પાકમાં આ પાક ફર્માન કેવળ ઈમાનવાળા પાક લોકોને જ કરે છે :–

**"હે ઈમાનવાળાઓ !" તમારા બાપ અને ભાઈઓને દોસ્ત ન સમજો ! જો તેઓ ઈમાન પર કુફ્રને પસંદ કરે, અને તમારામાંથી જે કોઈ તેમની સાથે દોસ્તી કરશે તો તે જાલિમોમાંથી છે."** *(સૂરએ મુમ્તહિનહ્, આયત–૧)*

જો અલ્લાહ તમને "જાલિમ" ઠરાવે તો જહન્નમના ક્યા ખૂણામાં ફેંકશે તે સમજો છો ! કુર્આનમાં એ પણ છે કે "અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો !" માટે તમારી તેજસ્વી બુદ્ધિને કામે લગાડો અને સાવધાન થઈ જાવ ! ગુસ્તાખે રસૂલ ફિર્કાવાળાથી સત્વરે અલગ થાવ, એમાં જ સૌની ભલાઈ છે.

હે મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! આવો ! આપણો પાલનહાર શું ફર્માવે છે ? **આ કોઈ મોલ્વીની પોતાની તકરીર નથી ! આ કુર્આનમાં અલ્લાહનું ફર્માન છે ! જો એનાથી ચીડાશો તો ઈસ્લામના વર્તુળમાંથી તુરત જ નીકળી જશો !** અલ્લાહ ખૂદ ફર્માવે છે :–

**અર્થાત** : તમે તે લોકોને નહીં પામશો જેઓ યકીન રાખે છે અલ્લાહ તથા કિયામતના દિવસ પર કે તેમનાથી મૈત્રી કરે જેમણે અલ્લાહ તથા રસૂલની દુશ્મનાવટ કરી, **ભલે તેઓ તેમના બાપ, બેટા કે ભાઈ કે કુટુંબીઓ હોય.** આ છે જેમના દિલોમાં અલ્લાહે ઈમાન નકશ ફર્માવી દીધું અને પોતાના તરફની રૂહથી તેમની મદદ ફર્માવી તથા તેમને બાગોમાં લઈ જશે જેની નીચે નહેરો વહી રહી છે **તેમાં હમેશાં માટે રહેશે.** અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી. આ જ લોકો અલ્લાહવાળા છે, જે મુરાદે પહોંચશે." *(સૂરએ મુજાદિલહ્, આયત–૨૨)*

આ પણ અલ્લાહનું જ ફર્માન છે :–

**અર્થાત :"તમે ફર્માવી દો કે અય લોકો ! અગર તમારા બાપ, તમારા બેટા, તમારા ભાઈ, તમારી ઔરતો, તમારા કુટુંબીજનો, તમારો કમાઈનો માલ, અને તે વેપાર કે જેમાં તમને નુકસાનનો ભય છે, અને તમારી પસંદગીનાં મકાનો, એનામાંની કોઈ ચીજ પણ તમને અલ્લાહ અને એના રસૂલ અને એના રસ્તામાં કોશિશ કરવા કરતાં વધુ વહાલી છે તો વાટ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો અઝાબ ઉતારે. અને અલ્લાહ ફાસિકો (એના હુકમોને ન માનનાર)ને રસ્તો નથી આપતો."** (હિદાયત નથી આપતો.) *(સૂરએ તૌબા–૨૪)*

કેટલાક ભાઈઓ કહે છે અખ્લાક (સભ્યતા)ની દષ્ટિએ પણ આપણે તેમનાથી સંબંધ રાખવો જોઈએ. તો આવો ! **કુર્આનમાં અલ્લાહે જેમના અખ્લાકને શ્રેષ્ઠ કહ્યા તેમનું જ ફર્માન તમારી સમક્ષ રજૂ કરું છું,** તે અખ્લાકના પયકર આપણા પ્યારા નબી કરીમ ﷺ ફર્માવે છે :–

(અર્થ) : **બદમઝહબ જો બીમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહએ જાબિરથી તથા ઓકૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી. મુહક્કિકે અલલ ઈત્લાક ફત્હુલ કદીરમાં ફર્માવે છે (અર્થ) : ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ એ શૈખેન હઝરત સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફા તથા સૈયદના કાઝી ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ થી રિવાયત કરી કે **બદમઝહબોની પાછળ નમાઝ જાઈઝ નથી.**

વળી ગૌષ પાક رضی اللہ عنہએ પોતાની કિતાબ 'ગુન્યતુત્તાલિબીન'માં હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہના હવાલાથી એક રિવાયત નકલ કરી છે કે **જે કોઈ બદમઝહબથી મહોબ્બત રાખશે તેના અમલ બર્બાદ થઈ જશે અને ઈમાનની રોશની તેના દિલમાંથી નીકળી જશે અને જ્યારે અલ્લાહ પોતાના કોઈ બંદાને જુએ કે તે બદમઝહબથી અદાવત રાખે છે તો મને ઉમ્મીદ છે કે મૌલા સુબ્હાનુહૂ તઆલા તેના ગુનાહ માફ ફર્માવી દે છે ભલે તેના અમલ થોડાક હોય. કોઈ બદમઝહબને રસ્તે આવતાં જુઓ તો તમે બીજો રસ્તો અપનાવો.**

અહીં "બદ્મઝહબ" એટલે એવું નથી કે તે બાતિલ ફિર્કાવાળો હોય બલ્કે તેના અકીદામાં કાંઈક ખરાબી આવી હોય અને ગુમરાહી પર હોય, હજી કુફ્ર સુધી નથી પહોંચ્યો ! તેનાથી આ રીતે પરહેઝ કરવાનો હુકમ છે તો જેઓ ખૂદ ગુસ્તાખે નબી તથા ગુસ્તાખે વલી છે તેવા વહાબી દેવબંદી વગેરેથી તો કેટલા અંશે બચવું જોઈએ ?!

વર્તમાનકાળનો માનવી પોતાના ઈમાનની સલામતીથી જાણે બેપરવા છે અને જાન, માલની રક્ષા કાજે ખૂબ જ સાવધાન જણાય છે. એનું તાજુ દષ્ટાંત આપુ કે હમણા થોડા સમય પર જ પશ્ચિમવાસીઓ થકી "બર્ડ ફ્લૂ"નો એક હાઉ ઉભો કરવામાં આવ્યો અને વર્તમાન પત્રો તથા ટી.વી. મિડિયાએ એને

ખૂબ ચગાવ્યું તો આપણે ત્યાં લગભગ ૧૦૦% લોકોએ મરઘી ખાવાથી પરહેઝ કરી લીધો ! વર્તમાન પત્રો કે ટી.વી. પર કાંઈ આવી જાય તો તેના પર યકીન રાખનારાઓને ખૂદને ખબર છે કે એની ઘણી વાતો બોગસ હોય છે અને એ ખબરો ફાસિક કાફિરો (કે જેઓ તમારા ચાહવાવાળા પણ ન હતા) તરફથી ફેલાયેલી હતી, કોઈ મુત્તકી બાશરઅ મુસલમાનની જણાવેલી વાત ન હતી, છતાં તેના પર ચુસ્તપણે અમલ કે જેથી જાન ખતરામાં ન પડે ! પણ એ અલ્લાહ તથા રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ)નાં ફર્માનો પર જે આપણને આપણી માં કરતાંય અધિક ચાહનાર છે શું તમોને યકીન નથી કે કશાય ખચકાટ વિના વહાબી દેવબંદી વગેરે સાથે સગાઈ, સંબંધ, દોસ્તી કર્યે જાવ છો ?!

એ જ પ્રમાણે કોઈને "ડાયાબિટિશ" થયું છે અને ડોકટરે કહ્યું કે આટલી આટલી ચીજોથી પરહેઝ કરો ! તો કહેનાર ડોકટર ભલે કાફિર ફાસિક હશે પણ તેની વાત પર ચોક્કસપણે અમલ કરવામાં આવે છે. એ જ પ્રમાણે સફરમાં હોય અને કોઈ અજાણી જગાએ કોઈ કાફિર કહી આપે કે આગળ જશો તો લૂંટાઈ જવાનો તથા જાનનો ખતરો છે ! તો તેની વાત માની લઈને તેના પર અમલ કરવામાં આવે છે. તો શું અલ્લાહ વ રસૂલનાં ફર્માનો પર તમારું ઈમાન નથી ? કાફિર ફાસિકોની વાતો જેટલોય તમને તેના પર વિ□સ નથી ! કે તેમની વાતો તરત માનો છો અને અલ્લાહ વ રસૂલના ફર્માન વિરૂધ્ધ જઈને વહાબી દેવબંદીની છોકરી લાવો છો અથવા તેમને છોકરી આપીને તેમને સગા વહાલાં બનાવો છો ?!

## ★ દરેક ક્ષેત્રે કામયાબ તબકો એટલે "સહાબા" તેમની તા'લીમ કેવી છે ? ★

હદીષે પાકમાં છે : સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું કે, "મારા સહાબાઓ તારાઓની જેમ છે, તમે કોઈનું પણ અનુકરણ કરશો તો ભલાઈ પામશો." તો આવો ! એ સહાબાની જમાઅત શું કહે છે તે જુઓ :–

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, ઈબ્ને અબી ઔફ, જાબિર, અનસ ઈબ્ને માલિક, અબૂ હુરૈરહ્, ઉકબા ઈબ્ને આમિર વગેરે મહાન સહાબાએ કિરામ رَضِيَ اللهُ عَنْهُمْ (તેમના સમયમાં પોતાને મુસલમાન કહેવડાવનાર **"કદરી"** બદમઝહબોના બારામાં) પોતાની આવતી પેઢીને (ઔલાદને) સખત તાકીદ કરતા હતા કે :–

"એ લોકો (કદરીઓ)ને સલામ કરશો નહીં, તેમની બીમારીમાં ખબર લેવા ન જશો, તેમની પાછળ નમાઝ ન પઢશો અને તેઓમાંથી જે મરી જાય તેમની નમાઝે જનાઝા ન પઢશો". *(સવાનહે આ'લા હઝરતના હવાલાથી)*

## ★ હઝરત અલી كَرَّمَ اللهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم નું ખારજીઓ સાથે વર્તન ★

દરેક તે શખ્સ જે તારીખ (ઈતિહાસ) તથા સિયરથી વાકેફ છે તેની સમક્ષ સારી પેઠે રોશન છે કે શેરે ખુદા સૈયદેના હઝરત અલી كَرَّمَ اللهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم એ પોતાના સમયમાં પોતાને મુસલમાન કહેવડાવનાર બદમઝહબ ખારજીઓની નમાઝ, કુર્આનખ્વાની, રોઝા અને અન્ય ઈબાદતોનો લેહાઝ નથી રાખ્યો ! તેમની સમક્ષ મિત્રતાનો હાથ નથી લંબાવ્યો ! તેમને પોતાના દીની ઈસ્લામી ભાઈ નથી ગણાવ્યા ! તેમની સાથે મેલજોલને જાઈઝ નથી રાખ્યું ! બલ્કે તેમના ફિત્ના ફસાદ, તેમની બદમઝહબીને કારણે તેમની સાથે લડાઈ તથા જેહાદ કર્યો અને મુસલમાનોને **"અલ્લાહના માટે દોસ્તી ને અલ્લાહના**

**માટે દુશ્મની"** નો સબક આપ્યો.

## ★ બદ્‌મઝહબ સાથે ઉઠક બેઠકનું ગંભીર પરિણામ ! ★

ઘણા લોકો બદ્‌મઝહબો સાથે ઉઠક, બેઠક, દોસ્તી, હરવું, ફરવું, મામૂલી સમજે છે. પણ એમની સોહબત કેટલી ભયાનક ચીજ છે તે જોઈ લો !

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ એ શર્હુસ્સુદૂરમાં નકલ ફર્માવ્યું છે કે, એક શખ્સ રાફઝી (શિયા)ની પાસે બેસી રહેતો હતો. જ્યારે તેની સકરાતનો સમય આવ્યો ત્યારે લોકોએ રિવાજ મુજબ કલ્મએ તૈયેબહ પઢવા તલ્કીન કરી ત્યારે પેલાએ કહ્યું કે, આ બે શખ્સો (ફરિશ્તાઓ) મારી પાસે ઉભા છે કહે છે કે, તું તેમની પાસે બેસી રહેતો હતો જેઓ હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما ને બુરા કહેતા હતા, હવે એવું ઈચ્છે છે કે કલ્મો પઢે ! કદીય પઢવા નહીં દઈએ. આ પરિણામ છે બદમઝહબ પાસે બેસવાનું ! જ્યારે સિદ્દીક તથા ઉમર رضی اللہ عنہما ના બદગોઈઓ સાથે મેળમેળાપની આ ખરાબી છે તો પછી વહાબી, દેવબંદી, તબ્લીગીયાઓ સાથેના મેળમેળાપની આફત કેટલી આકરી હશે ? તેમની (શિઆઓની) બદગોઈ સહાબા સુધીની છે જ્યારે આ લોકો (વહાબી, દેવબંદી વગેરે)ની બદગોઈ અલ્લાહ અને રસૂલ સુધીની છે.'' (મઆઝલ્લાહ !)

## ★ હઝરત ઉમરની બદ્‌મઝહબોથી દૂર થવાની તાકીદ ★

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ લખે છે :–

''અમીરુલ મો'મિનીન ગૈઝુલ મુનાફિકીન, ઈમામુલ આદિલીન, સૈયેદેના ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ જ્યારે 'સુબૈગ'ને જેના પર આયાતે મુતશાબેહાતની બહષમાં બદમઝહબીનો અંદેશો પામ્યો તો ખૂબ પીટાઈ પછી તૌબા કરાવી અને અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ને ફર્માન મોકલ્યું કે, મુસલમાન તેમની પાસે ન બેસે, તેની સાથે ખરીદ, વેચાણ ન કરે, બીમાર પડે તો ખબર લેવા ન જાય અને મરી જાય તો તેના જનાઝામાં હાજર ન થાય.

હઝરત ઉમરના મજબૂત ફર્માન પર અમલ કરતાં એક મુદ્દત સુધી એ હાલ રહ્યો કે, **જો સો માણસો બેઠેલા હોય અને તે આવતો તો સૌ વિખેરાઈ જતા !** જ્યારે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ અર્ઝ મોકલી કે હવે તેની હાલત સારી થઈ ગઈ છે ત્યારે ઈજાઝત ફર્માવી. *(ફતાવાએ રિઝવિય્યહ્, પેજ–૨૧૩)*

જુઓ ! 'સુબૈગ' કેવળ આયતે મુતશાબેહાત એટલે કે **અલિફ લામ મીમ** તથા **હા મીમ** અને **વજહુલ્લાહિ તથા યદુલ્લાહિ**ના વિશે બહષ કર્યા કરતો હતો, તે મુર્તદ ન હતો બલ્કે તેના પર તો કેવળ બદમઝહબીની દહેશત હતી, પણ તેમ છતાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ તૌબા પછી પણ તેનો સખત બોયકોટ કરાવ્યો જ્યાં સુધી કે ઈત્મિનાન ન થઈ ગયું.

તે ઈમાનવાળા સહાબીઓ, તાબઈનો હતા કે સુબૈગ આવે તો સૌ માણસકો એકત્ર થયેલા વિખેરાઈ જાય અને આ ઈમાનના કેવા દાવેદારો છે કે ગુસ્તાખે રસૂલને સગો બનાવે ! સુબૈગ પર તો કેવળ શંકા હતી કે બદમઝહબ લાગે છે ! જ્યારે વહાબી, દેવબંદી વગેરે તો રસૂલ ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગુસ્તાખી

કરીને 'બદતરીન મુર્તદ' બની ચૂકયા છે, **તેમની સાથે તો મેળ મેળાપ, સગાઈની કલ્પના પણ આવવી ન જોઈએ !**

### ★ વહાબી દેવબંદી સાથે નિકાહનું ભયાનક પરિણામ ! ★

એક પ્રશ્નના જવાબમાં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ કાફિરોના પ્રકારો વર્તન કરતાં છેલ્લે લખે છે કે,

''મુર્તદ મુનાફિક તે કે જે ઈસ્લામનો કલમો હાલમાં પણ પઢે છે, પોતે પોતાની જાતને મુસલમાન કહે છે અને છતાં અલ્લાહ عزوجل અથવા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અથવા કોઈ નબીની તૌહીન કરે અથવા જરૂરિયાતે દીનમાંથી કોઈ ચીજનો મુન્કિર છે જેમ કે વર્તમાન સમયના **વહાબી, રાફઝી, કાદયાની, નેચરી, ચકળાલવી, જૂઠા સૂફીઓ કે જેઓ શરીઅતની મઝાક ઉડાવે છે,** તેમનો હુકમ એ છે કે તેઓ દુનિયામાં સૌથી બદતર મુર્તદ છે, તેમનો નિકાહ કોઈ મુસ્લિમ, કાફિર, મુર્તદ તેના હમ મઝહબ, મતલબ કે ઈન્સાન, હયવાન કોઈની સાથે નથી થઈ શકતો ! જેની સાથે થશે તે કેવળ ઝિના (વ્યભિચાર) થશે (ભલે) મુર્તદ સ્ત્રી હોય કે પુરૂષ. મુર્તદો (દીનથી ફરી જનારાઓ)માં સૌથી બદતર મુર્તદ મુનાફિક છે. આ તે જ છે કે **જેની સોહબત હજાર કાફિરોની સોહબતથી અધિક નુકસાનકારક છે** કેમ કે તેઓ મુસલમાન બનીને કુફ્ર શીખવાડે છે. ખાસ કરીને વહાબીઓ, દેવબંદીઓ કે પોતે પોતાને ખાસ અહલે સુન્નત કહે છે, હનફી બને છે, ચિશ્તી, નકશબંદી (પણ) બને છે, નમાઝ, રોઝા આપણી જેમ કરે છે, આપણી કિતાબો પઢે પઢાવે છે અને અલ્લાહ વ રસૂલને ગાળો આપે છે. એ સૌથી બદતર કાતિલ ઝહેર છે. હોશિયાર ! ખબરદાર ! મુસલમાનો તમારો દીન બચાવો ! *(ફતાવાએ રિઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૫૫)*

વહાબી, દેવબંદી સાથે જે પરણશે તેના નિકાહ થશે જ નહીં છતાં તેને ઘરમાં રાખી કે તેના ઘરમાં રહીને જીવનભર વ્યભિચાર જેવો ખતરનાક ગુનો કશાય ડર વગર કરાતો રહેશે અને હરામની ઔલાદ પેદા થતી જશે. વળી, આ મહાન ઝિનાખોરીનો ગુનોહ તો ચાલુ જ રહેશે. ઉપરાંત ઈમાન ખતરાની અણી પર રહેશે કે જતા દહાડે તેના જેવો બદમઝહબ કયારે કરી નાખે અને કાયમી જહન્નમ મળે તે નફામાં ! (અલ્લાહની પનાહ) **આવા નિકાહોમાં સાથ દેનારા, હાજરી આપનારા, ગવાહ બનનારા "ઝિનાના દલાલ'' થશે.**

### ★ કેવળ વાતોનાં વડાં કરવાથી સુન્નિયતને કોઈ લાભ નથી ! ★

કેટલાક સુન્નિયતના હમદર્દ ભાઈઓ મારી સાથે ફોન પર તથા રૂબરૂમાં ઘણી વાર વાતો કરતા હોય છે કે સુન્નિયતને મજબૂત કરવા આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ વગેરે....પણ તેમનાં જ ભાઈ બહેનોને દેવબંદીમાં પરણાવ્યાં ત્યારે તેમને વિચાર ન આવ્યો કે હું આ શું કરી રહ્યો છું ? માનો કે પહેલાં તો અજાણતામાં ફસાયા હશે પણ એમનાથી હજીય બદ્અકીદા સગાં છૂટતાં નથી ! તેમનાથી સર્વ મહોબ્બત ભર્યા વહેવારો ચાલુ છે, મૌત મૈયત કે શાદીમાં પ્રસંગોપાત આવન જાવન ચાલુ જ છે, દા'વતોની આપ લે ચાલુ જ છે ! એવા અસંખ્ય લોકો છે ! મારી નજરમાં આવા સુન્નિયતની ફિકર કરવાવાળાઓનું

દષ્ટાંત એ રીતનું છે જેમ કે કૂવામાં મરેલુ કૂતરું પડયું છે, ડોલે ને ડોલે પાણી તો કાઢી રહ્યા છે પણ કૂતરુ બહાર કાઢવાનું કોઈ નામ જ નથી લેતા ! તો તે કૂવો કઈ રીતે પાક થશે ? એ જ સ્થિતિ એવા મગરનાં આંસૂ સારનારાઓની છે.

હું માનું છું કે સુન્નિયતની મજબૂતી માટે અન્ય જેટલી કોશિશો લાખોનો ખરચ કરીને કરવામાં આવે છે, કોન્ફરન્સો તકરીરો, કિતાબો વગેરે.... થકી તે સર્વ કરતાં જો સર્વ સુન્નીઓ કેવળ વહાબીઓથી સંબંધ કટ કરી લે તેનો ફાયદો એ સર્વ કોશિશોથી વિશેષ હશે. અહીં તો એવું છે કે વહાબીઓથી રોજબરોજ વહેવાર વધારતા ચાલવું અને તેમના જ પ્રતિકારમાં તકરીરી તેહરીરી પ્રવૃત્તિઓ પણ ચાલુ ! તો કામયાબી મળવી અશક્ય છે.

મારી દર્દભરી અપીલ છે કે સુન્નિયતની ભલાઈ માટે સાચા દિલથી કામ કરો અને "ઈમાન" તથા "અમલ"માં મુખ્લિસ (નિખાલસ) બનો. જે પણ વાત કરવામાં આવે કરવા પૂરતી કે ચર્ચા પૂરતી નહીં પણ તેમાં તમારા દિલનો અવાજ હોય, દિલનું દર્દ સમાયેલું હોય ત્યારે જ ખુદાની બારગાહમાં પણ તેની કબૂલિયત રહેશે, નહીં તો તમે ઢોંગી પુરવાર થશો, તે પણ ક્યાં ખુદાની બારગાહમાં ! (અલ્લાહની પનાહ !)

મેં એવા પણ સુન્ની ઈમામો, હાફેઝો, ટ્રસ્ટીઓ જોયા, મોલ્વીઓ પણ જોયા, કહેવાતા લેખકો પણ જોયા, પીર બાવાઓ પણ જોયા કે મસ્જિદમાં બયાન કરે તો "સુન્નિયતનો શેર" લાગે ! અને લખવા બેસે તો પાનાંનાં પાનાં રદ્દે વહાબિયામાં ભરી દે, અને પીર બાવા વાતો કરે તો તસવ્વુફમાં બુલંદીના આસ્માને જણાય ! પણ વહાબીઓ સાથે સગાઈ સંબંધ તથા મેળ મેળાપ, શાદી વિવાહ, ઉઠક, બેઠક, દોસ્તી તથા દા'વતો ખાવા ખવડાવવામાં તેમને એકબીજાને ત્યાં હાજર જોયા તો જિગર ચિરાઈ ગયું ! જ્યારે "વાડ જ ચીભડાં ગળે" તો શું થાય ! રહબર ભટક્યા તો કૌમ ભટકી ગઈ ! જો કે આપણે આવા કહેવાતા અમુક બેઅમલ રહબરોના કૃત્યને ન જોતાં ઉલમાએ અહલે સુન્નતના મહાન ઉલમાનાં કથનોને લક્ષમાં રાખીને ગુમરાહોથી દૂર રહેવું જોઈએ, અને વહાબી દેવબંદી વગેરે ફિર્કાવાળા સાથે સગાઈ કરવી ન જોઈએ. સગાઈ સંબંધ કરતાં પહેલાં સૌ પ્રથમ "સુન્ની બરેલ્વી" છે કે નહીં તેની સ્પષ્ટતા કરીને પછી જ બીજી બાબતોની જાંચ કરવી જોઈએ. અને જો કોઈ પાછળથી ફરી જાય અને બદ્અકીદા થઈ જાય તો તેના સમક્ષ દીને હક્ક પેશ કરીને સમજાવવાની પૂરી કોશિશ કરવી જોઈએ, સર્વ કોશિશો દલીલો છતાં ન સમજે તો તેનાથી સંબંધ કટ કરવો જોઈએ. આપણે તેની સાથે ઝઘડવાની પણ જરૂરત નથી પણ **સ્પષ્ટ શબ્દોમાં ગંભીરતાથી જણાવી આપવું જોઈએ કે, "સૌ પ્રથમ સગાઈ તે ઈમાનની સગાઈ ! પછી બધી જ સગાઈ રહી શકે, નહીં તો કાંઈ જ નહીં. તમારો અને અમારો અકીદો અલગ છે જેથી હવે તમારે અમારે કોઈ સંબંધ ન રહ્યો ! તમારે હવે અમારે ત્યાં કદી આવવું નહીં."** જેનાથી તમારું તથા તમારી ઔલાદનું પણ ઈમાન સલામત રહેશે. નહીં તો જો આવન જાવન રહી તો અસંખ્ય લોકોને આપણે જોયા કે તેમની સગાઈની શરમ તેમને તે તરફ ઘસડી ગઈ અથવા ગઈ કાલનો મજબૂત સુન્ની આજે સુસ્ત જણાય રહ્યો છે ! ગઈ કાલનો સ્ટ્રોંગ મેન આજે લક્વાગ્રસ્ત જણાઈ રહ્યો છે ! અને બેહકી બેહકી વાતો કરી રહ્યો છે, તેની ઔલાદની તો ખુદા ખૈર કરે !

## ★ શિકાર કરને ચલે થે શિકાર હો ગએ ! ★

કેટલાક જાહિલો દેવબંદી વહાબીને ત્યાં છોકરાની શાદી કરે છે ઉપરથી કહે છે કે, "આપણે ત્યાં લાવીને સુન્ની બનાવી દઈશું !" પણ સૌ પ્રથમ વાત એ કે ઔલાદ મા બાપના મઝહબ પર હોય છે, એ છોકરીના અકીદા દેવબંદી જેવા ખરાબ હશે તો સૌ પ્રથમ તો નિકાહ થશે જ નહીં ! બીજું તેણી તમારા ઘરે આવ્યા બાદ શક્ય છે કે પાળવા પૂરતી સુન્ની રસમો પાળે તો શું તેને સુન્ની સમજી લેવી ?! નહીં ! જ્યાં સુધી ગુસ્તાખે રસૂલ વહાબી ફિર્કાવાળાને કાફિર ન સમજે અને આગલા અકીદાથી તૌબા ન કરે તો સુન્ની ન ગણાશે. વળી તેનો બાપ જો વહાબી દેવબંદી ગુસ્તાખે રસૂલ છે કે તેવા મોલ્વીઓને પોતાનો પેશ્વા માનનાર છે તો તેણી પોતાના બાપ વિશે કહેશે કે એ પણ કાફિર છે ! સાચા દિલથી તૌબા હોય તો શક્ય છે કે માની શકાય. પણ નિકાહ સહીહ તો સુન્ની થયા પછી જ થશે. એમાં પણ ઉલમા ફર્માવે છે કે સુન્ની થયા બાદ અમુક સમય જોવામાં આવે કે તે અડગ રહે છે કે નહીં, પછી નિકાહની છૂટ થશે. વળી સુન્ની બનતાં પહેલાં નિકાહ સહીહ ન થયા હતા અને જે હરામકારી થઈ તેનું શું ?! અને આપણા વરસોના અનુભવો છે કે જે ખરેખર બદ્અકીદા છોકરી સાથે શાદી કરે છે તે મોટા ભાગે આખા ઘરને ભ્રષ્ટ કરે છે. વળી બદ્અકીદા સગાં ઘરે આવશે તો તેમની તા'ઝીમ, દા'વત સૌ કરવું પડશે તે હરામ અને તેમના ઘરે જશે તો તેમનું ઝબહ કરેલ તથા રાંધેલ મટન ખાશે તે પણ હરામ તથા મુરદારના હુકમમાં છે, તેનું શું ?!

અને જાણી જોઈને કોઈ દુનિયાની આગમાં નથી પડતું તો પછી શા માટે એવા લોકો સાથે શાદી કરવી કે જેમાં આટલો મહાન ખતરો હોય જે ઈમાનને હણી લે કે કમજોર કરી નાખે અને જહન્નમમાં પહોંચાડી આપે ?!

એના અનુસંધાનમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ એક બોધદાયક પ્રસંગ વર્ણવ્યો છે : ઈમ્રાન ઈબ્ને હત્તાન રક્કાસી મહાન ઉલમાએ મોહદ્દિષીનમાંથી હતો. તેના કાકાની દીકરી ખારજીયા હતી. તેણીથી તેણે નિકાહ કર્યા તો ઉલ્માએ આ સાંભળી મ્હેણાં–ટોણાં શરૂ કર્યાં. ત્યારે તેણે કહ્યું, "મેં તો એટલા માટે તેણી સાથે નિકાહ કર્યા છે કે તેણીને મારા મઝહબ પર લઈ આવું. છતાં એક વર્ષ પણ ન વીત્યું હતું ત્યાં તો તે **(મુહદ્દિષ) પોતે જ ખારજી થઈ ગયો !**

જેમ દુનિયાવી કારોબારમાં કોઈ ખતરાવાળુ કામ કરતાં ખૂબ વિચારીને તેનાથી પરહેઝ કરીએ છીએ તેમ દીન ઈમાનનો સ્પષ્ટ ખતરો જણાય ત્યાં શા માટે હાથ નાખવો ?!

સારાંશ કે તેઓની સાથે શાદી વહેવાર, દોસ્તી, ઉઠક, બેઠક એ બધું ઈમાન માટે કાતિલ ઝહેર સમાન છે માટે તેનાથી દૂર રહેવું એમાં જ દીન ઈમાનની સલામતી છે. દુનિયાના માલ દૌલતની લાલચ, નેતા બનવાની લાલચ, ઈંગ્લેન્ડ, આફ્રિકા પહોંચી જવાની લાલચ વગેરેમાં ન ફસાતાં ઈમાનની ફિકર કરવી જોઈએ કેમ કે દુનિયા તો નાશવંત છે અને આખેરતની હમેશાંની જિંદગી છે ત્યાં ઈમાન જ કામ આવશે. જેથી **અતિ આજિઝીભર્યાી વિનંતિ** છે કે દીન તથા સુન્નિયતની સાચી લાગણી પેદા કરો અને સુન્નિયતને કમજોર કરી રહેલા અને વહાબિયતના ફિત્નાને ખૂબ જ સરળતાથી પ્રવેશ આપતા આ મોટા દરવાજાને બંધ કરો ! મૌલા કરીમ સૌ સુન્નીઓને સાચી સમજ આપે. (આમીન)

**[બીજા પરિબળો વિશે ચર્ચા આવતા અંકે ઈન્શાઅલ્લાહ !]**

## ★ સૂરએ બકરહ્ની તફસીર ★

قُولُوٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ
اُنْزِلَ اِلَيْنَا وَمَآ اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ
وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ
رَّبِّهِمْ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۖ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٦﴾
فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا
هُمْ فِيْ شِقَاقٍ ۚ فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٣٧﴾
صِبْغَةَ اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ۖ وَّنَحْنُ لَهٗ عٰبِدُوْنَ ﴿١٣٨﴾
قُلْ اَتُحَآجُّوْنَنَا فِي اللّٰهِ وَهُوَ رَبُّنَا وَرَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا وَ
لَكُمْ اَعْمَالُكُمْ ۚ وَنَحْنُ لَهٗ مُخْلِصُوْنَ ﴿١٣٩﴾ اَمْ تَقُوْلُوْنَ
اِنَّ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطَ
كَانُوْا هُوْدًا اَوْ نَصٰرٰى ۗ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ اللّٰهُ ۗ وَمَنْ
اَظْلَمُ مِمَّنْ كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ۗ وَمَا اللّٰهُ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُوْنَ ﴿١٤٠﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ
وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤١﴾

**તર્જુમો** : "કહી દો કે અમે ઈમાન લાવ્યા છીએ અલ્લાહ પર અને એના પર જે નાઝિલ કરવામાં આવ્યું અમારી તરફ અને જે ઉતારવામાં આવ્યું ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યા'કૂબ અને તેમની ઔલાદની તરફ અને જે અતા કરવામાં આવ્યું મૂસા તથા ઈસાને અને જે ઈનાયત કરવામાં આવ્યું અન્ય નબીઓને તેમના રબની તરફથી. અને ફરક નથી કરતા એમનામાં કોઈના પર ઈમાન લાવવામાં, અને અમે તો અલ્લાહના ફર્માંબરદાર છીએ[૧૫૯]. તો જો એઓ પણ ઈમાન લાવે જેવી રીતે તમે ઈમાન લાવ્યા છો, ત્યારે તો તેઓ હિદાયત પામશે. અને જો તેઓ મોઢું ફેરવે તો (જાણ થઈ ગઈ કે) તેઓ જ વિરોધ માટે તૈયાર છે, તો પૂરતો થઈ જશે તમને તેમના મુકાબલામાં અલ્લાહ અને તે સર્વ કાંઈ સાંભળનાર સર્વ કાંઈ જાણનાર છે. (અમારા પર) અલ્લાહનો રંગ (ચઢયો છે) અને કોનો રંગ ખૂબસૂરત છે અલ્લાહના રંગથી[૧૬૦] અને તેના ઈબાદતગુઝાર છીએ. તમે ફર્માવો ! શું તમે ઝઘડો છો અમારી સાથે અલ્લાહની બારામાં જો કે તે અમારો પણ માલિક છે અને તમારો પણ માલિક. અને અમને અમારા અમલો અને તમને તમારા અમલો ફાયદો પહોંચાડશે, અમે તેની જ ઈખ્લાસથી ઈબાદત કરીએ છીએ. શું તમે કહો છો કે ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યા'કૂબ તથા તેમના પુત્રો યહૂદી હતા કે ઈસાઈ ? ફર્માવો, શું તમો વધુ જાણો છો કે અલ્લાહ ?! કોણ વધારે જાલિમ છે એનાથી જે છુપાવે છે ગવાહી જે અલ્લાહના તરફથી એની પાસે છે અને અલ્લાહ બેખબર નથી જે

તમે કરી રહ્યા છો. તે એક ઉમ્મત હતી જે ગુજરી ચૂકી તેને મળશે જે તેણે કમાયું અને તમને મળશે જે તમે કમાયા. અને તમને ન પૂછવામાં આવશે એમાંથી જે તેઓ કર્યા કરતા હતા.

## તફસીર

**૧૫૯.** યહૂદી તથા ઈસાઈની સંકૂચિત દષ્ટિ તથા પૂર્વગ્રહના વર્ણન પછી હવે મુસલમાનોને તા'લીમ આપવામાં આવી રહી છે કે તમે આ સંકૂચિત દષ્ટિનો શિકાર ન બનશો બલ્કે તમારી પ્રવૃત્તિ એ હોવી જોઈએ કે એ સર્વ કિતાબો પર ઈમાન લાવો જે અલ્લાહ તઆલાએ નાઝિલ ફર્માવી, તમામ તે અંબિયાનું સમર્થન કરો જેમને અલ્લાહ તઆલાએ મોકલ્યા, ભલે એ કિતાબોને માનવાનો દાવો કરવાવાળા તમારા કુર્આનને ન માને અને તે અંબિયાની ઉમ્મત કહેવડાવનારા તમારા નબી મુકર્રમ પર ઈમાન ન લાવે, બલ્કે વિવિધ પ્રકારની શરારતોથી ઈજા પહોંચાડે, તો પણ તમારો વર્તાવ એવો જ હોવો જોઈએ, કેમ કે તમે ખુદાના બંદા અને તેના હુકમની સમક્ષ માથુ ઝુકાવી ચૂકેલા છો.

**૧૬૦.** યહૂદીની રસમ હતી કે જ્યારે કોઈ તેમના દીનમાં દાખલ થતો તો તેને રંગીન પાણી વડે ગુસ્લ આપતા. પછી ઈસાઈઓએ પણ એને અપનાવી લીધું. અને જ્યારે કોઈ બાળક પેદા થતું તો પીળા રંગના પાણી વડે તેને નવડાવતા. (જેને ઈસ્તેબાગ અથવા બપતસ્મા કહેવામાં આવે છે) અને પછી એવું સમજતા કે હવે એના પર યહૂદિયત કે ઈસાઈયતનો રંગ ચઢી ગયો છે. કુર્આન ફર્માવે છે કે રંગ ચઢાવવો છે તો અલ્લાહનો રંગ ચઢાવો જે ન પાણીથી ધોવાઈ ન તડકાથી ઉડે અને ન સમય પસાર થતાં ફીકો પડે. ભલા આ પાયા વગરનો રંગ પણ કોઈ રંગ છે જેના પર તમે ઘમંડ કરી રહ્યા છો! અલ્લાહનો રંગ એ જ ખાલિસ તૌહીદનો રંગ છે જેનો ચઢાવનાર સૈયદે ઈન્સોજાં મુહમ્મદ મુસ્તફા ﷺ છે.

પેજ નં. ૨૨નું પર...

**બેઅદબી અને ગુનોહ બને, તો પછી શોર કરવો, બૂમો પાડવી, ગાળો બોલવું કેટલી મહાન ગુસ્તાખી હશે ? આ તૌહીન તે આલિમે દીનની તૌહીન નથી જે તે સમયે વાઅઝ કરે છે, બલ્કે હકીકતમાં દીને ઈસ્લામ અને ખૂદ આપણા આકા ﷺની તૌહીન બનશે.** કેમ કે વાએઝની ગાદી (મસ્નદ) હકીકતમાં હુઝૂર ﷺની મસ્નદ (ગાદી) છે. અલ્લાહ ﷻ ફર્માવે છે :–

**તર્જુમો** : "હે નબી ! અમે તમોને મોકલ્યા ખુશ ખબર આપતા અને ડર સંભળાવતા અને અલ્લાહ ﷻ ના હુકમથી તેના તરફ બોલાવતા અને પ્રકાશ ફેલાવવાવાળા સૂર્ય."

નેકીઓ ઉપર ખુશ ખબર આપતા બુરાઈઓ ઉપર ડર સંભળાવતા અલ્લાહ ﷻ તરફ શરીઅત પ્રમાણે બોલાવતા. આ જ વાએઝનો મતલબ છે. અને આ આયતે કરીમા : **તર્જુમો** :"લોકોને નસીહત કરો ! કેમ કે નસીહત ઈમાનવાળાઓને ફાયદો પહોંચાડે છે." આ આયતમાં હકીકતમાં મુખાતબ (જેમને સંબોધન થયું તે) હુઝૂર ﷺ છે. આ કાર્ય દીનના આલિમ હુઝૂર ﷺ ની વારસાથી કરે છે. હુઝૂર નબી પાક ﷺ ફર્માવે છે : "નિઃશંક ! આલિમો અંબિયા عليهم السلامના વારિષ છે." અને નાયબ માટે નાયબપણાની ગાદી ઉપર હોય ત્યારે આ દરબારની તૌહીન હકીકતમાં બાદશાહની તૌહીન છે. દરેક અક્લમંદ જાણે છે કે અગર કોઈ વ્યક્તિ મામૂલી દરજાના જલ્સામાં બૂમો પાડે, ગાળો બોલે તો આ (કાર્ય) માત્ર આ મામૂલી દરજાના જલ્સાની જ તૌહીન નથી, બલ્કે હકીકતમાં બાદશાહની તૌહીન છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૪, પેજ–૧૬૮થી ૧૭૨ સુધી)*

—રજૂકર્તા : ***જનાબ મૌલાના નિઝામુદીન મિસ્બાહી કુરયનવી (બોલ્ટન, યુ.કે.)***

(દર્સે હદીષે પાક)

મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૦ ★

હઝરત ઈબ્ને મસઊદ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, તમારામાં એવું કોઈ નથી જેના પર એક સાથી જિન (શૈતાન) અને એક સાથી ફરિશ્તો નિયુક્ત ન હોય[૧]. લોકોએ પૂછયું, યા રસૂલલ્લાહ ! આપના ઉપર પણ ? ફર્માવ્યું, મારા ઉપર પણ[૨]. પરંતુ રબે મને એના પર મદદ આપી જેનાથી તે મુસલમાન થઈ ગયો, હવે તે મને ભલાઈનો જ મશ્વરો આપે છે[૩]. હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું નબી પાક ﷺ એ કે, શૈતાન ઈન્સાનના લોહીના ઠેકાણાઓમાં ભ્રમણ કરે છે[૪].

## ★ સમજૂતી ★

**૧.** એટલે કે દરેક આકિલ, બાલિગ (પુખ્ત તથા બુદ્ધિવાળા) માણસની સાથે વસવસો નાખવા માટે એક શૈતાન અને ઈલ્હામ (દિલમાં વાત નાખવા) માટે એક ફરિશ્તો દરેક સમયે રહે છે. મિર્કાત તથા અશઅતુલ લમ્આતમાં છે કે જ્યારે કોઈ માણસનું બાળક પેદા થાય છે તો તેની સાથે જ ઈબ્લીસને એક શૈતાન પેદા થાય છે જેને ફારસીમાં 'હમઝાદ' અરબીમાં 'વસાવિસ' કહે છે. જાહેર એ છે કે ઈબ્લીસને દરેક ક્ષણે સેંકડો બાળકો માણસની ઔલાદની સંખ્યા પ્રમાણે થતાં રહે છે. જેમ કે માછલી, નાગણ સાપ એક જ સમયે હજારો હજાર ઈંડાં આપે છે. શૈતાની જંતુઓ દરેક પળે બાળકો આપતાં રહે છે.

**૨.** એક ફરિશ્તો હલમ નિયુક્ત છે અને એક શૈતાન.

**૩.** જાહેર એ છે કે અહીં ઈસ્લામથી મુરાદ ઈમાન જ છે ન કે ઈતાઅત (આજ્ઞાપાલન). અને આ હુઝૂર ﷺ ની ઉચ્ચકક્ષાની વિશિષ્ટતા છે કે આપનો શૈતાન જેની પ્રકૃતિ (ફિતરત)માં કુફ્ર સામેલ છે તે પણ ઈમાન લઈ આવ્યો. જાણવા મળ્યું કે નિગાહે કરમથી ફિતરતો બદલાઈ જાય છે. મિર્કાતમાં છે કે હામા ઈબ્ને ઈબ્લીસે હુઝૂર ﷺ ની ખિદમતમાં અર્ઝ કરી કે હાબીલના ખૂન વખતે હું મૌજૂદ હતો, સર્વ અંબિયાની સાથે રહ્યો છું. તમે મને કાંઈક કુર્આન શીખવાડો. આપે તેને સૂરએ વાકિઅહ, મુરસલાત, નબાર, ઈખ્લાસ, ફલક અને નાસ શીખવાડી. જિન્નાતનું હુઝૂર પર ઈમાન લાવવું તો કુર્આનની સૂરએ જિનમાં વર્ણન થયેલ છે જ્યારે કે સર્વ જિન્નાતો ઈબ્લીસની ઔલાદ છે. રબ ફર્માવે છે : كَانَ مِنَ الْجِنِّ فَفَسَقَ عَنْ اَمْرِ رَبِّهٖ જે થી ચકળાલ્વી આ હદીષ પર વાંધો નથી ઉઠાવી શકતા.

**૪.** ક્યાં તો ખૂદ ઈબ્લીસ અને સાથે શૈતાન કેમ કે તે આગથી બનેલો છે એટલા માટે વિના સંકોચે માણસની રગો તથા નસોમાં પ્રવેશ કરી જાય છે અને ફરે છે, અથવા તેના વસવસા તથા ખયાલો. જાણવા મળ્યું કે કોઈ શખ્સ અલ્લાહના ફઝ્લ વિના શૈતાનથી નથી બચી શકતો.

### વાળોના પ્રદર્શનનો અંજામ !

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضي الله عنهما પોતાની કિતાબ "અલ અસરાઉલ મેઅરાજ"માં લખે છે : જયારે મેઅરાજની રાતે હુઝૂર અકરમ ﷺ એ વાળોથી લટકેલી સ્ત્રીઓ જોઈ જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં. તો આપે જિબ્રઈલ عليه السلام થી પૂછયું, આ કોણ છે ? તો તેમણે કહ્યું, આ બેપર્દા સ્ત્રીઓ છે જે ગૈર સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરતી હતી. (હિજાઝ જદીદ, ફેબ્રુ. ૧૯૯૨) *–રજૂ. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી,* ***મૌલાના અબ્દુલગની રાજેભાઈ,*** *હિંમતનગર)*

شفاء شريف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ : ૧૦)

## માનવીય ઉત્તમ સંસ્કારો અને શિષ્ટાચારની ફઝીલત (મહત્તા)

જો કોઈ મનુષ્ય ઉત્તમ સંસ્કારમાંથી કોઈ એક ગુણના સાથે શણગાર પામેલ હોય તો તમામ બુદ્ધિશાળી તેની મહત્તા પર એકમતિ કરે છે અને બધા તેને ઈજ્જતની નજરે નિહાળે છે. અને તે શખ્સની તો વાત જ શું છે કે જેના સંસ્કારમાં ઘણા જ ગુણો મૌજૂદ હોય. શરીઅતે મુતહહરા (પવિત્ર)એ પણ આવા તમામ શખ્સોની પ્રશંસા કરી છે અને આવી આદતો ધારણ કરવાનો હુકમ આપ્યો છે. અને જે તમામ સદ્‌ગુણો ધરાવનાર હોય તેમના માટે અવિનાશી ખુશનસીબીની ખુશખબરી સંભળાવી છે. એથી વધીને નેક આદતોને તો નબુવ્વતની નિશાનીઓ ઠરાવી છે જેને હુસ્ને અખ્લાક (સુસંસ્કાર)ના નામથી નામકરણ કરવામાં આવે છે અને તે નામ છે...... તાકાતવર અને ગુણોમાં સંતુલન અને મધ્યમ માર્ગનું, અને તે નામ છે આવા મધ્યમાર્ગી રસ્તાઓનું જેમાં અધિકતા અથવા ઘટાડો ન થાય.

ઉપરોક્ત સમગ્ર ગુણો ફખ્રે દો આલમ ﷺના સુસંસ્કારના ભાગ છે. આપ કાબેલિયતમાં તેની અંતિમ હદ સુધી પહોંચેલ હતા અને આ પરાકાષ્ઠાને ધ્યાનમાં રાખતાં ખરેખર તેઓ સંતુલન પર હતા, તે માટે અલ્લાહ જલ્લ મુજદહૂએ ખુલૂકે મુહમ્મદી ﷺ ના વિશે ફર્માવ્યું છે :–

اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ **"બેશક ! તમારા સંસ્કાર (આદતો) અતિ ઉચ્ચ છે."** *(સૂરએ કલમ, આયત–૪)*

### ★ હુઝૂરના સંસ્કાર (અખ્લાક) કુર્આનમાં ★

હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, كَانَ خُلُقُهُ الْقُرْآن એટલે નબી કરીમ ﷺના અખ્લાક કુર્આન છે. આપની રઝામંદી તથા નારાજગી અલ્લાહ તઆલાની રઝામંદી તથા નારાજગીની સાથે હતી. ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું છે કે, **"મને ઉચ્ચ સદ્‌ગુણોની પૂર્ણતા માટે મોકલવામાં આવ્યો છે."**

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, આપની આદતો તમામ લોકોથી સારી હતી. સંશોધક ઉલમા ફર્માવે છે કે, નબીયે અકરમ નૂરે મુજસ્સમ ફખ્રે દો આલમ ﷺને ઉત્તમ અને સુસંસ્કારોના ઘરેણા વડે જન્મજાતથી જ શણગારવામાં આવ્યા હતા. આ સમગ્ર ગુણો આપની મૂળ પ્રકૃતિનો ભાગ હતો જેમાં કોશિશની કોઈ દખલ નથી. આ અનવારે ઈલાહીની ખાસ વર્ષા છે જેનાથી સમગ્ર અંબિયાએ કિરામને નવાઝવામાં આવ્યા. જે કોઈ પણ આ હઝરાતના બાળપણથી આગમન સુધીની હાલતનું અધ્યયન કરે તેના સમક્ષ ઉપરોક્ત હકીકત દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ થઈ જશે અને આ સિલસિલામાં કોઈપણ પ્રકારનો શક કે સંદેહ બાકી નહીં રહે.

### ★ અંબિયાએ કિરામના ઉચ્ચ સંસ્કારો ★

હઝરત ઈસા, હઝરત મૂસા, હઝરત યહ્યા અને હઝરત સુલૈમાન علیہم السلام વગેરે અંબિયાએ કિરામના હાલાતથી સંપૂર્ણ સ્પષ્ટ છે કે, આ કમાલાત

(ગુણો) તેમની પ્રકૃતિમાં સામેલ હતા અને ઈલ્મ અને હિકમતને તે હઝરાતની પ્રકૃતિમાં અમાનત કરી દીધી હતી. એ માટે અલ્લાહનો ઈર્શાદ છે : وَاٰتَيْنَاهُ الْحُكْمَ صَبِيًّا "અને અમે એને બાળપણમાં જ નબુવ્વત આપી." *(સૂરએ મરયમ, આયત–૧૨)*

તફસીરકારોએ તેની તફસીરમાં લખ્યું છે કે, અલ્લાહ તઆલાએ હઝરત યહ્યા عليه السلامને બાળપણમાં જ પોતાની કિતાબનું ઈલ્મ અર્પણ કર્યું હતું. મુઅમ્મર رحمة الله عليهનું કથન છે કે, જ્યારે સૈયદુલ અંબિયા બે અથવા ત્રણ વર્ષના હતા ત્યારે બાળકોએ ફરિયાદ કરી કે આપ અમારા સાથે કેમ રમતા નથી ? આપે જવાબ આપ્યો, શું મને રમત રમવા માટે પૈદા કરવામાં આવ્યો છે ? તફસીરના વિદ્વાનોએ અલ્લાહનો ઈર્શાદ : مُصَدِّقًا بِكَلِمَةٍ مِّنَ اللهِની તફસીરમાં લખ્યું છે કે, હઝરત યહ્યા عليه السلامએ હઝરત ઈસા عليه السلامની તસ્દીક તે વખતે કરી હતી કે, જ્યારે કે તેઓ કેવળ ત્રણ વર્ષના હતા અને તે વખતે એ પણ સાક્ષી આપી હતી કે, આ કલિમતુલ્લાહ અને રૂહુલ્લાહ છે. કેટલાકનું કથન છે કે, આપે તે સમયે આ તસ્દીક કરી હતી જ્યારે હજી માં ના પેટમાં હતા. હઝરત યહ્યા عليه السلامનાં વાલિદા સહાબાએ હઝરત મરયમ عليها السلامથી કહ્યું હતું કે, મને એવો અનુભવ થાય છે કે, મારા પેટમાં તે આ બાળકને સજદા (તા'ઝીમી) કરી રહ્યો છે જે તમારા મુબારક પેટમાં છે.

હઝરત ઈસા عليه السلامએ પોતાની પૈદાઈશના સમયે પોતાની વાલિદા માજિદાથી વાતચીત કરી હતી અને તેના પર અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો હતો. **લા તહઝની** એક કિરાઅતમાં **મન તહતહા** છે અને એ કૌમ પર કે આ અવાજ (નિદા) ખૂદ હઝરત ઈસા عليه السلامએ આપ્યો હતો અને પારણામાં હઝરત ઈસા عليه السلامની વાતચીત કરવા વિશે તો આ સ્પષ્ટ આદેશ છે જે કુર્આનમાં છે :–

قَالَ اِنِّىْ عَبْدُاللهِ اٰتَانِىَ الْكِتَابَ وَ جَعَلَنِىْ نَبِيًّا

"બાળક બોલ્યું, હું અલ્લાહનો બંદો છું. તેણે મને કિતાબ આપી અને મને ગૈબની ખબરો આપનાર નબી બનાવ્યો." *(સૂરએ મરયમ, આયત–૩૦)* અને હઝરત સુલૈમાન عليه السلامના વિશે આ અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

فَفَهَّمْنَا هَا سُلَيْمَانَ وَكُلًّا اٰتَيْنَا حُكْمًا وَّعِلْمًا

"અમે તે મામલો સુલૈમાનને સમજાવી આપ્યો અને બંનેને સત્તા તેમજ જ્ઞાન આપ્યું." *(સૂરએ અંબિયા, આયત–૭૯)*

મરજુમાના અને સબીના કિસ્સામાં હઝરત સુલૈમાન عليه السلامના તે હુકમની ચર્ચા છે જેને તેમના વાલિદ મુહતરમ હઝરત દાઊદ عليه السلامએ સ્વીકારી હતી. ઈમામ તબરી رحمة الله عليه (વફાત હિ.સ. ૩૧૦)એ ચર્ચા કરી છે કે, જ્યારે હઝરત સુલૈમાન عليه السلامને મુલ્ક અર્પણ કર્યો ત્યારે તેમની ઉમ્ર બાર વર્ષની હતી. આના જેવો હઝરત મૂસા عليه السلامનો બનાવ છે જ્યારે તેમણે ફિરઓનની દાઢી ખેંચી હતી.

## નીચી નજર રસ્તાનો હક્ક છે

સામાન્યતઃ લોકો રસ્તાઓ, ચોરાઓ પર બેઠેલા રહે છે. હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે : "રસ્તાઓ પર બેસવાથી પરહેઝ કરો!" લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ મજલિસોથી કેવી રીતે બચી શકીએ ! ત્યાં અમે આપસમાં વાતચીત કરીએ છીએ. આપે ફર્માવ્યું, જ્યારે બેસવું જરૂરી જ હોય તો રસ્તાનો હક્ક અદા કરો. લોકોએ અર્ઝ કરી, રસ્તાનો હક્ક શું છે ? આપે ફર્માવ્યું, નજરો નીચી રાખવી, તકલીફ આપનારી ચીજો હટાવવી અને સલામનો જવાબ આપવો. *(સહીહ બુખારી શરીફ, ૨/૯૨૦)* ★ સહીહ મુસ્લિમ શરીફમાં અબૂ હુરૈરહ رضي الله عنهની રિવાયત છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, (નામેહરમને) જોવું આંખોનો ઝિના છે (બિભત્સ) સાંભળવું કાનોનો ઝિના છે અને (બુરી) વાતચીત જીભનો ઝિના છે. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૦)* ★ હુકમાનો કૌલ છે કે જેણે પોતાની નજરોને આવારા છોડી દીધી તેણે અત્યંત શિર્મિંદગી ઉઠાવી. આ આઝાદ નિગાહ ઈન્સાનને બેનકાબ કરી દે છે, અને બેઈજ્જત કરે છે અને જહન્નમમાં લાંબી મુદ્દત સુધી રહેવું વાજિબ કરી દે છે. પોતાની નજરની હિફાઝત કરો. *(મકાશિફતુલ કુલૂબ, પેજ–૧૯૬)*

*–રજૂ. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, **મૌલાના અબ્દુલગની** રાજેભાઈ, હિમંતનગર)*




## વાજિંત્રો સાથે કવ્વાલી (સમાઅ) કોઈ સિલસિલામાં જાઈઝ નથી !

વાજિંત્રો સાથે કવ્વાલી તથા સમઅ નાજાઈઝ હોવા વિશે મે–૨૦૦૬ના બરકાતે ખ્વાજા (માસિક)નો તંત્રી લેખ વાંચ્યા પછી ઘણા હક્ક સ્વીકારી લેનારા ભાઈઓની ગલતફહમીઓ તો દૂર થઈ ગઈ છતાં કેટલીક હઠધર્મીમાં પડેલી વ્યક્તિઓમાંથી એક જણે ગૈર શરઈ દલીલ રજૂ કરી કે અમુક સિલસિલામાં વાજિંત્રો સાથે કવ્વાલી જાઈઝ છે..... વગેરે, તો તેના ખુલાસા માટે નીચે પ્રશ્ન તથા ઉલમાનો જવાબ રજૂ કરીએ છીએ. મૌલા તઆલા દરેકને શરીઅતનો હુકમ સ્વીકારવાની તથા અંધી અકીદતથી બચવાની તૌફીક આપે. (આમીન)

**સવાલ** : શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે : ઝૈદ કહે છે કે, "વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તી તથા અશ્રફી સિલસિલામાં કરવી તથા સાંભળવી જાઈઝ છે અને આ સિલસિલાઓના મહાન મહાન બુઝુર્ગો પણ સાંભળતા હતા." તો સવાલ એ છે કે શું શરીઅતમાં વાજિંત્રો સાથે કવ્વાલી સાંભળવી કોઈ સિલસિલામાં જાઈઝ છે ? શું સર્વ સિલસિલાઓની શરીઅત અલગ અલગ છે ? જો નથી ! તો આવું કહેનાર પર શું હુકમ લાગુ પડે છે ? અને બુઝુર્ગો પર ઈલ્ઝામ લગાડવો કેવો ?

[**પ્રશ્નકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]

### ★ જવાબ : ૧ ★

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْم

**વાજિંત્રો સાથે કવ્વાલી કોઈ સિલસિલામાં જાઈઝ નથી.** એવું કહેવું કે ચિશ્તી તથા અશ્રફી સિલસિલામાં જાઈઝ છે એ **ગલત** તથા **ધડ માથા વિનાની વાત છે.** ખૂદ ચિશ્તી મશાઈખે તેના નાજાઈઝ તથા હરામ હોવાની સ્પષ્ટતા કરેલી છે. "ફવાઈદુલ ફવાદ શરીફ"માં હુઝૂર મહબૂબે ઈલાહી ફર્માવે છે : **"મઝામીર હરામ અસ્ત."** ગાવા વગાડવાના વાજિંત્રોનો ઉપયોગ કરવો હરામ છે. *(ફતાવા રઝવિય્યહ બહવાલા ફવાઈદુલ ફવાદ, ભાગ–૨૪, પેજ–૧૧૬)* તેમજ હુઝૂર મહબૂબે ઈલાહી رضي الله عنه ના ખલીફા અને હુઝૂર ગંજે શકર સૈયદી મુહમ્મદ ઈબ્ને મુબારક رضوان الله تعالیٰ علیهم اجمعین ના મુરીદ "સયરુલ અવલિયા"માં ફર્માવે છે : (ફારસીનો અર્થ) એક ખાદિમે સુલ્તાનુલ મશાઈખની બારગાહમાં અર્ઝ કરી કે એ દિવસોમાં આસ્તાનાના અમુક દુરવેશોએ તે મજલિસ તથા મેહફિલમાં નાચ કર્યો છે જ્યાં સમાઅના સાધનો ચુંગ તથા રુબાબ તથા સારંગી તથા અન્ય વાજિંત્રો હતાં. તો ઈર્શાદ ફર્માવ્યો, **"તેમણે સારું નથી કર્યું કેમ કે જે કામ નાજાઈઝ છે તે પસંદીદા નથી થઈ શક્તું."** ત્યારબાદ એક જણ કહેવા લાગ્યો કે જ્યારે એ લોકો આ હાલતથી ફારિગ થયા તો લોકોએ તેમને પૂછયું કે આ તમે શું કર્યું ?! એ મેહફિલમાં તો વાજિંત્રો પણ હતાં પછી તમે કવ્વાલી પણ સાંભળી અને નાચતા પણ રહ્યા ! તેઓએ જવાબ આપ્યો કે અમે સમાઅમાં એટલા પ્રમાણમાં ડૂબી ગયેલા હતા કે અમને જાણ પણ ન થઈ કે વાજિંત્રો પણ છે કે નથી ! એના પર સુલ્તાનુલ મશાઈખે ફર્માવ્યું કે, આ કોઈ યોગ્ય જવાબ નથી, એટલા માટે કે **આવું બહાનું તો તમામ ગુનાહોમાં પડનારા કરી શકે છે.** *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૪, પેજ–૧૧૭, ૧૧૮, બહવાલા સયરુલ અવલિયા, પેજ–૫૩૦, ૫૩૧)*

**જેથી કહેનાર ઝૈદ ચિશ્તી તથા અશ્રફી બુઝુર્ગો પર તોહમત રાખી રહ્યો છે** અને એની સજા **'તઅઝીર'** છે, પરંતુ ઈસ્લામી હુકૂમત ન હોવાને કારણે એને લાગુ પાડવું શક્ય નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** (મુફતી) મહમૂદ અલી મુશાહિદી મિસ્બાહી (ખાદિમુત્તદરીસ વ ઈફતા, દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર, તા. હિજરી ૦૧–૫–૧૪૨૭)

**અલ્જવાબ સહીહ :** (મુફતી) આલે મુસ્તફા કાદરી, ૧–જમા. અવ્વલ, હિ.સ. ૧૪૨૭

## ★ જવાબ : ૨ ★

**કવ્વાલી વાજિંત્રો સાથે મુત્લકન (સદંતર) હરામ છે.** ચિશ્તી તથા અશરફી સિલસિલામાં જાઈઝ વિશે ઝૈદનું કથન **બાતિલ** તથા **મરદૂદ** છે, કેમ કે **ખૂદ વાજિંત્રો મુન્કર તથા હરામ છે.** એના સંબંધે હદીષો તવાતૂરની હદે પહોંચેલી છે. સહીહ બુખારી શરીફની હદીષ છે, ગયબદાં રસૂલ ﷺ ફર્માવે છે : "જરૂર મારી ઉમ્મતમાં કેટલાક લોકો એવા થનારા છે કે સ્ત્રીની શર્મગાહને હલાલ ઠરાવશે એટલે કે ઝિના. અને રેશમી કપડાં અને શરાબ અને **વાજિંત્રોને હલાલ ઠરાવશે.**" મહાન ચિશ્તી તથા અશરફી બુઝુર્ગો કુદેસત અસ્રારહુમની પ્રતિ **વાજિંત્રો સાથે કવ્વાલીની નિસ્બત તદ્દન જૂઠ તથા બોહતાન** છે. **એવો દાવો કરનાર તથા કહેનાર બેઅકલ, જાહિલ આક્ષેપકર્તા તથા આખેરતના અંજામથી ગાફેલ છે.**

હુઝૂર બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ ના મુરીદ અને હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયાના ખલીફા મુહમ્મદ ઈબ્ને મુબારક ઈબ્ને મુહમ્મદ અલ્વી કિરમાની "સયરુલ ઔલિયા"માં ફર્માવે છે : **(અર્થ)** "હઝરત સલ્તાનુલ મશાઈખ ફર્માવે છે કે **મેં મના ફર્માવી દીધું છે કે વાજિંત્રો તથા હરામ ચીજો સમાઅમાં ન હોય."** હઝરત ફખ્રુદ્દીન ઝરદારી ખલીફાએ હુઝૂર મહબૂબે ઈલાહીએ 'કશ્ફુલ કનાઅ અન ઉસૂલિસ્સિમાઅ'માં તેનો ખુલાસો આપ્યો છે કે, **"વાજાંઓ સાથે કવ્વાલી સાંભળવી એ અમારા મશાઈખે કિરામ પર તોહમત છે."** ખૂદ હુઝૂર મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયાના મલ્ફૂઝાત શરીફ "ફવાઈદુલ ફવાદ શરીફ"માં છે : **મઝામીર હરામ અસ્ત. વાજિંત્રો હરામ છે.** *(ટૂંકાવીને, ફતાવા રઝવિય્યહ, ભાગ–૯)*

તરીકતના સર્વ સિલસિલાઓનું ઉગમસ્થાન (કેન્દ્ર) તથા છેડો એક જ છે અને તે શરીઅતે મુહમ્મદિયહ્ ﷺ બલ્કે જો એવું કહી લો કે સર્વ સિલસિલાઓ સિલસિલા આલિયા કાદરિયહ્ના ફયઝ પામેલા છે તો વિના શંકાએ યોગ્ય ગણાશે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :–

**મઝરએ ચિશ્તો બુખારાઓ ઈરાકો અજમેર**
**કૌન સી કિ્શ્ત પે બરસા નહીં છાલા તેરા**
**કિસ ગુલિસ્તાં કો ફસ્લે બહારીસે નિયાઝ**
**કૌન સિલ સિલાપે ફય્ઝ ન આયા તેરા**

રહ્યો કેવળ (વાજિંત્રો વિનાનો) સમાઅ (કવ્વાલી) કે (એમાં) સાંભળનારો મર્દ સંપૂર્ણ તથા કામિલ હોય, સ્ત્રી તથા અમરદ (દાઢી મૂછ ફૂટયા વિનાનો છોકરો) તથા ફાસિક ન હોય, સાંભળનારા ફાસિક તથા શહવત (વાસના) પરસ્ત, સ્ત્રી તથા બાળકો ન હોય, અને જે ચીજ સંભળાવવામાં આવે તે ફુહસ (બિભત્સ) તથા નિરર્થક ન હોય તથા વાજિંત્રો ન હોય અને વાજાં ન હોય તો **ચિશ્તી તથા અશ્રફી સિલસિલામાં જ નહીં પણ સિલસિલા કાદરી તથા નક્શબંદી વગેરેમાં પણ જાઈઝ છે.**

**ગુનાહ પર આગ્રહના સબબે ઝૈદ (જેણે**

**કહ્યું કે ચિશ્તી તથા અશ્રફી સિલસિલામાં વાજિંત્રો સાથે કવ્વાલી જાઈઝ છે તેના પર તૌબા લાઝિમ છે** કે એવી મેહફિલોમાં શિર્કતના નિમંત્રક તથા આયોજક પર તે સૌ લોકોના ગુનાહનો વબાલ છે જેટલા લોકો એ મેહફિલમાં હાજર હોય. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : (અર્થ) **"જે કોઈ ગુમરાહીના કાર્ય તરફ બોલાવે અને જેટલા એના બોલાવવા પર જાય તે સર્વના બરાબર તેના પર ગુનોહ અને એનાથી તેમના (જનારાઓના) ગુનાહોમાં કાંઈ કમી ન થાય."** વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ કલીમ અશ્રફ મિસ્બાહી (ખાદિમે તદરીસો ઈફતા દારુલ ઉલૂમ કાદરિયા રઝવિય્યહ–પેટલાદ, બરોઝ દો શમ્બા મુબારક, ૧–જમાદીઉલ અવ્વલ હિ.સ.

### ★ જવાબ : 3 ★

વાજિંત્રો સાથે સમાઅ **હરામ** છે. અલ્લાહ ﷻનું ફર્માન છે : (અર્થ) : "અને કેટલાક લોકો ખેલની વાતો ખરીદે છે કે અલ્લાહના માર્ગેથી બેહકાવી દે." દુર્રે મુખ્તારમાં છે : (અર્થ) : વાજિંત્રો (મ્યૂઝિક) **હરામ** છે. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું : (અર્થ) : ગીત તથા ખેલનો અવાજ નિફાક પેદા કરે છે. બઝ્ઝાઝિયહ્માં છે : (અર્થ) : સંગીતનાં સાધનોનો અવાજ સાંભળવો એ વાંસળી કે એના જેવો અવાજ સાંભળવાની જેમ **હરામ** છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : **"સંગીત (સાંભળવું) ગુનો છે અને એમાં બેસવું (ફિસ્ક) ગુનો છે.** અને તેનાથી આનંદ પામવું 'કુફ્રાને નેઅમત' છે એટલે કે નાશુક્રી છે." જે વાજિંત્રો સાથે સમાઅને **જાઈઝ કહે તેનું કથન બાતિલ (ખોટુ) છે. સર્વ સિલસિલાઓની શરીઅત એક** છે અને **તરીકતનો માર્ગ એ શરીઅતથી અલગ નથી. જે ચીજ શરીઅતની રૂએ હરામ** છે તે **તરીકતમાં પણ હરામ** છે, કોઈના માટે પણ શરીઅતથી વિરૂધ્ધ વર્તવું જાઈઝ નથી. જે શરીઅતથી વિરૂધ્ધ કરશે તે ખુદા સુધી પહોંચશે નહીં અને જહન્નમમાં પહોંચશે. **જે વ્યક્તિ એને જાઈઝ સમજે તે ગુનેહગાર, જહન્નમની આગનો હક્કદાર છે, તૌબા કરે. એવું કહેવું કે અમુક સિલસિલામાં અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)એ વાજિંત્રો સાથે સમાઅ સાંભળ્યો એ તોહમત (બુઝુર્ગો પર આક્ષેપ) છે એના માટે પણ તૌબા કરે.** વલ્લાહુ અઅ્લમુ બિસ્સવાબ

**લખનાર** : (મુફતી) મુહમ્મદ કૈસરઆલમ અશરફી મિસ્બાહી *(દારુલ ઈફતા દારુલ ઉલૂમ ખ્વાજાદાના–સૂરત, ૧૫ જમાદીઉલ અવ્વલ હિ. ૧૪૨૭)*

## વઅઝની મેહફિલમાં ધમાલ મચાવનારાઓ વિશે હુકમ

**સવાલ** : શું ફર્માવે છે હઝરાતે ઉલ્માએ દીન તથા મુફતીયાને શરએ મતીન આ મસ્અલામાં કે સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું એટલે કે વઅઝ કહેવું અને જલ્સામાં હાજર લોકોનું તેને ખામોશી અને દિલ લગાડીને અદબ સાથે સાંભળવું મઝહબી ઈબાદત છે કે નહીં ? અને જે એમાં ખરાબી મચાવે, બૂમો પાડે, ગાળો બોલે તેણે મઝહબની તૌહીન કરી કે નહીં ? કુર્આન હદીષ તથા ઉલ્માનાં કથનો થકી (જવાબ) લખો અને દારૈનનો અજર હાંસલ કરો.

[**પૂછનાર** : મૌલ્વી હિદાયતરસૂલ–બોમ્બે, અત્તારગલીનું નાકુ, ૨૧–જમાદીઉલ આખર]

**અલ્જવાબ** : આલિમે દીનનું સારી વાતોનો હુકમ આપવું અને બુરી વાતોથી રોકવું ખુદા ﷻના બંદાઓને દીનની નસીહતો આપવી જેને વઅઝ કહેવાય છે. દીનના ફરાઈઝમાંથી ઉચ્ચ દરજાનું છે.

અલ્લાહ ﷻ ફર્માવે છે : **તર્જુમો** : "તમો સર્વ ઉમ્મતોમાં બેહતર છો જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો અને ઈમાન લાવો છો અલ્લાહ તઆલા ઉપર." અને ફર્માવે છે : **તર્જુમો** : "અનિવાર્ય છે કે તમારામાં એક ટુકડી એવી રહે જે નેકીની તરફ બોલાવે અને ભલાઈનો હુકમ આપે અને બુરાઈથી રોકે. અને આ જ લોકો કામયાબી પામવાવાળા છે."

અને જલ્સામાં સામેલ લોકોનું અદબ તથા ચૂપચાપ અને દિલ લગાડીને તેને સાંભળવું પણ મઝહબી ઈબાદત અને દીની ફર્ઝ છે. અલ્લાહ ﷻ ફર્માવે છે : ખુશખબરી આપો મારા તે બંદાઓને જે ધ્યાન દઈને વાત સાંભળે પછી તેના ઉપર અમલ કરે છે."

આમાં (વઅઝમાં) દસ્તઅંદાઝી કરવી, ખરાબી મચાવવી, બૂમો પાડવી, ગાળો બોલવી જરૂર મઝહબની તૌહીન અને મુખ્યત્વે બેદીનોની ટેવ છે. અલ્લાહ ફર્માવે છે : "કાફિર બોલ્યા, આ કુર્આનને ન સાંભળો અને તેની તિલાવતમાં બૂમો પાડો, કદાચ તમો આનાથી ગાલિબ આવો."

શાહ અબ્દુલ કાદિર સાહબ દહેલ્વી હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબના ભાઈ મવઝેહુલ કુર્આનમાં આ આયતના સંબંધે લખે છે : "આ જાહિલોનો જુલ્મ છે કે બૂમો પાડી સાંભળવા ન દેવું."

અને ફર્માવે છે : **તર્જુમો** : "તેઓનું શું થયું વઅઝથી મોંઢુ ફેરવેલા છે ! તેઓ ભડકેલા ગધેડા માફક છે જે વાઘથી નાસે છે."

વાઅઝથી મોંઢુ ફેરવવું તો વાઘથી ગધેડાનું ભડકવું થાય, તો પછી એના ઉપર (વઅઝ ઉપર) બૂમો પાડવી, ગાળો બોલવી શું ચાંદ ઉપર કૂતરાંઓનું ભોંકવું નહીં થાય ? વઅઝ તો વઅઝ છે, જે કુર્આનની આયત થકી ફર્ઝે મઝહબી છે. દીની કિતાબોમાં લખેલું છે કે દરેક ખુત્બા ત્યાં સુધી કે નિકાહના ખુત્બાને તથા કુર્આનના ખતમના ખુત્બાને સાંભળવું પણ ફર્ઝ છે, અને તેમાં બૂમો પાડવી હરામ. જ્યારે કે નિકાહનો ખુત્બો માત્ર સુન્નત છે અને ખત્મે કુર્આનનો ખુત્બો કેવળ મુસ્તહબ છે. દુર્રે મુખ્તારમાં છે : એ જ પ્રમાણે ભરોસાપાત્ર કથનના પ્રમાણે સર્વ ખુત્બાઓને સાંભળવું વાજિબ છે. જેમ કે જુમ્આ, ઈદો, નિકાહ અને કુર્આનના ખતમનો ખુત્બો વિગેરે. *(દુર્રે મુખ્તાર, ભાગ-૧, પેજ-૧૧૩)*

રદ્દુલ મુહતારમાં છે : દુર્રે મુખ્તારના લેખકનું કથન وَخَتْم થી મુરાદ કુર્આનનું ખતમ છે. જેવું કે આ પ્રસંગે તેઓનું (ખતમકર્તાનું) કહેવું. (એટલે કે આનું સાંભળવું પણ જરૂરી છે.)

તરીકએ મુહમ્મદીયાની શરહ હદીકએ નદીય્યામાં મમ્નુઅ (મના કરેલ) વાતોના પ્રકારના બયાનમાં છે : "મમ્નુઅ કલામ (મના કરેલ વાતો)નો બાવનમો પ્રકાર શરઈ જરૂરત વિના બીજાની વાત તોડવી છે, જ્યારે કે તે શરઈ ઈલ્મના ઝિક્રમાં હોય. અને ઉપર બયાન થયું કે તે સમયે (વઅઝ વખતે) તેના ઉપર **સલામ કરવી પણ મના** છે. કેમ કે આમાં તે નેક વાતને કાપવું અને બયાનકર્તા તથા સાંભળતા મુસલમાનોને તકલીફ આપવું છે. એ જ પ્રમાણે જે વાઅઝની સભામાં બેઠો હોય તેને પણ વાત કરવી ગુનોહ છે ભલેને આહિસ્તા હોય. એ જ પ્રમાણે વિના કારણે માત્ર આજુબાજુ જોવું અથવા હલવું, ઉભુ થઈ જવું અથવા તકિયો લગાડવો, આ સર્વ કામો ગુસ્તાખી તથા બેઅદબી તથા હલકાપણુ, નીચ હરકત, ઉતાવળ અને બેવકૂફી છે, બલ્કે જરૂરી છે કે તેના (બયાન કરનાર) બાજુ ધ્યાન દઈ શાંતિપૂર્વક કાન લગાડી સાંભળતા રહે એટલે સુધી કે તેની વાત પૂરી થાય. એટલા સમયમાં ન તો આજુબાજુ જુએ ન તો કોઈ હરકત કરે ન તો તદન વાત કરે. *(હદીકએ નદીયા, ભાગ-૨, પેજ-૩૫૦)*

**જ્યારે વાઅઝમાં તદ્દન હરકત તથા વિના કારણે આહિસ્તાથી વાત કરવું ગુસ્તાખી**

*અનુસંધાન પેજ નં. ૧૫ પર...*

# દરેક મુસ્લિમે જાણવી જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## બય્અત

અવલિયા અલ્લાહના સિલસિલામાં દાખલ થઈ તેમના મુરીદ અને અકીદતમંદ બનવું એ દુનિયા અને આખેરતની ભલાઈ અને બરકત મેળવવાનું સાધન છે. જેથી બયઅત અર્થાત **મુરીદ બનતાં પહેલાં પીરમાં આ ચાર બાબતો જરૂરથી જોઈ લેવી.**

### સાચા પીર માટે શરતો !

૧. પીર સુન્ની અને સાચા અકીદા ધરાવનાર હોય, નહીં તો ઈમાન પણ હાથથી જશે.

૨. એટલો ઈલ્મ ધરાવતો હોય કે પોતાની જરૂરતના મસાઈલ કિતાબોમાંથી કાઢી શકે. નહીં તો હરામ–હલાલ, જાઈઝ–નાજાઈઝનો પણ ફરક નહીં કરી શકે.

૩. ફાસિકે મુઅલિન (ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર) ન હોય, કારણ કે ફાસિકની તૌહીન કરવી વાજિબ છે જ્યારે પીરની તા'ઝીમ કરવી વાજિબ છે.

[**ખુલ્લમ ખુલ્લા ગુનાહ એટલે** : જાહેરમાં છૂટથી ફોટા પડાવવા, બેપર્દા ઔરતોને સામે બેસાડવી, તેમને હાથ ચૂમાડવા, તેમના પર હાથ ફેરવવા, ટી.વી.ના શોખિન હોવું, દાઢી મૂંડાવવી કે મુટ્ઠીથી ઓછી કતરાવી નાખવી, જૂઠ બોલવું, ગાળો બોલવી નમાઝો છોડવી વગેરે. *–પ્રકાશક*]

૪. એનો સિલસિલો નબી ﷺ સુધી અતૂટ પહોંચતો હોય, નહીં તો ઉપરથી ફય્ઝ નહીં મળી શકે. *(એટલે ઉપલા દરેક પીરમાં ઉપરોક્ત શરતો હોય, નહીં તો સિલસિલો કટ થયેલો ગણાશે. –પ્રકાશક)*

## તકલીદ

એટલે કે ઈસ્લામના ચાર ઈમામોમાંથી કોઈ પણ એકના બતાવેલા રસ્તા મુજબ શરીઅતના એહકામો પૂરા કરવા, જેમ કે **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** અથવા **ઈમામ માલિક** અથવા **ઈમામ શાફઈ** અથવા **ઈમામ અહમદ ઈબ્ને હંબલ** (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ)ની બતાવેલી રીત પ્રમાણે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે અરકાનો પૂર્ણ કરવા. કોઈ પણ એક ઈમામની તાબેદારી કરવી **વાજિબ** છે અને **તકલીદે શખ્સી** કહે છે.

[આજે એવી જહાલત છે કે જો યુવાનોમાં પૂછવામાં આવે કે તમે કોના મુકલ્લિદ છો તો શાયદ જ કોઈ જવાબ આપે ! પોતે શું છે તે જ તેમને ખબર નથી ! માટે માં બાપોની ફરજ છે કે બાળકોને ઈલ્મે દીન શીખવે. ઉસ્તાદો પણ મદ્રસામાં આવી પાયાની વાતો શીખવાડે. *–પ્રકાશક*]

**ચેતવણી** : એ (ચારેય) ઈમામોએ પોતાના તરફથી મનઘડત રીતે કોઈ મસ્અલાઓ ઘડયા નથી, બલ્કે કુર્આન અને હદીષનો મતલબ સ્પષ્ટ રીતે વર્ણન કર્યો છે કે જે દરેક લોકો કે સામાન્ય આલિમોની સમજમાં પણ આવી શક્તો ન હતો, જેથી એ ઈમામોની તાબેદારી કરવી એ ખરી રીતે કુર્આન અને હદીષની તાબેદારી છે.

**મસ્અલો** : જે માણસ એક ઈમામની તાબેદારી કરે તે બીજા ઈમામની તાબેદારી કરી શક્તો નથી. દા.ત. એવું બની શક્તું નથી કે અમુક મસ્અલાઓમાં એક ઈમામની તાબેદારી કરે, અને અમુક મસ્અલાઓમાં બીજા ઈમામની તાબેદારી કરે. બલ્કે

બધા જ મસ્અલાઓમાં **એક જ ઈમામ**ની તાબેદારી કરવી **વાજિબ** છે. વળી હનફી શાફઈ બની જાય એવું પણ જાઈઝ નથી બલ્કે જે માણસ આજ પર્યંત જે ઈમામનો તાબેદાર (અનુકરણ કરનાર) રહ્યો હોય તેણે હવે પછી પણ તેનું જ અનુકરણ (તાબેદારી) કરવી જોઈએ. હવે તમામ ઉલમાએ કિરામ સર્વાનુમતે એવું જ કહે છે કે એ ચાર ઈમામો સિવાય હવે કોઈ પણ ઈમામ કે મુજતહીદની તાબેદારી કરવી જાઈઝ નથી.

હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી સાહબ પોતાની કિતાબ ''અલ ઈન્સાફ''માં લખે છે કે : ''હિજરી સન ૨૦૦ (બસો) પછી એક ખાસ મુજતહીદની પેરવી (તાબેદારી) કરવાનો મુસલમાનોમાં રિવાજ થયો અને ભાગ્યે જ કોઈ માણસ હશે કે જે કોઈ એક જ ઠરાવેલ ઈમામની પેરવી ન કરતો હોય, એ જ વાજિબ છે આ જમાનામાં પણ.''

તહતાવી, હાશિયા દુર્રેમુખ્તારમાં પણ છે કે, ''હવે એ ચાર ઈમામોમાંથી ગમે તે એકની પયરવી (તાબેદારી) કરનાર જ અહલે સુન્નત વ જમાઅતમાં ગણાય છે, જે માણસ એ ચારની બહાર છે તે **'બિદઅતી'** જહન્નમી છે.''

ઈમામ શઅરાની رحمۃ اللہ علیہએ મીઝાને શરીઅતે કુબ્રામાં ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અને હરમૈન શરીફૈનના ઈમામોના કૌલ એ રીતે નકલ કર્યા છે કે, ''એ બધાય ઈમામોએ પોતાના શાગિર્દોને ફર્માવ્યું કે તમારા માટે તમારા પોતાના ઈમામના મઝહબનું પાબંદ રહેવું વાજિબ છે. અગર જો એમના મઝહબને છોડયો તો અલ્લાહ તઆલાની બારગાહમાં તમારા માટે કોઈ બહાનું ચાલશે નહીં.

(અહીં સુધી અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું વર્ણન અલ્લાહ તઆલાના ફઝલો કરમથી પૂર્ણ થયું, હવે નમાઝનું વર્ણન શરૂ થાય છે.)

# ઔરતોની હિકાયતો

**લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ-પાલેજ

## હિકાયત : ૧૬

## હતીમા જયોતિષની

મદીના મુનવ્વરામાં એક સ્ત્રી જયોતિષહની હતી. જેના પર એક જિન આશિક હતો અને તેનો આજ્ઞાંક્તિ હતો. એક દિવસ તે જિન હતીમાના પાસે આવ્યો પરંતુ દિવાલ પર ઊભો રહ્યો, અંદર ન આવ્યો. હતીમાએ કહ્યું, આજે શું વાત છે કે તમે અંદર નથી આવતા ! અંદર આવો મળીને વાતો કરીએ. જિન બોલ્યો, હવે આવું નથી થઈ શક્તું, કારણ કે મક્કામાં એક નબી મબઊસ થયા છે જેમણે ઝિનાને હરામ ઠરાવી દીધા છે. હતીમાએ આ વાત મદીના મુનવ્વરામાં મશહૂર કરી દીધી. મદીનાવાસીઓ સૌ પ્રથમ હુઝૂર ﷺથી હતીમાના ઝરિયે ઓળખીતા થયા. *(હુજ્જતુલ્લાહ અલલ્ આલમ, પેજ-૧૮૩)*

**બોધ** : આપણા હુઝૂર ﷺ જિન્નાત તથા ઈન્સાનના રસૂલ બનીને તશરીફ લાવ્યા. અને જે ભાગ્યશાળી ઈન્સાન તથા જિન્નાત હતા તે હુઝૂર પર ઈમાન લાવી બુરાં કામોથી અટકી ગયા. જણાયું કે જિન પણ એક મખ્લૂક છે અને ઈન્સાનોની જેમ તેઓમાં પણ કાફિર તથા મુસલમાન છે. સારા તથા બુરા છે અને ઘણા જિન હુઝૂર ﷺના સહાબી પણ છે. (رضی اللہ عنہم) આ જિન હુઝૂર પર ઈમાન લઈ આવ્યા હતો. હુઝૂરની તા'લીમ પ્રમાણે વ્યભિચારથી અટકી ગયો. સાચો ઈમાનદાર તે જ છે જે હુઝૂરના ઠરાવેલ બુરાં કામોથી રોકવા પર અટકી જાય અને હુઝૂર જે તરફ નમાવે તે તરફ નમી જાય.

મુસલમાં વો કે જો હુક્મે નબી સુનતે હી ઝુક જાએ
વો જિસ રસ્તેસે રોકે ઉસ તરફ જાનેસે રુક જાએ

# રહમતે દારૈનના સહાબાઓ

★ રજૂકર્તા ★
ફરજાનાબેન અલી પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

રૂમીઓની ક્રમે ક્રમે હારોએ હિરકલ (કૈસરે રોમ)ને ચોંકાવી દીધો. એણે પાકો ઈરાદો કરી લીધો કે મુસલમાનોનો કોઈ પણ કિંમતે શામથી નિકાલ કરવો જોઈએ જેથી એ મકસદના માટે એણે પોતાના તમામ કબ્જો કરેલ આરમીનીયા, અલજઝીરા, કસ્તુન્તુનીયા (ઈસ્તંબુલ) વગેરેથી ફૌજો મેળવી જે બધી ઈન્તાકીયામાં જમા થઈ ગઈ. આ મહાન લશ્કર જેમાં મોટા મોટા અનુભવી લડવૈયા સામેલ હતા, ઈન્તાકીયાથી રવાના થયું. તો મુસલમાનોએ આપસમાં મશ્વેરાથી ફૈસલો કર્યો કે શામમાં જે જે શહેરો પર એમનો કબ્જો થઈ ચૂક્યો છે ત્યાંથી ફૌજો હટાવી દેવામાં આવે અને આ બધી ફૌજો સમેટીને એક જગ્યાએ જમા થઈ જાય સાથે જ ખિલાફતના દરબારથી કુમક મેળવી લેવામાં આવે. એ ફૈસલાના પ્રમાણે **મુસલમાનોએ દમિશ્ક, હમ્શ વગેરે શહેરોને ખાલી કર્યા તો ત્યાંના રહેવાસીઓને જિઝિયાની એ બધી રકમ પાછી આપી દીધી જે એમનાથી વસૂલ કરવામાં આવી હતી. કેમ કે, હવે તેઓ એ શહેરોના રહેવાસીઓની રક્ષા કરી શક્તા ન હતા. વચનપાલન અને પ્રમાણિક્તાનો આવો દાખલો દુનિયાની બીજી કોઈ કૌમના ઈતિહાસમાં નથી મળતો. મુસલમાનોનું આ જ વર્તન હતું જેણે બદ્તરીન દુશ્મનોના દિલ પણ મોહી લીધાં. કહેવામાં આવે છે કે મુસલમાનોએ રૂમીયોને જિઝિયાવેરો પાછો આપ્યો તો તેઓ રડતા હતા અને દુઆઓ કરતા હતા કે ખુદા તમને પાછા ફરી લાવે.** તમામ મુસલમાન ફૌજો શામના શહેરોથી નીકળીને દરિયાએ યરમોકના કિનારે એક જગ્યા પર ભેગી થઈ ગઈ. એ સમયમાં પાટનગરથી કુમક પણ આવી પહોંચી, પરંતુ હજુ પણ બધા મુસલમાનોની સંખ્યા મિલાવીને ત્રીસથી ચાળીસ હજારની વચ્ચે હતી. જ્યારે રૂમી લશ્કર લગભગ બે લાખ લડવૈયા સાથે હાજર છે. પહેલાં બંને તરફથી દૂત આવતા જતા રહ્યા. રૂમીઓએ ઈચ્છયું કે મુસલમાન રૂપિયા લઈ લે અને પાછા ચાલ્યા જાય, પરંતુ મુસલમાનોનો મતલબ ધનદૌલત મેળવવાનો ન હતો એટલા માટે તેઓ એના માટે તૈયાર ન થયા. જેથી બંને ફૌજોમાં લડાઈની શરૂઆત થઈ ગઈ. રૂમી આ જંગમાં ઘણા જ હિંમતથી લડયા. એમણે મુસલમાનો પર વારંવાર ભયાનક હુમલા કર્યા અને એક વખત તો એમને પાછળ ધકેલવામાં પણ સફળ થઈ ગયા. પરંતુ મુસલમાન અફસરોની બહાદુરી, જાનની બાજી અને જંગની મહારતે પરિસ્થિતિને સંભાળી લીધી અને એમણે રૂમીઓ પર એટલો ભયંકર જવાબી હુમલો કર્યો કે એમનામાં ભાગદોડ મચી ગઈ. એમના લગભગ સત્તર હજાર માણસો જંગના મેદાનમાં ખપી ગયા, જે જીવતા બચી ગયા તે ભાગી ગયા. યરમોકની આ મહાન જીતે શામના નસીબનો મોટી હદ સુધી ફૈસલો કરી નાખ્યો. હિરકલ ભાગીને કુસ્તુન્તુનીયા ચાલી ગયો અને પછી કદી પણ એને શામની તરફ મોં કરવાની હિંમત ન થઈ. યરમોકની જીતના પછી મુસલમાનોનું લશ્કર કિન્સરીનની તરફ વધ્યું અને એને કબ્જામાં કરતા હલબ અને

ઈનતાકીયા સુધી જઈ પહોંચ્યા. એ શહેરો પર ઈસ્લામનો ઝંડો ઊંચો કર્યા પછી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ બૈતુલ મુકદસની તરફ રવાના થયા, જેને હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہએ પહેલાં જ ઘેરાવામાં લઈ રાખ્યું હતું. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ બૈતુલ મુકદસ પહોંચ્યા તો ઈસાઈઓ હિંમત હારી ગયા હતા તેમણે સુલેહની દરખાસ્ત કરી, પરંતુ એની સાથે એ શરત રાખી કે હઝરત ઉમર رضی اللہ عنہ જાતે બૈતુલ મુકદસ આવે અને પોતાના હાથોથી સુલેહ કૌલ કરારની શરૂઆત કરે. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہને પત્ર લખીને બૈતુલ મુકદસની જીત કોઈ પણ ખૂન વહાવ્યા વગર આપના આગમન પર અવલંબિત છે. અમીરુલ મો'મિનીન رضی اللہ عنہને હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہનો પત્ર મળ્યો તો તેઓ થોડાક મુહાજેરીન તથા અન્સારની સાથે બૈતુલ મુકદસ તશરીફ લઈ ગયા. જાંબીયાના મકામ પર હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ, હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ, હઝરત યઝીદ બિન અબી સૂફયાન رضی اللہ عنہ અને બીજા ફૌજના અફસરોએ અમીરુલ મો'મિનીનનું સ્વાગત કર્યું, ત્યાં ઈસાઈઓના પ્રતિનિધિઓ પણ પહોંચી ગયા અને સુલેહનો કરાર લેખિત કરવાની શરૂઆત કરી. કરાર લખવામાં આવ્યો અને એના પર બંને પક્ષોની સહીઓ થઈ ગઈ. તો હઝરત ઉમર رضی اللہ عنہ જાંબીયાથી ચાલીને બૈતુલ મુકદસ પહોંચ્યા અને શહેરની અંદર પ્રવેશીને એ જગાએ નમાઝ પઢી જ્યાં આજકાલ મસ્જિદે ઉમર رضی اللہ عنہછે. બૈતુલ મુકદસના રોકાણ દરમ્યાન એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہથી ફર્માઈશ કરી કે આજે અઝાન આપો ! હઝરત બિલાલ رضی اللہ عنہએ કહ્યું, હું વાયદો કરી ચૂક્યો હતો કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના પછી કદી અઝાન નહીં આપીશ પરંતુ આજે આપનો ઈર્શાદ બજાવી લાવું છું. આમ કહીને અઝાન આપવાની શરૂ કરી તો સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો મુબારક જમાનો યાદ આવી ગયો અને એમના પર બેહોશી છવાઈ ગઈ. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ અને હઝરત મઆઝ رضی اللہ عنہ રડતા રડતા બેતાબ થઈ ગયા અને હઝરત ઉમર رضی اللہ عنہની હીચકી બંધાઈ ગઈ. બૈતુલ મુકદસની જીતના પછી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને આખા શામના વાલી નક્કી કર્યા. એમણે લશ્કરના સરદાર અને શામના વાલી બંને લાયકાતોમાં પોતાની ફરજો ખૂબીથી અંજામ આપી અને લોકો પર પોતાની લશ્કરી અને વ્યવસ્થાની લાયકાતની તાકતોનો સિક્કો જમાવી દીધો. ઈતિહાસકારે લખ્યું છે કે હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہની સૂચના પર શામના કેટલાય શહેરોમાં દર્સના વર્તુળ કાયમ થયાં જેમાં સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین લોકોને કુર્આન હકીમની તા'લીમ આપતા હતા અને ફિકહના મસાઈલ બતાવતા હતા. એક વખત હિજાઝમાં એવો જબરદસ્ત દુષ્કાળ પડયો કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને પોતાના તમામ ગર્વનરોથી અનાજ પ્રાપ્ત કરવું પડયું. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہને જાણ થઈ તો એમણે અનાજથી લડાયેલ ચાર હજાર ઊંટ મદીના મુનવ્વરા મોકલાવ્યાં. (એક રિવાયતના પ્રમાણે તેઓ જાતે આ ઊંટ લઈને બારગાહે ખિલાફતમાં હાજર થયા.)

હિ.સ. ૧૭ના અંતમાં રૂમીઓએ પુષ્કળ શસ્ત્ર સરંજામની સાથે હમ્સ પર હુમ્લો કરી દીધો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ આમ તેમથી ફૌજો ભેગી કરીને રૂમીઓનો જોશપૂર્વક મુકાબલો કર્યો અને એક ટૂંકી પરંતુ ખૂનરેજ લડાઈ પછી એમને સખત હાર આપીને ભગાવી દીધા. આ આખરી લડાઈ હતી જે હઝરત અબૂ ઉબૈદાએ પોતાની જિંદગીમાં પછી રૂમીઓને કદી મુસલમાનોની તરફ લડાઈ માટે જવાની હિંમત ન થઈ.

# ઈસ્લામ અને આધુનિક શોધો

**લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## અખ્લાકમાં બગાડ અને ઈમાનની કમજોરી

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ જ પેશનગોઈમાંથી છે કે લોકોના અખ્લાક ખરાબ તથા કમજોર થઈ જશે બલ્કે દુનિયાની મહોબ્બત તથા અંગત મસ્લેહતથી વર્તવાના કારણે ઈમાન દિલોએથી નીકળી જશે. લોકો જાહેરી રીતે પોતાના વાણી તથા વર્તન અને લિબાસ વડે પોતાને મુસલમાન પ્રતિ સંબંધિત કરશે પરંતુ દીની બાબતોની તેમની પાસે કોઈ એહમિયત નહીં હોય. અને આપસમાં પણ નિફાક હશે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એના પ્રતિ નિર્દેશ કરતાં ફર્માવ્યું : હાકિમે તારીખમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

سیاتی علی الناس زمان مایبقی من القرآن الارسمه، ولامن الاسلام الااسمه، یتسمون به وهم البعدا لناس منه، مساجدهم عامرة وهی خراب من الهدیٰ فقهاء ذالك الزمان شرفقهاء تحت ظل السماء منهم خرجت الفتنة والیهم تعود

"લોકો પર નજીકમાં જ એવો જમાનો આવશે કે કુર્આનનું કેવળ લખવું અને ઈસ્લામનું કેવળ નામ બાકી રહી જશે. લોકો ઈસ્લામનું નામ લેશે પરંતુ એનાથી ઘણા જ દૂર હશે. મસ્જિદો આબાદ હશે પરંતુ હિદાયતથી વિરાન હશે, તે સમયના ફકીહો તે વખતે જમીનની ઉપર બુરા ફકીહો હશે, એમનામાંથી જ ફિત્નો નીકળશે અને એમનામાં જ પાછો વળશે." *(તારીખ હાકિમ)*

દયલમીએ પણ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે **"નજીકમાં જ લોકો પર એવો જમાનો આવશે કે મસ્જિદમાં હજાર કે તેનાથી વિશેષ નમાઝો પઢશે પરંતુ તેમાંથી કોઈ પણ (કામિલ) મો'મિન હશે નહીં."** *(દયલમી)*

તિબ્રાની તથા અબૂ નુઐમે પણ એનો ઉલ્લેખ કર્યો કે હુઝૂરે ફર્માવ્યું કે, **"મોઅઝ્ઝિન અઝાન આપશે, લોકો નમાઝ પણ પઢશે પણ એમાંથી કોઈ મો'મિન નહીં હોય."** *(તિબ્રાની)*

રિવાયત કરી હાકિમે મુસ્તદરકમાં હઝરત સુફયાનથી તેમણે અઅ્મશથી તેમણે ખૈષમાથી તેમણે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ (એક રિવાયતમાં છે), **"લોકો મસ્જિદોમાં ભેગા થયા કરશે પણ એમાં મો'મિન હશે નહીં."** *(હાકિમ મુસ્તદરક)*

ઈમામ અહમદે જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરી કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું કે, "લોકો અલ્લાહના દીનમાં એક પછી એક ફોજના રૂપે દાખલ થશે અને એક પછી એક ફોજ રૂપે નીકળી જશે. *(દયલમી)*

## ઈસ્લામ વિરૂધ્ધ પોલીસ કાર્યવાહી

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે કે પોલીસ વિભાગ પોતાનાં શસ્ત્રો ઈસ્લામની વિરૂધ્ધ વાપરશે અને ઈસ્લામના દુશ્મનના દુશ્મનોનો સાથ આપશે. જેમ કે ઈબ્ને અસાકિરે તારીખમાં એક સહાબીથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યાં :–

لیت شعری کیف امتی بعدی حتی تتبختر رجالھم

وتمرح نساؤھم ولیت شعری کیف ھم حین یصیرون

صفین۔الخ

"કાશ ! હું જાણત કે મારા બાદ ઉમ્મતનો શો હાલ થશે ?! જ્યારે કે એમના પુરૂષો ઘમંડથી ચાલશે અને તેમની સ્ત્રીઓ ઈતરાઈને ચાલશે, અને કાશ ! કે હું જાણત કે તેમનો હાલ તે વખત શો થશે જ્યારે તે બે સફોમાં વહેંચાઈ જશે." *(તારીખે ઈબ્ને કસીર)*

એક સફ પોતાની ગરદનોને ખુદાની રાહમાં ઝુકાવી દેશે અને બીજી સફ ગૈરોના માટે કામ કરશે.

ખુદાની કસમ ! તે વખતે ઉમ્મતે મુહમ્મદિયહ્‌નો શો હાલ છે કે નવી રહેણાંક પધ્ધતિના જંગોમાં એઓ બે ભાગોમાં વહેંચાએલા રહે, એક ભાગ રાહે ખુદામાં પોતાની ગરદન કપાવતો રહ્યો અને બીજો ભાગ તેમના મુકાબલામાં અલ્લાહના દુશ્મનો માટે મેહનતાણુ લઈને કામ કરતો રહ્યો. નુએમ ઈબ્ને હમ્માદે ફિતનમાં કહ્યું, ઈબ્ને વહબે તેમણે હારિષ ઈબ્ને નબહાનથી તેમણે મુહમ્મદ ઈબ્ને સઈદથી તેમણે ઓબાદા ઈબ્ને નસીથી તેમણે અસ્વદ ઈબ્ને ષઅલ્બાથી તેમણે મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે તમારામાં બે મદહોશીઓ (નશાઓ) છવાઈ જાય, એક જેહાલતની મદ્‌હોશી અને એક દુનિયાની લિજ્જતની એશના ભોગવટાની, અને લોકો ગૈરુલ્લાહના માર્ગમાં જેહાદ કરવા લાગે, તો આ કિતાબ કિતાબુલ્લાહ પર જાહેરી રીતે તથા છુપી રીતે કાયમ રહેનાર આગલા મુહાજિર તથા અન્સારની જેમ હશે." *(અલ્ ફિતન)*

હવે જુઓ ફર્માને નબવીના હેઠળ બંને મદ્‌હોશીઓને પ્રથમ મદ્‌હોશી ગુમરાહી, જેહાલત છે કેમ કે પોલીસમાં મોટા ભાગે ગૈર મઝહબવાળા જાહિલો અને ઝઘડાળુ પ્રકારના ગામડિયા ચરવાહા જ ભરતીના માટે જાય છે, તેમાંથી મોટા ભાગનાને જો માનવતાની નિસ્બતથી જંગલી કહેવામાં આવે તો અસ્થાને ન ગણાશે, બલ્કે એવું કહેવું જોઈએ કે એઓ માનવ સ્વરૂપમાં જાનવર હોય છે. જો તેમનામાં બોલવાની શક્તિ ન હોત તો તેમને પણ કૂતરાઓ તથા ઘેટાંનાં વાડામાં બાંધવામાં આવતે. મને એમનામાંથી એકની સાથે વાતચીતનો મોકો ત્યારે મળ્યો જ્યારે ફ્રાંસવાળા દુરૂઝીઓ (એક ફિર્કો) સાથે જંગ કરી રહ્યા હતા એ સમયે દમાસ્કસના એક મુખ્ય માર્ગ પર મારી એક પોલીસના સિપાહી સાથે વાત થઈ. મેં તેને પૂછયું કે તમે સીરીયા શા માટે આવ્યા છો ? તે કહેવા લાગ્યો કે દુરૂઝીઓથી જંગ કરવા માટે આવ્યા છીએ. મેં કહ્યું, તમારી સાથે દુરૂઝી શું કરશે ? તેઓ તમારા પર સરસાઈ મેળવશે કે તમે જીતશો ? તો તે કહેવા લાગ્યા, અમે તો સુવ્વરોની જેમ (હિજડા જે બુરી આદતમાં સપડાયેલા હોય) છીએ તેઓ અમારા પર શું સરસાઈ મેળવી શકશે ? મેં મારા દિલમાં કહ્યું કે, તમે લોકો ખુદાની કસમ ! સુવ્વર જ છો.

બીજી મદ્‌હોશી દુનિયાની લિજ્જતોથી મહોબ્બત છે. પરિસ્થિતિ એવી છે કે જો કોઈ આવારા માણસ કાંઈક ખાવા નથી મેળવતો અને જુએ છે કે પોલીસની નોકરીમાં કપડાં પણ છે, ખાવા પણ છે, માલ પણ છે તો પછી એ એવું જોયા વિના કે એનો અંજામ શો થશે, તરત જ પોલીસ ખાતામાં નોકરીયાત બની જાય છે. પછી જો ક્યાંક જંગ પર જવું પડે તો તે એ કમતરીન જિંદગીના મુકાબલામાં પોતાનો દીન તથા દુનિયા બંને બર્બાદ કરી લે છે અને જો જંગથી વાસ્તો ન પડે તો પણ તે ઈન્સાનિયત તથા દીનના માટે નુકસાનનો સબબ તથા અલ્લાહ તેમ જ પોતાના વતનનો બાગી તેમજ કૌમ તથા દીનમાં ખયાનત કરનાર બનીને જિંદગી ગુજારે છે.

તે ઈમાનવાળાઓ માટે જેઓ કિતાબ તથા સુન્નત પર અમલ કરે છે અને એના પર કાયમ રહે

છે અને જેહાલત તથા આંધળા અનુકરણથી બચે છે, એક હદીષ એમના લાયક છે કે એ લોકો એને પોતાની આંખોની સિયાહી વડે પોતાનાં દિલોના વરકો પર લખી લે. એટલા માટે કે એમાં એ લોકો માટે મહાન ખુશખબરી છે. **વલ્હમ્દુલિલ્લાહિ અલા ફદ્‌લિહી.** હાકિમે મુસ્તદરકમાં ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા, "મારા રબે મારા માટે જમીનને લપેટી લીધી. મેં પૂર્વ તથા પશ્ચિમ (ઉત્તર, દક્ષિણ)ને જોયાં, અને તેણે મને લાલ તથા સફેદ બે ખજાના અતા કર્યા, મારી ઉમ્મતની સલ્તનત જમીનના તે હિસ્સા સુધી પહોંચી જશે જ્યાં સુધી મારા માટે જમીનને લપેટવામાં આવી છે. મેં મારા રબથી ઉમ્મતના માટે દુઆ કરી કે તે એ સર્વને એક જ વર્ષમાં હલાક ન કરે, તો રબે મંઝૂર ફર્માવી લીધું. મેં દુઆ કરી કે મારી ઉમ્મત પર ગૈરોમાંથી કોઈ દુશ્મન સવાર ન થાય, તો તેણે મંઝૂર ફર્માવી લીધું. મેં દુઆ કરી કે મારી ઉમ્મતના લોકો એકબીજાને તકલીફ ન પહોંચાડે, તો રબે મને આ દુઆ કરવાથી રોકી દીધો અને ફર્માવ્યું, "હે મુહમ્મદ ! (صلی اللہ تعالیٰ علیہ وسلم) જ્યારે હું કોઈ ફેંસલો કરી લઉં છું તો પાછો નથી લેતો. મેં તારી એ દુઆ મંઝૂર કરી લીધી કે તેમને એક જ વરસમાં હલાક કરીશ નહીં અને તેમના ગૈરોમાંથી કોઈ દુશ્મન તેમના પર સવાર કરીશ નહીં....... હું મારી ઉમ્મત બાબતે ગુમરાહ કરનાર ઈમામોથી ડરું છું. કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે મારી ઉમ્મતના કેટલાક કબીલાઓ મુશ્રિકો સાથે મળી જશે, કેટલાક મૂર્તિપૂજા શરૂ કરી દેશે. અને જ્યારે મારી ઉમ્મતમાં કત્લોગારતગિરીનો પાયો નંખાય જાય તો કિયામત સુધી ઉઠશે નહીં. આપે દરેક તે ચીજ જે દર સો વરસ પછી જોવા મળે છે તે બયાન કરી. *(મુસ્તદરક, ભાગ-૪, પેજ-૪૪૯)* ઈમામ અહમદે એ જ હદીષનો અમુક હિસ્સો શદાઈ ઈબ્ને અવસથી રિવાયત કર્યો છે.

હાકિમે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની ઝબાની વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફિત્નાના બારામાં સવાલ કર્યો કે ક્યારે થશે ? આપે ફર્માવ્યું, "તે લૂટમારના દિવસો હશે જ્યારે માણસ પોતાની પાસે બેસનારાથી પણ મેહફૂઝ રહેશે નહીં." *(મુસ્તદરક, ભાગ-૪, પેજ-૪૨૮)*

અને એ સમય યકીનન આપણો જ સમય છે કે તે વખતે યૂરોપમાં કોઈ પણ વ્યક્તિ પોતાની મજલિસના સાથીથી પણ મેહફૂઝ નથી કેમ કે જાસૂસોની અધિક્તા છે.

## સાચા મિત્રોની ઉણપ

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈમાંથી છે કે સાચા મિત્રો તથા ભાઈ ઓછા રહી જશે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"ખૂબ જ ઓછુ છે કે આખરમાં સાચો મિત્ર તથા હલાલ રૂપિયો જોવા મળે."** (પાછલા પૃષ્ઠોમાં આ વિષય સંબંધી અન્ય હદીષો રજુ થઈ ચૂકી છે.) આજકાલ સાચો મિત્ર એટલા માટે મળવો મુશ્કેલ છે કે લોકોના દિલોમાં કીનો ભરાઈ ગયો છે, અંગત સ્વાર્થની મહોબ્બત બાકી રહી ગઈ છે અને હલાલ રૂપિયાની કમાણીનો સબબ બેંક કારોબાર છે જ્યાં સઘળો મામલો વ્યાજથી થાય છે અને સુન્નતે રસૂલ પર અમલની ઉણપનું કારણ એ છે કે **પબ્લિક લોકોની રાયનું પાલન તથા અનુસરણ કરે છે અને લોકોની રાયને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત પર અગ્રતા આપે છે.** એટલે સુધી કે હવે જો કોઈ સુન્નત પર અમલ પણ કરે છે તો કેવળ એટલા માટે કે ફલાણો માણસ આવું કરે છે (એવું કહેવડાવવા) નહીં કે આવું કરવામાં હઝૂરનું અનુસરણની ભાવના છે. (ઈલ્લા માશાઅલ્લાહ) અથવા ફેશનના રૂપે કે આજે દા.ત. દાઢી રાખવાનો રિવાજ થઈ રહ્યો છે.

# નબી ﷺ ની સુન્નત




# આધુનિક વિજ્ઞાન

કાર્યાલય

### ✪ ખજૂરનું સાલન (શાક) સુન્નતે નબવી અને આધુનિક વિજ્ઞાન ✪

આપ ﷺએ એક રોટીનો ટુકડો લઈને એના પર એક ખજૂર રાખી અને ફર્માવ્યું, આ એનું સાલન છે અને આપે ખાધું. *(શમાઈલે તિર્મિઝી)*

### ✪ ક્રિસ્ટો સહેલાણીની આપવીતી ✪

ક્રિસ્ટો વિ□ભરના અમુક મહાન ટુરિસ્ટો (સહેલાણીઓ)માંથી એક છે જેણે જગતભરના દેશોની સફર કરી, જાત જાતના સંજોગોમાંથી પસાર થયો. તે પોતાનો અનુભવ વર્ણવે છે કે આફ્રિકાના સફરમાં ત્રણ મહિના સુધી મેં ખજૂર સાલન (શાક) તરીકે વપરાશમાં લીધું. એ મારા જીવનનો પ્રથમ અનુભવ હતો કે મેં ખજૂરનું સાલન ઉપયોગમાં લીધું. સફર ઘણી જ કઠીન અને મંઝિલ ખૂબ જ મુશ્કેલીભર્યી હતી, પરંતુ તેમ છતાં મને કોઈ પ્રકારનો થાક મેહસૂસ ન થયો. *(હવાલો : મુશાહિદાત વ વાકિઆત)*

### ✪ કૌમનો સરદાર ખાદિમ હોય છે સુન્નતે નબવી અને આધુનિક વિજ્ઞાન ✪

નબી કરીમ ﷺનો ઈર્શાદ છે કે, "કૌમનો સરદાર ખાદિમ હોય છે અને જે શખ્સ અન્ય લોકોની ખિદમત કરવામાં લોકોમાં આગળ નીકળી જાય તેનાથી નેકીમાં આગળ વધનારો કોઈ હોય તો તે જ જે અલ્લાહની રાહમાં શહાદત પામે. *(મિશ્કાત, આદાબે ઝિંદગી)*

હુઝૂરે પાક ﷺસરદાર હતા પરંતુ આપે હમેશાં ઈન્સાનિયતની ખિદમતમાં પોતે પોતાને વ્યસ્ત રાખ્યા. આપ પ્રારંભથી જ ઈન્સાનિયતની ખિદમત અને તેમની ભલાઈ તથા અચ્છાઈમાં લાગેલા રહ્યા જ્યારે મસ્જિદે નબવીના બાંધકામનો પ્રસંગ ઉભો થયો તો આપ ﷺએ પણ બાંધકામના કાર્યમાં ભાગ લીધો. એક અન્ય ઠેકાણે જઈને ખાવા રાંધવાનો પ્રસંગ ઉભો થયો તો આપ ﷺએ જંગલમાંથી લાકડીઓ વીણી લાવવાની જવાબદારી માથે લીધી. એ જ પ્રમાણે અમુક ખાવાના પ્રસંગોએ આપ ﷺ સહાબા رضوان الله تعالى عليهم أجمعينને ખાવા કાઢી આપીને ખવડાવતા રહ્યા.

આપ ﷺના પછી ખુલફાએ રાશિદીને પણ આપ ﷺના મુબારક અમલને ચાલુ રાખ્યો. હઝરત ઉમર رضي الله عنهનો મશ્હૂર વાક્યો જેમાં આપ ﷺ પોતાની પીઠ પર લોટની ગુણી ઊંચકીને જંગલમાં લઈ ગયા અને વૃદ્ધા તથા તેનાં બાળકોને ખાવા પકાવીને ખવડાવ્યું.

ઈસ્લામી તા'લીમાત (શિક્ષણ) અને સહાબાએ કિરામની જિંદગીમાં આવા અસંખ્ય પ્રસંગો મળે છે કે ખલીફા તથા સરદાર હોવા છતાં ઈન્સાનિયતની ખિદમતમાં કાર્યરત રહ્યા.

### ✪ અબ્રાહમ લિંકનની સેવાઓ ✪

અમેરિકાના વિખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકને એ વાતનો દાવો કર્યો કે હું અમેરિકાની પ્રજાનો માલિક નથી બલ્કે સામાન્ય પ્રજાજન છું. અત્યારથી પહેલાં જ્યારે મારા માથે પ્રમુખપણાની જવાબદારી ન હતી ત્યારે હું મને પોતાને હલકો (ચિંતા રહિત) અનુભવતો હતો, પરંતુ હવે હું મને પોતાને ભારયુક્ત અનુભવું છું. મેં મારા માથે અમુક કામો એવાં લીધાં છે જેને અમેરિકાનો એક મજૂર જ કરી શકે છે. પરંતુ હું સમજું છું કે અમેરિકાના પ્રમુખની હેસિયતથી એ મારી મહત્વની જવાબદારી છે કે હું ખિદમત કરીશ, પ્રમુખપણાના પદથી નહીં પણ ખિદમતથી ખ્યાતિ મેળવીશ. *(બહવાલા : ઈબ્રાહીમ લિંકન કી ઝિંદગી કે ખુફિયા ગોશે)*

# ઉમ્રી કઝા નમાઝ

**(જિંદગીમાં છૂટી ગયેલી નમાઝ)**

**સંકલન**

**જનાબ 'જિગર' નબીપુરી, લંડન**

કોઈપણ ફર્ઝ નમાઝ નિયુક્ત થયેલા સમયની અંદર પઢી લેવામાં આવે તો એને અદા (જવાબદારીમાંથી મુક્ત) કહેવામાં આવે છે અને નિયુક્ત થયેલા સમય સિવાયના બીજા કોઈ સમયે પઢવામાં આવે તો તે 'કઝા' (છૂટી ગયેલ) કહેવામાં આવે છે.

દરેક નમાઝ એના નિયુક્ત સમયમાં પઢી લેવી જોઈએ જેથી તે 'અદા' (જવાબદારીમાંથી મુક્ત) થઈ જાય.

દુનિયાની પ્રવૃત્તિઓમાં રચ્યા–પચ્યા રહીને નમાઝ 'કઝા' કરવી મોટો ગુનો છે. અને એને આદત (ટેવ) બનાવી લેવી એ એનાથીયે વધારે ખરાબ છે. જેમ કે કેટલાક લોકો ક્ષણભંગુર જીવનમાં ગુંથાયેલા રહીને આખા દિવસની નમાઝો એકી સાથે સાંજે કે રાત્રે પઢે છે ! જો કે જે પઢતા જ નથી એનાથી કંઈક ઠીક છે પણ આવકારદાયક નથી.

જો કોઈ નમાઝ પઢવાની રહી ગઈ હોય તો યાદ આવતાં જ એને પઢી લેવી જોઈએ, જાણીબુઝીને મોડુ કરવું ગુનો છે.

'કઝા' નમાઝ પઢવા માટે એનો કોઈ નિયુક્ત સમય નથી. સૂર્યોદય, મધ્યાન (સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેનો બપોરનો સમય) અને સૂર્યાસ્તના મનાઈ કરેલા મકરૂહ સમય સિવાયના કોઈપણ સમયે પઢી શકાય છે. ફક્ત એક જ 'કઝા' નમાઝ હોય તો તે પહેલાં પઢવામાં આવે એ પછી જે નમાઝનો સમય થયો હોય તે સમયની નમાઝ પઢે. જો એવો ભય હોય કે, 'કઝા' નમાઝ પઢવા જતાં નિયુક્ત સમયની નમાઝ જતી રહેશે અથવા એનો સમય જતો રહેશે તો નિયુક્ત સમયની નમાઝ પહેલી પઢી લેવામાં આવે. ત્યાર પછી 'કઝા' થયેલી નમાઝ પઢવામાં આવી. (દા.ત. ઝહોરની નમાઝ 'કઝા' થઈ ગઈ તો અસરની નમાઝ પહેલાં ઝોહરની નમાઝ પઢી લેવી જોઈએ. પરંતુ ! એમ લાગે કે 'કઝા' નમાઝ પઢીશ તો અસરની નમાઝનો સમય જતો રહેશે તો પ્રથમ અસરની નમાઝ અદા કરી લેવી જોઈએ પછી જો વખત હોય તો 'કઝા' ઝોહરની નમાઝ પઢવી જોઈએ.

બાલિગ (તરુણવય) થયા બાદ દરેક મુસ્લિમ પર નમાઝ ફર્ઝ છે. ખુદા ન ખ્વાસ્તા (અલ્લાહ તઆલા ન કરે ને) મહિનાઓ, વર્ષોની અગણિત નમાઝ 'કઝા' થઈ (છૂટી ગઈ) હોય તો તે 'કઝા' (છૂટી ગયેલી) નમાઝ શક્ય એટલી વહેલી તકે પઢી લેવી જોઈએ એ ફર્ઝ છે. વળી 'કઝા' નમાઝો પઢી લીધા પછી ગણત્રી પૂરી થાય એટલે તૌબા પણ કરી લેવી જોઈએ જેથી અલ્લાહ તઆલા ચાહે તો નમાઝ 'કઝા' કરવાના ગુનો માફ કરી આપે.

એના માટે બાલિગ ઉમ્ર (તરુણાવય) શરૂ થયા પછીથી અત્યાર સુધીની જેટલી નમાઝો છૂટી ગઈ હોય (કઝા થઈ હોય) એ બધાનો બરાબર વિચાર કરી હિસાબ લગાડે. દા. ત. કોઈની પાંચ વરસની નમાઝો 'કઝા' થઈ (છૂટી ગઈ) હોય તો રોજની વીસ રકાત એટલે ફજરની બે ફર્ઝ, ઝોહરની ચાર ફર્ઝ, અસરની ચાર ફર્ઝ, મગરિબની ત્રણ ફર્ઝ, ઈશાની ચાર ફર્ઝ અને ત્રણ વિત્ર મળી કુલ ૨૦ રકાત એક દિવસની થાય છે. એ પ્રમાણે જેટલા વર્ષોની નમાઝ છૂટી ગઈ છે તેનો હિસાબ લગાડે, પછી દરેક નમાઝના સમયે એક એક 'કઝા' (છૂટી ગયેલી) નમાઝ પણ પઢે. અથવા શક્તિ પ્રમાણે એથી વધુ 'કઝા' નમાઝો પઢી લે. વળી નિય્યત પણ એ રીતે કરે કે મારી ફજરની જે સૌથી પહેલી નમાઝ છૂટી ગઈ તે (જો ફજરની પઢે તો) પઢું છું પછી જે 'કઝા' થઈ છે તે આમ ઝોહર, અસર અને બીજી કઝા નમાઝો માટે નિય્યત

જરૂરી છે. આ નમાઝો મકરૂહ સમય સિવાયના કોઈપણ સમયે એક યા એકથી વિશેષ, દરેક નમાઝના સમયે અથવા બીજો કોઈ અનુકૂળ સમય નક્કી કરી પઢી લેવાનો નિયમ બનાવો.

જે લોકોની મોટી સંખ્યામાં નમાઝ 'કઝા' થઈ હોય તેઓને માટે એક સરળ રીત નીચે દર્શાવવામાં આવી છે એ રીતે 'કઝા' નમાઝ પઢે તો એ જાઈઝ છે. સૌ પ્રથમ જે 'કઝા' નમાઝ પઢવાનો હોય તે સમયની નમાઝની નિય્યત કરે.

'અલ્લાહુ અકબર' કહી કોલ બાંધે (કયામ કરે) પછી 'ષના' (સુબ્હાનકલ્લાહુમ્મા આખી) પઢે. અઊઝુબિલ્લાહ અને 'બિસ્મિલ્લાહ' પૂરી પઢે. 'અલ્હમ્દુ શરીફ' સાથે કુર્આન શરીફની કોઈ ટૂંકી ત્રણ આયતો અથવા એક ટૂંકી સૂરત પઢે. 'અલ્લાહુ અકબર' કહેતાં રુકૂઅમાં જઈ એકવાર 'સુબ્હાન રબ્બીયલ અઝીમ' પઢે. (એ ખાસ ખ્યાલ રાખો કે, રુકૂઅમાં 'સુબ્હાન રબ્બીયલ અઝીમ' પઢે ત્યારે સુબ્હાનની સીનથી માંડી અઝીમની મીમ સુધી રુકૂઅની સ્થિતિમાં જ રહેવાય.) પછી 'સમિઅલ્લાહુ લિમન હમીદા' કહી કયામની સ્થિતિમાં ઊભો થાય. પછી 'અલ્લાહુ અકબર' કહી સિજદહમાં જઈ એકવાર 'સુબ્હાન રબ્બીયલ અઅ્લા' પઢી એ જ રીતે બીજો સિજદહ પણ કરે. (અહીં પણ સિજદહની સ્થિતિ જળવાય રહે એ ધ્યાનમાં રાખવાનું છે.) તે પછી 'અલ્લાહુ અકબર' કહી બીજી રકાત માટે ઉભો થઈ બીજી રકાત 'અલ્હમ્દુ શરીફ' અને કોઈ ટૂંકી ત્રણ આયતો અથવા એક નાની સૂરત પઢી પહેલી રકાત જેમ રુકૂઅ અને સિજદહ કરી કાએદહમાં બેસી 'અત્તહિય્યાત' પૂરી પઢી ત્રીજી રકાત માટે ઉભો થાય. આ થઈ પહેલી સહુલત.

બીજી સહુલત એ છે કે ફર્ઝની ત્રીજી રકાતમાં 'અલ્હમ્દુ શરીફ' પઢવાને બદલે 'બિસ્મિલ્લાહ શરીફ' સહીત ત્રણવાર 'સુબ્હાનલ્લાહ' ઈત્મિનાનથી પઢી, અગાઉની જેમ રુકૂઅ સિજદહ કરે. તે પ્રમાણ ચોથી રકાત પણ પઢે.

કએદહમાં 'અત્તહિય્યાત' પૂરી પઢી 'અલ્લાહુમ્મા સલ્લિ અલા મુહમ્મદીંવ વ અલા આલિ મુહમ્મદીંવ વબારીક વસલ્લિમ.' અને દુઆની જગ્યાએ 'રબ્બનગફિરલી વલેવાલેદય્યા યવમા યકુમુલહિસાબ' એક વખત પઢી સલામ ફેરવો. (બે રકાત, ત્રણ રકાતવાળી નમાઝ અને ચાર રકાતવાળી નમાઝના આખરી કાએદહની આ રીત છે.) આ થઈ ત્રીજી સહુલત.

વિત્રની ત્રણે રકાતોમાં 'અલ્હમ્દુ'ની સૂરત પછી આગળ જણાવ્યા પ્રમાણે સૂરત મેળવવાની છે. પરંતુ વિત્રની ત્રીજી રકાતમાં સૂરતો પઢયા બાદ 'અલ્લાહુ અકબર' કહી 'દુઆએ કુનત'ને બદલે એક અથવા ત્રણવાર 'રબ્બીગ ફીર્લી' પઢીને રુકૂઅ, સિજદહ, કાએદહ પઢી નમાઝ ખતમ કરે. (આ થઈ ચોથી સહુલત)

આ રીતે 'કઝા' (છૂટી ગયેલી) નમાઝો શક્ય એટલી જલ્દી પઢી લેવામાં આવે. મૌત ક્યારે આવે એ કોઈ જાણતું નથી. વળી એ પણ જાણી લેવું જોઈએ કે, જે લોકો ફર્ઝ નમાઝો નથી પઢતા તેમના નવાફિલ કામ જેવા કે વિર્દ, વઝાઈફ, એઅ્તેકાફ, તિલાવત, નફ્લ... વિગેરે જમીન આસ્માન દરમ્યાનમાં મુઅલ્લક (લટકતાં) રહે છે. એટલે આવા નવાફિલ કામોની કબૂલિયત માટે પણ 'કઝા' નમાઝો બાકી હોય તો પઢી લેવામાં મોડું કરવું ન જોઈએ. ગૈર મોઅક્કદહ્ સુન્નતો તથા નવાફિલની તુલનામાં 'કઝા' (છૂટી ગયેલી) નમાઝને પ્રાથમિક્તા આપી શકાય. (વલ્લાહુ અઅ્લમ.)

ફકીર કાદરી મુહમ્મદ ફારૂક ગોફેરલહૂ *(ફતવા વિભાગ મન્ઝરુલ ઈસ્લામ, બરેલી શરીફ ૧૦૯૭ રિસાલા આ'લા હઝરત, રેહનુમાએ નમાઝ ઉર્દૂના સૌજન્યથી)*

बज़्मे औलिया

## સૂફી તે આનુ નામ !

# હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ

કાર્યાલય

માણસ જો સારાને પસંદ કરે છે અને સારા બનવું હોય અને સારી જિંદગી બનાવવા ચાહતો હોય અને ખરેખર આખેરત પર ઈમાન હોય અને આખેરતને પણ સારું કરવા માંગતો હોય તો **કેવળ ઔલિયાની મહોબ્બતના દાવા કરવાથી** તથા ''**वली यों का दामन नहीं छोडेंगे**!'' નારા પર નારા મારવાથી કામ બનશે નહીં ! પણ ખરેખર વલીઓનો દામન પકડવા ચાહતો હોય તો સાચા વલીઓ જેઓ થઈ ગયા તેમના જીવનચરિત્રનો અભ્યાસ કરે અને **પ્રથમ તો એ વાત સમજી લે કે વલી શરીઅતના કેટલા પાબંદ હોય છે, કેટલો ખુદાનો ખૌફ તેમના દિલમાં હોય છે, બંગલા, વાડી, ગાડીની લાલચ તેમનામાં તદ્દન નથી હોતી, દુનિયાની દૌલતને ઠોકરે મારનાર હોય છે.... વગેરે બાબતો સમજે અને તેમના જીવનના અભ્યાસ પછી તેમના નક્શે કદમ પર ચાલવા કોશિશ કરે.** કહેવાતા વલીને ઓળખવા આવા વલીઓના જીવન ચરિત્રોને તેનું માપદંડ બનાવે તો વાસ્તવિક્તા તેની સમજમાં આવી જશે. **આજકાલ હકીકત કરતાં શોર ખૂબ મચી રહ્યો છે ! શરીઅતમાં છૂટછાટ લેનારાઓના ક્યાંક વલી તરીકે ડંકા વાગે છે ! તો ક્યાંક ઈલ્મ વિહોણા જાહિલ વલી તરીકે પંકાય છે !** ગમે તેને વલી અને કુતુબ વગેરે લેબલો આપી દેવામાં આવે છે અને તે બની બેઠેલી હસ્તીઓ પણ પોતાની વાહ વાહ સાંભળી મનમાં મલકાતી હોય છે, તો આવો ! અભ્યાસ કરો, સાચા વલી આવા હોય છે !

**नाम ही नाम है जो कुछ है हकीकत के सिवा**
**रास्ता कोई नहीं उन्की शरीअत के सिवा**

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ ખૂબ જ તકવાવાળા બુઝુર્ગોમાંથી હતા અને ઘણા મશાઈખીનથી ફયૂઝ પામ્યા હતા. ઘણા અરસા સુધી હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہની સોહબતમાં રહ્યા. હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''આપને તે તમામ ઈલ્મો ઉપલબ્ધ હતાં જે ઔલિયાએ કિરામમાં હોય છે, અને હકીકતમાં આપ ઈલ્મના ખજાનાની ચાવી હતા. એકવાર ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہની મજલિસમાં હાજર થયા તો લોકોએ તુચ્છકારભર્યી નજરે જોયા, પરંતુ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہએ ''સૈયદેના'' કહીને સંબોધ્યા અને પોતાની પાસે જગા આપી. જયારે લોકોએ સવાલ કર્યો કે એમને સરદારી કઈ રીતે હાંસલ થઈ ગઈ ?! તો ઈમામ સાહબે ફર્માવ્યું કે, ''તેમનો સંપૂર્ણ સમય ઝિક્ર તથા શુગલમાં જાય છે અને અમે દુનિયાવી કામોમાં પણ ભાગ લેતા રહીએ છીએ.''

## અલ્લાહને ખાતર સલ્તનતને ઠોકર મારી!

પહેલાં આપ બલ્ખના મહાન રાજા હતા. એકવાર આપ ઊંઘતા હતા એવામાં છત પર કોઈના ચાલવાનો અવાજ મહસૂસ થયો. તો આપે બૂમ પાડીને પૂછયું કે, છત પર કોણ છે ? જવાબ મળ્યો કે હું આપનો એક ઓળખીતો છું અને ઊંટની શોધમાં છત પર આવ્યો છું. આપે કહ્યું કે, છત પર ઊંટ કઈ રીતે આવી શકે છે ? જવાબ મળ્યો કે તમને તખ્ત તથા તાજમાં ખુદા કેવી રીતે મળી જશે ?! એ સાંભળતાં

આપ ભયભીત થઈ ગયા. અને બીજા દિવસે જ્યારે દરબાર ભરાયેલો હતો ત્યારે એક ખૂબ જ પ્રભાવશાળી શખ્સ દરબારમાં આવી પહોંચ્યો અને હાજરજનોમાં કાંઈક એવા રૂઆબ છવાઈ ગયો કે કોઈનામાં કાંઈ પૂછવાની હિંમત ન થઈ અને તે શખ્સ ઝડપભેર શાહી તખ્તની પાસે પહોંચીને ચારેવ તરફ કાંઈક જોવા લાગ્યો. અને જ્યારે ઈબ્રાહીમ અદહમે સવાલ કર્યો કે તમે કોણ છે ? અને કોની તલાશમાં આવ્યા છો ? તો તેણે કહ્યું કે હું રહેવાની નિય્યતથી આવ્યો હતો પરંતુ આ તો મુસાફરખાનુ જણાય છે એટલા માટે અહીં રહેવું યોગ્ય નથી. આપે કહ્યું કે મારા ભાઈ ! આ મુસાફરખાનુ નથી બલ્કે શાહી મહેલ છે ! તેણે સવાલ કર્યો કે તમારાથી અગાઉ અહીં કોણ રહેતુ હતું ? કહ્યું કે મારા બાપદાદાઓ ! સારાંશ કે એ જ પ્રમાણે પેઢીઓ સુધી પૂછયા બાદ તેણે કહ્યું કે, અને હવે તમારા પછી અહીં કોણ રહેશે ? જણાયું કે, મારી ઔલાદ ! તેણે કહ્યું કે જરા વિચારો કે જે સ્થળે આટલા બધા લોકો આવીને જતા રહ્યા અને કોઈ સ્થાયી ન થઈ શક્યું હોય તે જગ્યા જો મુસાફરખાનુ નથી તો બીજું શું છે ? આમ કહીને તે શખ્સ અચાનક ગાયબ થઈ ગયો. વળી ઈબ્રાહીમ અદહમ રાતના પ્રસંગથી ખૂબ જ ઉલ્ઝનમાં હતા જેથી આ પ્રસંગથી અધિક બેચૈન થઈ ગયા. અને આપ તે શખ્સને શોધવા નીકળી પડયા અને એક જગાએ મુલાકાત થતાં આપે તેનું નામ પૂછયું તો કહ્યું કે મને ખિઝર કહે છે. એવી જ ઉલઝનની હાલતમાં આપ લશ્કર સાથે શિકાર માટે રવાના થઈ ગયા પણ લશ્કરથી વિખૂટા પડી જઈને જ્યારે એકલા પડયા તો ગયબથી નિદા આવી કે, હે ઈબ્રાહીમ ! મૌતથી પહેલાં જાગી જાવ !" અને એ અવાજ સતત આવતો રહ્યો જેનાથી આપની દિલી હાલત બદલાતી ગઈ. પછી અચાનક સામે એક હરણ જોવા મળ્યું. આપે શિકારનો ઈરાદો કર્યો તો તે બોલી ઉઠયું, જો તમે મારો શિકાર કરશો તો તમે ખૂદ શિકાર થઈ જશો ! અને શું આપની પેદાઈશનો આ જ હેતુ છે કે આપ સૈર તથા શિકાર કરતા રહો ?! પછી આપની સવારીની ઝીનથી પણ એ જ અવાજ આવવા લાગ્યો અને આપ ગભરાઈને એ રીતે અલ્લાહ પ્રતિ ધ્યાનિત થયા કે દિલ બાતિની નૂરથી ઝગમગી ઉઠયું. એ પછી આપ તખ્ત તથા તાજને ત્યજીને રણો તથા જંગલોમાં ગિર્યા વ ઝારી કરતા કરતા નીશાપૂરની નજીક પહોંચ્યા અને એક ભયાનક ગુફામાં નવ વરસ સુધી ઈબાદતમાં વ્યસ્ત રહ્યા. અને દર જુમ્આએ લાકડીઓ ભેગી કરીને વેચી દેતા અને જે કાંઈ મળતું તેમાંથી અડધુ અલ્લાહના માર્ગે આપી દેતા અને બાકી વધેલી રકમ વડે રોટી ખરીદીને જુમ્આની નમાઝ અદા કરતા અને પછી અઠવાડિયા સુધી ગુફામાં ચાલ્યા જતા.

☞**નોંધ** : આજે તો વલી તથા મજઝૂબ તથા મસ્તાનબાવા કહેવડાવવું છે અને દૌલતનો અંબાર પણ મુરીદો ચાહકોથી લેતા રહેવું છે બલ્કે મોટી પાર્ટીને મુરીદમાં સામેલ કરવા પોલિટિક્સ પણ ખેલાય છે ! એવી કહેવાતી હસ્તીઓથી લોકોએ સાવચેત રહી, સાચા વલીનો દામન થામવો જોઈએ.

## વલી આવા ઈબાદતગુઝાર હોય છે !

શિયાળાની ઋતુમાં પાણી બરફના રૂપે જામી ગયું હતું તેને તોડીને આપે ગુસ્લ કર્યું અને આખી રાત ઈબાદતમાં વ્યસ્ત રહ્યા. અને સવાર પડતાં જ્યારે ખતરનાક ઠંડી મહસૂસ થવા લાગી તો આપને આગનો ખયાલ આવ્યો. હજી એવા ખયાલમાં જ હતા કે એટલામાં એવું અનુભવ્યું જાણે કોઈએ પીઠ પર ગરમ કપડુ રાખી દીધું હોય જેના કારણે પુરસુકુન ઊંઘ આવી ગઈ. અને જ્યારે જાગ્યા તો જોયું કે એક ઘણો મોટો અજગર હતો જેની ગરમીએ આપને સુકૂન આપ્યું હતું, એ જોઈને આપ ડરી ગયા અને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે તેં તો એને મારા માટે સુકૂનનો સબબ બનાવ્યો હતો, પરંતુ હવે એ કહેરના રૂપમાં મારી સમક્ષ છે ! આવું કહેતાં જ અજગર જમીન પર ફેણ મારી અદશ્ય થઈ ગયો.

☞**નોંધ** : આજે આરામદાયક સફર હોય છતાં ઔલિયાના આશિક આપણા ભાઈઓ બહેનો નમાઝો ત્યજી દે છે, જાય છે ઔલિયાના મઝારની ઝિયારતે અને નમાઝો ધડાધડ છોડે જાય છે ! અરે ! કહેવાતી ઝિયારતે કેટલીક હસ્તીઓનો પણ એ જ હાલ જોવા મળે છે ! વળી, રાત રાત ભર ઔલિયા અલ્લાહની શાનમાં તકરીરો સાંભળનારા અને વળી કેટલાક તકરીરો કરનારા તથા અમુક હસ્તી કહેવાતા પીર બાવાઓ પણ ફજરમાં મસ્જિદથી ગાયબ રહે છે, ન તો ઘરે જલ્દી ઉઠે છે ! એવા લોકો ઢોંગ છોડે અને ખુદાનો ખૌફ રાખી આવા સાચા વલીઓના નક્શે કદમ ચાલવા કોશિશ કરે.

## વલી પોતાની વાહ વાહના લાલચુ નથી હોતા !

આપ સફર કરતા અને ગિર્યા વ ઝારી કરતા કરતા ચાલીસ (૪૦) વરસે મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા. જ્યારે હરમવાળા બુઝુર્ગોને આપના આગમનની જાણ થઈ તો તેઓ સ્વાગત માટે બહાર આવી ઉભા થઈ ગયા. અને આપે કોઈ આપને ઓળખી ન લે એ ડરથી પોતાને કાફલાથી અલગ કરી લીધા અને જ્યારે હરમના ખાદિમોએ જેઓ આગળ આગળ હતા તેમણે પૂછયું કે ઈબ્રાહીમ ઈબ્ને અદહમ કેટલે દૂર છે ? એટલા માટે કે હરમવાસીઓ તેમનું કરવા આવી રહ્યા છે. તો આપે કહ્યું કે તે લોકો એ મુલ્હિદ અધર્મીને શા માટે મળવા ચાહે છે ?! આ સાંભળતાં જ ખાદિમોએ આપના ચહેરા પર થપ્પડ મારતાં કહ્યું કે મુલ્હિદ અધર્મી ખૂદ તું છે ! આપે કહ્યું, હું પણ તો એ જ કહી રહ્યો હતો ! અને જ્યારે તે લોકો આગળ નીકળી ગયા તો આપે આપના નફ્સને કહ્યું, તારાં કરતૂતોની સજા ભોગવી લીધી ! કેમ કે ખુદાનો શુક્ર છે કે હરમવાસીઓના સ્વાગતની ખ્વાહિશ પૂર્ણ ન થઈ ! અને ત્યારબાદ જ્યારે લોકોએ આપને ઓળખી લીધા તો એટલા પ્રમાણમાં અકીદતમંદ બની ગયા કે આપે પણ ત્યાં રહેઠાણ બનાવી લીધું, અને અસંખ્ય લોકો આપના હાથો પર બયઅત થયા. અને આપની એ હાલત હતી કે રોજીની પ્રાપ્તિ માટે ઘણી તકલીફ વેઠીને જંગલમાંથી લાકડીઓ લાવી એને વેચતા રહેતા અને ક્યારેક કોઈના ખેતરની રખેવાળીનું કામ કરતા.

☞**નોંધ** : આવા હોય છે અલ્લાહવાળાઓ ! ન તેમને નામનાની પડી હોય છે ન કોઈના ભાર રૂપ બનતા હોય છે બલ્કે અન્ય લોકોને સહાયરૂપ બનતા હોય છે.

## આપના સબકદાયક ઈર્શાદો

કોઈએ નઝરાના રૂપે આપની સેવામાં હજાર દિરહમ પેશ કરીને કબૂલી લેવા વિનંતિ કરી. પરંતુ આપે ફર્માવ્યું કે હું ફકીરોથી કાંઈ નથી લેતો ! તેણે કહ્યું કે હું તો ખૂબ જ માલદાર છું ! આપે ફર્માવ્યું કે શું આનાથી વધારે મેળવવાની તને તમન્ના છે કે નથી ? જ્યારે તેણે હકારમાં જવાબ આપ્યો તો આપે કહ્યું કે, "તારી રકમ પાછી લઈ જા ! કારણ કે તું ફકીરોનો સરદાર છે !" આગળ ફર્માવ્યું કે ખ્વાહિશોનો બંદો કદી સાચો નથી હોઈ શક્તો, કેમ કે ખુદાની સાથે ઈખ્લાસ (નિખાલસતા)નો સંબંધ સચ્ચાઈ તથા ખુલૂસ નિય્યતથી છે.

પછી ફર્માવ્યું કે જેનું ત્રણ હાલતોમાં દિલ ન જામે તેના પર રહમતનો દરવાજો બંધ થઈ ચૂક્યો છે : (૧) કુર્આન શરીફની તિલાવતના સમયે. (૨) નમાઝની હાલતમાં (૩) ઝિક્ર અઝકાર વખતે. અને આરિફની ઓળખ એ જ છે કે તે દરેક ચીજમાં ઈબ્રત પામવા માટે ચિંતન મનન કરતો રહી પોતાને હમ્દો ષનામાં મશ્ગૂલ રાખે, અને અલ્લાહની ફર્માબરદારીમાં વધુને વધુ સમય વિતાવે. પછી ફર્માવ્યું કે એકવાર માર્ગમાં મને એક એવો પથ્થર મળ્યો જેના પર એવું લખેલું હતું કે એને ઉલ્ટો પઢો. જ્યારે મેં વાંચ્યું તો તેના પર લખેલું હતું કે પોતાના ઈલ્મના પ્રમાણે એના પર અમલ કેમ નથી કરતા ? અને જેનો તમને ઈલ્મ નથી એના તાલિબ

શા માટે થાવ છો ? પછી ફર્માવ્યું કે **હશ્રમાં તે જ અમલ વજનદાર થશે જે દુનિયામાં ભારે (અઘરો) લાગે છે.** પછી ફર્માવ્યું કે ત્રણ પર્દાઓ દૂર થઈ ગયા પછી કલ્બે સાલિક પર સર્વ ખજાનાઓ ખોલી દેવામાં આવે છે : પ્રથમ એ કે કદી દુનિયાની સલ્તનત ન સ્વીકારે, બીજું જો કોઈ ચીજ લઈ લેવામાં આવે તો ગમગીન ન થાય, કેમ કે કોઈ ચીજ મળતાં ખુશી પ્રદર્શિત કરવી લોભી હોવાની નિશાની છે અને ગમ કરવો ગુસ્સાની નિશાની છે. ત્રીજું એ કે કોઈ પ્રકારની પ્રશંસા તથા બખ્શિશ પર કદી ખુશી પ્રદર્શિત ન કરે, કેમ કે ખુશી પ્રદર્શિત કરવી એ લઘુતાગ્રંથિની નિશાની છે અને લઘુતાગ્રંથિવાળો હમેશાં શરમિંદગીનો શિકાર થાય છે.

## ઈબ્રાહીમ અદહમ અને હલાલ રોજીનું મહત્વ

આપે કોઈકને પૂછયું કે શું તમે હક્ક જમાઅતમાં સામેલ થવા ચાહો છો ? જ્યારે તેણે હકારમાં જવાબ આપ્યો તો આપે ફર્માવ્યું કે દુનિયા તથા આખેરતની રત્તીભર પરવા કર્યા વિના પોતાને ગૈરુલ્લાહથી ખાલી કરી લો અને હલાલ રોજીનો ઉપયોગ કરો. પછી ફર્માવ્યું કે **રોઝા, નમાઝ અને જેહાદ તથા હજ્જ પર કોઈને જવાંમર્દીનો મર્તબો ત્યાં સુધી હાંસલ નથી થઈ શક્તો જ્યાં સુધી તે એવું મેહસૂસ ન કરી લે કે તેની રોજી ક્યા પ્રકારની છે.** રિવાયત છે આપની સમક્ષ એક વજદ તથા ઈબાદત તથા રિયાઝતમાં મશગૂલ રહેનારા નવયુવાનની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી જેથી મુલાકાતના શોખથી જ્યારે આપ તેને ત્યાં પહોંચ્યા તો તેણે આપને ત્રણ દિવસ મહેમાન રહેવાની વિનંતિ કરી. જ્યારે આપે ત્રણ દિવસ તેની રોજનીશીનો અભ્યાસ કર્યો તો તેની જેટલી તારીફ સાંભળી હતી તેનાથી વિશેષ ઈબાદત રિયાઝત કરનાર અનુભવ્યો. અને એ જોઈને આપે શર્મિંદા થઈને ફર્માવ્યું, અમે તો આળસુ છીએ અને આ શબ બેદારી કરતો રહે છે. પરંતુ પછી આપને એ ખયાલ આવ્યો કે, ક્યાંક આ આબિદ ઈબ્લીસના કોઈ ધોકામાં સપડાયેલો તો નથી ?! એટલા માટે એ જોવા ચાહ્યું કે એ હલાલ રોજીનો ઉપયોગ કરે છે કે નહીં ? જ્યારે આપને યકીન થઈ ગયું કે એની રોજી હલાલ નથી, તો પછી આપે તેને ત્રણ દિવસ પોતાને ત્યાં મહેમાન થવા કહ્યું અને પોતાની સાથે તેને લાવીને ખાવા ખવડાવ્યું. જેના પછી તેની અગાઉ જેવી (ખૂબ ઈબાદતવાળી) હાલત બાકી ન રહી. જ્યારે તેણે પૂછયું કે તમે આ શું કરી દીધું છે ?! તો ફર્માવ્યું કે તને હલાલ રોજી ન મળવાના સબબે શૈતાનની કાર્યવાહી ચાલુ હતી અને હવે મારે ત્યાં **હલાલ રોજીએ તારી આંત્રિક (બાતિની) હાલતને ફેરવી નાખી છે.** અને તને એ પણ જાણ થઈ ગઈ કે **તમામ ઈબાદત તથા રિયાઝતનો સંબંધ (કબૂલિયતનો આધાર) હલાલ રોજી પર નિર્ભર છે.**

☞ **નોંધ** : જાણવા મળ્યું કે અલ્લાહવાળા હરામ રોજીથી દૂર ભાગતા હોય છે અને હલાલ સિવાય કાંઈ ખાતા નથી અને **કોઈ ગમે તેવો આબિદ, ઝાહિદ, મુત્તકી, પરહેઝગાર બનીને ફરે પણ તેની રોજી હરામની છે તો સર્વ બેકાર છે માટે "વલીઓં કા દામન નહીં છોડેંગે"નો નારો મારનારાઓએ પોતાની રોજી હરામની છે કે હલાલની તેની ખાસ કાળજી લઈ હરામ ત્યજી હલાલ માલ ખાવો જોઈએ ત્યારે વલીઓનો દામન પકડેલો કહેવાશે,** નહીં તો કેવળ ઝબાની દાવા સિવાય કાંઈ જ રહેશે નહીં, અને અંજામમાં જહન્નમ સિવાય કાંઈ મળશે નહીં

## દીન ઈમાનનું મહત્વ અને ઈબ્રાહીમ અદહમ

એક દિવસે આપની પાસે શકીક બલ્ખી رحمۃ اللہ علیہ આવ્યા અને સવાલ કર્યો કે આપ

દુનિયાથી શા માટે ભાગ્યા છો ? ફર્માવ્યું કે, "મારા દીનને ગોદમાં લઈને એક જંગલથી બીજા જંગલ, એક સ્થળેથી બીજે સ્થળે એટલા માટે ભાગતો રહું છું કે જોનારા મને ક્યાં તો મજૂર કે પાગલ સમજે જેથી મારા દીનને સલામત લઈને મૌતના દરવાજાથી નીકળી જાઉં." રમઝાનના મહીનામાં આપ જંગલથી ઘાસ લાવીને વેચતા રહેતા અને તેનાથી પ્રાપ્ત થનારી રકમને ખૈરાત કરીને આખી રાત ઈબાદતમાં વ્યસ્ત રહેતા. અને જ્યારે આપને સવાલ કરવામાં આવ્યો કે શું તમને ઊંઘ નથી આવતી ? ફર્માવ્યું કે જેની આંખોએથી દરેક સમયે સતત અશ્રુધારા ચાલુ હોય તેને વળી ઊંઘ કેમ કરીને આવે ?! અને આપનો એ નિયમ હતો કે નમાઝથી પરવાર્યા બાદ પોતાનો ચહેરો છુપાવીને ફર્માવતા કે, **"મને એ ડર રહે છે કે અલ્લાહ તઆલા મારી નમાઝને મોંઢા પર ન મારી દે !"** એકવાર આપને **ખાવા નસીબ ન થયું તો શુક્રાનાનીની ચારસો રકાતો અદા કરી !**

☞ **નોંધ** : આ હતા અલ્લાહવાળા કે દીન ઈમાનને બચાવવા દુનિયાથી ભાગતા હતા ! જ્યારે આજે લોકો પોતે દુનિયાદારો તો ઠીક પણ ગુસ્તાખે નબી વહાબી, દેવબંદીઓ સાથે ઉઠક બેઠક, મેળ મેળાપ, શાદી વિવાહ કરે છે કે જે તદ્દન હરામ છે. ઉપરથી પાક્કા સુન્ની તો એ પોતે જ ! **વળી કેટલા તો દેવબંદી છોકરી લાવે છે અને કહે છે કે તેને સુન્ની બનાવી દઈશું !** જોઈ રહ્યા છે કે એવું કરતાં કરતાં કેટલાય વહાબિયત તરફ વહી ગયા અથવા ઓલા પોલા સુન્ની રહી ગયા ! છતાં આવી બહેકી બહેકી વાતો કરે છે. તેમણે આ પરથી બોધ લઈને પોતાના ઈમાનની ખાસ સલામતીની કાળજી લેવી જોઈએ અને બદ્‌મઝહબોથી સંબંધો કટ કરવા જોઈએ.

વળી પોતાની નમાઝો કે તિલાવતો કે વઝીફાઓ પર નાઝ ન કરવો જોઈએ કે હું ૫૦ વરસથી નમાઝો પઢું છું ને આટલા કુર્આન ખત્મ કરું છું ! છતાં અમને આ તકલીફ ! વગેરે કેમ કે જ્યારે અલ્લાહથી ડરીને જીવનારા આ વલી અલ્લાહ જ્યારે પોતાની ઈબાદતો પર નાઝ નથી કરતા બલ્કે ઈબાદતો કરીને પણ રબથી કેટલા ડરે છે !

એકવાર આપે એક ગુલામ ખરીદયો. જ્યારે તેનું નામ પૂછયું તો તેણે જવાબ આપ્યો કે, "તમે જે નામથી ચાહો પોકારો !" પછી મેં સવાલ કર્યો કે તમે શું ખાવ છો ? તો તેણે જવાબ આપ્યો કે, "જે તમે ખવડાવો !" મેં ફરી પૂછયું કે તારી ઈચ્છા શું છે ? તો તેણે જવાબ આપ્યો કે, "જે તમારી ઈચ્છા હોય ! ગુલામોને એ ચીજથી બહષ નથી હોતી !" એ સાંભળીને આપે વિચાર્યું કે કાશ ! હું પણ અલ્લાહ તઆલાનો આ જ પ્રમાણે આજ્ઞાંક્તિ હોત તો કેટલું સારું થાત !

## દુઆ કબૂલ ન થવાનાં કારણ

જ્યારે આપથી લોકોએ દુઆ કબૂલ ન થવા વિશે શિકાયત કરી તો ફર્માવ્યું કે, "તમે ખુદાને જાણવા છતાં તેના આજ્ઞાપાલનથી દૂર રહો છો. અને તેના કુર્આન તથા રસૂલથી વાકેફ હોવા છતાં પણ તેના હુકમો પર ચાલતા નથી. અને તેની રોજી ખાઈને પણ તેનો શુક્ર અદા નથી કરતા. જન્નતમાં જવાનો અને જહન્નમથી બચવાનો ઈન્તેઝામ નથી કરતા. માંબાપને દફન કરીને પણ સબક ધારણ નથી કરતા. શૈતાનને દુશ્મન જાણવા છતાં તેનો વિરોધ નથી કરતા. મૃત્યુ આવવાનું યકીન રાખવા છતાં તેનાથી બેખબર છો અને પોતાની ખામીઓથી વાકેફ હોવા છતાં પણ અન્યોની ખામીઓ શોધતા રહો છો. પછી ભલા જાતે જ વિચારો કે એવા લોકોની દુઆ કેમ કરીને કબૂલ થઈ શકે ?!

## વલી આવા હોય છે !

એકવાર હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ એક બાગની રખેવાળીની નોકરીમાં રહ્યા. તેના

માલિકે એકવાર આવીને કહ્યું કે મારા માટે મીઠા દાડમ તોડી લાવો. જેથી મેં જેટલાં પણ દાડમો આપ્યાં સર્વે ફિક્કાં નીકળ્યાં તો તણે કહ્યું કે તમને આ જ સુધી મીઠા તથા ફિક્કાં દાડમની ઓળખ જ નથી થઈ શકી ! આપે કહ્યું કે, **મને રખેવાળી પર નિયુક્ત કર્યો છે ન કે ખાવાને માટે !** આ સાંભળીને બાગના માલિકે કહ્યું કે, લાગે છે કે તમે ઈબ્રાહીમ બિન અદહમ છો ! આ સાંભળતાં જ આપ અજાણ સ્થળ તરફ જતા રહ્યા.

એકવાર આપ સફર કરી રહ્યા હતા અને માર્ગમાં એક સિપાહી મળ્યો એને જ્યારે આપનું નામ પૂછયું તો આપે કબ્રસ્તાન તરફ ઈશારો કર્યો. તો એ સિપાહીને ખૂબ જ ગુસ્સો આવ્યો અને કહેવા લાગ્યો કે મારી મઝાક કરો છો ! અને આપની ગરદનમાં રસ્સી નાખીને મારપીટ કરતો કરતો વસ્તીમાં લઈ આવ્યો. જ્યારે લોકોએ સિપાહીને કહ્યું કે તેં આ શું જુલ્મ કર્યો ! આ તો હઝરત ઈબ્રાહીમ બિન અદહમ (رحمۃ اللہ علیہ) છે ! આ સાંભળીને જ્યારે તેણે માફી માંગી તો આપે ફર્માવ્યું કે, તેં જુલ્મ કરીને મને જન્નતનો હક્કદાર બનાવી દીધો એટલા માટે હું તને દુઆ આપુ છું કે તું પણ જન્નતમાં જાય. ત્યારબાદ કોઈ બુઝુર્ગે જન્નતવાસીઓને ખ્વાબમાં જોયા કે તેમના ખોળા મોતીઓથી ભરેલા છે. જ્યારે તે બુઝુર્ગે એના વિશે સવાલ કર્યો તો જણાવ્યું કે કોઈ નાવાકેફે હઝરત ઈબ્રાહીમ બિન અદહમનું માથુ ફોડી નાખ્યું હતું અને અમને એ હુકમ મળ્યો છે કે જ્યારે તે જન્નતમાં પ્રવેશે તો તેના પર મોતીઓ વધાવવામાં આવે.

## આપની કરામતો

### ★ ખાટાં ફળો મીઠાં થઈ ગયાં ! ★

હઝરત મુહમ્મદ મુબારક સૂફી કહે છે કે એકવાર મેં આપની સાથે બયતુલ મુકદ્દસની સફરમાં બપોરના સમયે એક દાડમના ઝાડની નીચે નમાઝ અદા કરી, એ વખતે ઝાડમાંથી નિદા આવી કે મારું ફળ ખાઈને ઈજ્જતમાં વધારો કરવામાં આવે. જેથી આપે બે દાડમ તોડીને એક મને આપ્યું અને એક પોતે ખાધું. પરંતુ એ વખતે તે ઝાડ પણ નાનું હતું અને દાડમ પણ ખાટાં હતાં. પણ જ્યારે અમે બૈતુલ મુકદ્દસથી પાછા ફર્યા તો ખૂબ જ કદાવર થઈ ગયું હતું અને દાડમ પણ ખૂબ જ મીઠાં હતાં. અને વરસમાં બે વાર ફળ આપતું હતું. આ કરામતના કારણે એ ઝાડને "રસાનુલ આબિદીન"થી ઓળખવામાં આવ્યું.

### ★ પહાડ ચાલવા લાગ્યો ! ★

આપ કોઈ બુઝુર્ગ સાથે એક પહાડી પર વાતચીતમાં વ્યસ્ત હતા. તેમણે સવાલ કર્યો કે અહલે હક્કના મુકમ્મલ હોવાની શું નિશાની છે ? ફર્માવ્યું કે જો તે પહાડને ચાલવાનો હુકમ આપે તો તે પહાડ પોતાની જગા છોડી આપે. આવું કહેતાં જ તે પહાડ હરકતમાં આવી ગયો. તો આપે ફર્માવ્યું કે મેં તને ચાલવા માટે નથી કહ્યું ! જેથી તે રોકાઈ ગયો.

### ★ કશ્તી ડૂબવાથી બચી ગઈ ★

કોઈ બુઝુર્ગની સાથે આપ કશ્તી (નાવ)માં સફર કરી રહ્યા હતા. અચાનક સખત તોફાન આવ્યું અને લોકો ડરથી કાંપવા લાગ્યા. તે જ વખતે અવાજ આવ્યો કે, ગભરાવ નહીં ! તમારી સાથે ઈબ્રાહીમ બિન અદહમ પણ છે ! અને અવાજ પછી તોફાન રોકાઈ ગયું. અને એકવાર આપ કશ્તી પર સફર કરી રહ્યા હતા તો સખત તોફાન આવી ગયું અને આપે કુર્આને કરીમ હાથમાં લઈને કહેવાનું શરૂ કર્યું કે, યા અલ્લાહ ! અમારી સાથે તારી મુકદ્દસ કિતાબ પણ છે અને અમારા ડૂબવાથી એ પણ ડૂબી શકે છે. અવાજ આવ્યો કે એવું નહીં થાય.

### ★ આખુ રણ સોનુ બની ગયું ! ★

એકવાર આપે નાવડીમાં સફર કરવાનો ઈરાદો કર્યો તો નાવિકે ભાડુ માંગ્યું અને તે સમયે આપની પાસે કાંઈ જ ન હતું. આપે નમાઝ પઢીને દુઆ માંગી

કે યા અલ્લાહ ! આ નાવિક ભાડુ માંગે છે ! જેથી એ જ વખતે આખુ રેતીનું રણ સોનુ બની ગયું અને આપે એક મુટ્ઠી ભરીને નાવિકને આપી દીધું.

**★ માછલી સોય પાછી આપી ગઈ ! ★**

દજલા નદીના કિનારે આપ આપની ગોદડી સીવી રહ્યા હતા. એવામાં કોઈકે આવીને કહ્યું કે રાજપાટ છોડીને તમને શું મળ્યું ? આ સાંભળીને આપે આપની સોય નદીમાં ફેંકી દીધી તો અસંખ્ય માછલીઓ પોતાના મોઢામાં સોનાની એક એક સોય દબાવીને જાહેર થઈ પરંતુ આપે કહ્યું કે મને મારી સોય જ જોઈએ ! જેથી એક માછલી આપની સોય પણ લઈને આવી ગઈ. અને આપે આપની સોય લઈને તે શખ્સને કહ્યું, રાજ સત્તાને ત્યજીને આવી એક મામૂલી ચીજ પ્રાપ્ત થઈ છે !

**★ કૂવામાંથી સોના, ચાંદી, મોતીની ડોલો નીકળી ! ★**

આપે કૂવામાંથી ડોલ કાઢી તો ડોલ સોનાથી છલોછલ ભરેલી હતી. આપે તેને ફેંકી દઈને ફરીથી ડોલ નાખી તો ચાંદીથી ભરાયેલી નીકળી અને ત્રીજીવારે મોતીઓથી ભરેલી નીકળી. એ સમયે આપે કહ્યું કે યા અલ્લાહ ! હું પાકીઝગી હાંસલ કરવા માટે પાણી ચાહું છું. મારી દૃષ્ટિમાં સોના ચાંદીની કોઈ કિંમત નથી. હજ્જના સફર દરમ્યાન આપના સાથીઓએ વિનંતિ કરી કે અમારી પાસે પીવાનો કોઈ સામાન નથી. ફર્માવ્યું કે ખુદા પર ભરોસો રાખો અને પેલા ઝાડની તરફ જુઓ જે અત્યારે સોનાનું બની ગયું છે.

**★ સિંહ શિકાર આપી ગયો ! ★**

આપ કેટલાક બુઝુર્ગોની સાથે એક કિલ્લાની નજીક એક પડાવ નાખીને આગ પેટાવવામાં મશગૂલ થઈ ગયા. તો કોઈએ કહ્યું કે આ જગ્યાએ આગ તથા પાણી બંનેની વ્યવસ્થા છે જેથી જો ક્યાંકથી ગોશ્ત મળી જાય તો શેકીને ખાઈએ. આપે કહ્યું, અલ્લાહને સૌ કુદરત છે અને નમાઝમાં વ્યસ્ત થઈ ગયા. એ જ વખતે ક્યાંકથી સિંહની ગર્જનાનો અવાજ આવ્યો અને તમામ બુઝુર્ગોએ કહેવાનું શરૂ કર્યું કે સિંહ એક શિકારને આપણી તરફ ઘેરીને લાવી રહ્યો છે. જેથી સૌએ તે શિકારને પકડીને ઝબહ કર્યું અને જ્યાં સુધી સર્વ લોકો ખાવા ખાતા રહ્યા ત્યાં સુધી તે સિંહ નિગરાની કરતો રહ્યો.

આપના ઈન્તેકાલ પછી આખા જગતે એ અવાજ સાંભળ્યો કે **આજે દુનિયાનો અમ્ન ફૌત થઈ ગયો.** ત્યારબાદ આપના ઈન્તેકાલની ખબર મળી પરંતુ આપના અદશ્ય થવાના કારણે ન એ જાણવા મળ્યું કે આપનો મઝાર ક્યાં છે અને ન એ ભાળ મળી કે ક્યાં ઈન્તેકાલ થયો. અમુક હઝરાતનો ખ્યાલ છે કે મઝાર બગદાદમાં છે અને અમુક કહે છે કે હઝરત લૂત علیہ السلامની કબ્રની નજીક શામ (સીરિયા)માં દફન થયા છે. *(કિતાબ તઝકેરૂલ ઔલિયાના સૌજન્યથી)*

## આ'લા હઝરતની દરબારે ખ્વાજામાં હાજરી

હિ.સ. ૧૩૨૫માં મુજદ્દિદે દીનો મિલ્લત, સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ્યારે હરમૈન શરીફૈનથી હિંદુસ્તાન પરત આવ્યા તો મુંબઈ બંદરેથી આપ સીધા અજમેર શરીફ ખ્વાજાએ હિંદ رحمۃ اللہ علیہની બારગાહે નાઝમાં હાજરી આપવા ગયા. આપના અકીદતમંદોની એક ભીડ સૈયદી આ'લા હઝરતને લઈને સૌ પ્રથમ પોત પોતાના શહેર, કસ્બા તથા ઘરે પધારવા આગ્રહ કરતી રહી પણ આપે સર્વ અકીદતમંદોની અકીદત પર હઝરત ખ્વાજા ગરીબ નવાઝની અકીદતને અગ્રતા આપી. જેમ કે ત્યાંના ખિદમતગુઝાર "સૈયદ હુસૈન અલી અજમેરી"એ લખ્યું કે : "એ હાજરી એવી અકીદત તથા મહોબ્બતથી છલોછલ હતી કે અમે આસ્તાનાના ખાદિમો તથા અજમેરના તમામ મુસ્લિમોના દિલોમાં અંકિત થઈ ગઈ."

*(હવાલો : હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ, પેજ–૫૯, ૬૦)*

# હાફિઝે મિલ્લત અને અશરફિયા મિશન

**રજૂકર્તા : અલતાફ હુસૈન કુરચનવી** *(વિદ્યાર્થી : અલ્ જામેઅતુલ અશરફિયા–મુબારકપુર)*

**જિસ્ને પૈદા કિયે કિતને લાલો ગૌહર**
**હાફિઝે દીનો મિલ્લત પે લાખો સલામ**

હિંદુસ્તાનની ધરતી ઘણી ફળદ્રુપ છે. આ ધરતી પર અનેક મહાપુરૂષોએ જન્મ લીધા અને ધરતીના ગૌરવને વધાર્યું અને પોતાના અનેક બેમિસાલ કાર્યોના કારણે ઈતિહાસમાં અમર થઈ ગયા. તેમાંના જ મહાપુરૂષોમાંથી માનવતાના પ્રતીક સર્વ પ્રિર્ય **હુઝૂર હાફિઝે મિલ્લત શાહ અબ્દુલ અઝીઝ સાહબ મોહદ્દિષ મુરાદાબાદી** પણ એક છે.

વીસમી સદીના આંચલમાં ફેલાયેલી તેમની ધાર્મિક સેવાઓ તારાઓની જેમ પ્રકાશમાન અને માણસના માટે માર્ગદર્શક છે. તેમનાં કાર્યોની ઉપેક્ષા કરીને આપણી એકતા તથા શિક્ષાનો ઈતિહાસ પરિપૂર્ણ નથી થઈ શક્તો આજે લોકો તેમને અબ્દુલ અઝીઝના નામથી ઓછા પ્રમાણમાં અને હાફિઝે મિલ્લતના નામથી વધારે પ્રમાણમાં જાણે છે અને યાદ કરે છે.

**જન્મ** : હુઝૂર હાફિઝે મિલ્લત عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان નો જન્મ જિલ્લા મુરાદાબાદના મશહૂર કસ્બા ભોજપુરમાં ૧૮૯૪ ઈ.સ. ના કોઈ સોમવારે એક ગરીબ અને ધાર્મિક પરિવારમાં થયો. દાદએ આપનું નામ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીના નામ પર અબ્દુલ અઝીઝ રાખ્યુ અને કહ્યું કે, "મારો આ છોકરો આલિમ થશે." આપના દાદાની ભવિષ્યવાળી સત્ય થઈ પરંતુ એક મુહદ્દિષના નામનો સંબંધ પણ રંગ લાવ્યો અને ભવિષ્યમાં આપ એક ઉચ્ચકોટિના આલિમ જ નહીં પરંતુ મુહદ્દિષ અબ્દુલ અઝીઝ દ્વિતિય પણ સિદ્ધ થયા.

## તા'લીમની શરૂઆત

ઈસ્લામી ધર્મ અનુસાર પ્રાથમિક તા'લીમ પોતાના પિતા હાફિઝ ગુલામ નૂર સાહબ આપી અને ત્યાર પછી ભોજપુરમાં જ ઉર્દૂ તા'લીમ પ્રાપ્ત કરી અને કુર્આન શરીફ કંઠસ્થ કર્યું અને ત્યાર પછી તરત જ આલિમ કલાસ સુધીની તા'લીમ જામેઆ નઈમિયા મુરાદાબાદમાં પ્રાપ્ત કરી. ભોજપુરથી મુરાદાબાદ ૨૯ કિ.મી. દૂર છે તો આ ભોજપુરથી મુરાદાબાદ ચાલતા આવતા હતા અને એકવાર કુર્આન શરીફ દોહરાવી લેતા હતા. ત્યાર પછી આપ દારુલ ઉલૂમ મોઈનિયા અજમેર શરીફ ગયા. ત્યાં આપે ઘણી મહેનત પરિશ્રમ અને લગનથી હઝરત સદરુશ્શરીઅહ મૌલાના અમજદઅલી સાહબ આ'ઝમી رحمۃ اللہ علیہ અને બીજા શિક્ષકોથી તા'લીમ પ્રાપ્ત કરી.

**કાર્યક્ષેત્ર** : તા'લીમ પ્રાપ્ત કર્યા પછી નોકરી કરવાનો કોઈ વિચાર ન હતો પરંતુ કોઈ વ્યવસાય અને સ્થાનિક સ્થળ પર ધર્મના પ્રચારનું કાર્ય કરવા ચાહતા હતા. તે જ દરમ્યાન આગ્રા અને મુરાદાબાદથી આપને આમંત્રિત કરવામાં આવ્યા પરંતુ આપે નોકરી ન કરવાનો વિચાર પ્રગટ કરીને ક્ષમા માંગી લીધી. ત્યાર પછી આપના ઉસ્તાદ હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એ આપને બરેલી બોલાવીને કહ્યું કે, "હાફેઝ સાહબ ! હું હમેશાં બાહર

રહ્યો અને મારો જિલ્લો આ'ઝમગઢ ખરાબ થઈ ગયો." એટલા માટે હું આપને ધાર્મિક સેવાના માટે મુબારકપુર મોકલુ છું. હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ પણ તેમને આ જ કહ્યું કે હું નોકરી કરવા નથી ચાહતો. આ જવાબ પર સદરુશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ કહ્યું કે નોકરીના માટે નહીં પણ હું ધર્મની સેવા માટે તમને મુબારકપુર મોકલું છું. આપ પોતાના ઉસ્તાદના આદેશ અનુસાર તા. ૧૪–૯–૧૯૩૪માં મુબારકપુર આવ્યા અને મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ મુબારકપુરમાં પ્રિન્સીપાલના રૂપમાં કાર્ય કરવા લાગ્યા. આપના મુબારકપુર આવવાના પહેલાં મદ્રસાની તા'લીમી અને ધાર્મિક દશા વિચારવા જેવી હતી. જેમાં માત્ર સ્થાનિક વિદ્યાર્થી તા'લીમ પ્રાપ્ત કરી રહ્યા હતા. હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْના આવ્યા પછી મદ્રસાની શોહરત ચારેવ દિશાઓમાં પ્રસરી ગઈ અને જોતજોતામાં ઘણા સ્થાનોએથી પણ વિદ્યાર્થીઓ તા'લીમ પ્રાપ્ત કરવા માટે આવવા લાગ્યા અને મુબારકપુરનું વાતાવરણ કુર્આન, હદીષ, ફિકહ અને તફસીરથી ગુંજી ઉઠયું. અને માત્ર એક વર્ષમાં જ મદ્રસાની ઈમારત વિદ્યાર્થીઓ માટે ટૂંકી પડવા લાગી. ૧૯૩૫ ઈ. સ. માં આપના હસ્તે મુબારકપુરમાં એક જમીન ખરીદવામાં આવી જેમાં એક વિશાળ બે મંઝિલની ઈમારત નિર્માણ થઈ. થોડા સમય પછી આ ઈમારત પણ ટૂંકી પડવા લાગી અને ત્યાર પછી પોતાની યોજના અનુસાર આબાદીની બહાર એક વિશાળ જમીન ખરીદી. તેના પર સન ૧૯૭૨ ઈ. સ. માં એક ઐતિહાસિક સંમેલનનું આયોજન કર્યું જેમાં આપના અવાજ પર આખા દેશના આલિમો, મશાઈખે કિરામ અને રાજનૈતિક નેતાઓએ પણ હિસ્સો લીધો હતો અને તે અવસર પર અલ્ જામેઅતુલ અશ્રફિયાની સંગે બુનિયાદ નાખવામાં આવી. આ ૩૬ એકરની જમીન આજે પણ અલગ અલગ ઈમારતોથી સુશોભિત છે. જેમાં બાળકોના રહેવા માટે હોસ્ટેલ, અઝીઝુલ મસ્જિદ અને હાફિઝે મિલ્લતનો રોઝા મુબારક પણ છે.

## સમાજ અને દેશના નિર્માણમાં હિસ્સો

સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી દેશમાં પરસ્પર મતભેદ અને વિવાદનું વાતાવરણ હતું એવામાં મુસ્લિમ સમુદાયના અધિકાંશ લોકો દેશ છોડીને પાકિસ્તાનની તરફ પલાયન થઈ રહ્યા હતા જેમને જોઈને હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْલોહીના આંસૂ રડી પડયા. અને મુસ્લિમ સમુદાયના લોકોને પ્રભાવશાળી ઢંગથી કહ્યું, "હે મુસલમાનો ! તમે આ જ દેશમાં જન્મ લીધો, આ જ દેશમાં તમારાં મકાનો છે, તમારી મસ્જિદો છે, તમારી ખાનકાહો છે, તમારા મદ્રસા છે, તમારા પૂર્વજોની કબ્રો અને મઝારાતે ઔલિયા છે જે ઈસ્લામની નિશાનીઓ છે જેની હિફાઝત (સુરક્ષા)ની જિમ્મેદારી પોતે તમારા ઉપર છે. અગર તમે લોકોએ દેશને છોડી દીધો તો આ ધાર્મિક સ્થાનોને બરબાદીથી કોણ બચાવશે ? તમે લોકો જ્યાં પૈદા થયા ત્યાં જ રહો, તેમની હિફાઝત કરો અને તેનાથી જ પોતાના ભવિષ્યનું નિર્માણ કરો. તેમનાથી જ મહોબ્બત કરો. તેના માટે આપે એક કિતાબ "ઈર્શાદુલ કુર્આન" લખી આ કિતાબ થોડીક સંક્ષિપ્તમાં છે પરંતુ તેનો પ્રભાવ એટલો થયો કે દેશ છોડવાવાળા કેટલા કાફલા ઘરે પાછા આવવા પર મજબૂર થઈ ગયા અને તન, મન, ધનથી દેશના રચનાત્મક કાર્યોમાં લાગી ગયા.

## આપની પરહેઝગારી

આપ મહાન ધાર્મિક વિચારધારાવાળા મહાપુરૂષ હતા. આપ ઈસ્લામ ધર્મના નિયમોના વિરૂધ્ધ કોઈ પણ કાર્ય કરવું પસંદ કરતા ન હતા. જેવી રીતે કે હજ્જ કરવા જવા માટે જરૂરી હોય છે કે પાસપોર્ટ પર હજ્જ કરવાવાળાનો ફોટો

લગાડવામાં આવે છે, ફોટો ઈસ્લામના નિયમોના વિરૂધ્ધ છે. હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ ફોટો ન ખેંચાવવાનો નિર્ણય કર્યો. આપનું એ કહેવું હતું કે રસૂલ ﷺનો કાનૂન તોડીને હું બારગાહે રિસાલતમાં હરગિઝ નથી જઈ શક્તો.

## સમાજ સેવા અને વર્તાવ

આપ શરઈ કાનૂનના મુતાબિક વર્તાવ અને એકતાના અલમબરદાર હતા. નાનાઓ પર દયા કરવી, ગરીબોની સહાયતા કરવી તેમના જીવનનું પ્રિય કાર્ય હતું. આપ જેટલા મોટા આલિમ હતા તેટલા જ મોટા ચારિત્રવાન અને દયાવાન વ્યક્તિ પણ હતા. આપને ત્યાં આપણા અને પરાયાનો કોઈ ભેદભાવ ન હતો. આપ અતિથિ સત્કારને પોતાનું પરમ કર્તવ્ય સમજતા હતા. અગર કોઈ ઘરે ન રહેતું તો આપ પોતે ખાનપાનની વ્યવસ્થા કરતા હતા. બીમારોને જોવા જવું, તેમના માટે દુઆ કરવી તથા જરૂરતમંદોની જરૂરત પૂરી કરવી, બાળકો પર દયા કરવી, મોટાઓનો આદર કરવો, કૂતરાં, બિલાડી અને પક્ષીઓ પર નજર રાખવી આપના ચરિત્રની વિશિષ્ટતા હતી. આપ દેશના હર બાળકને સુશિક્ષિત જોવા ચાહતા હતા. આ જ કારણ છે કે કોઈ વિદ્યાર્થીના વિશે જાણ થતી કે તે તકલીફ મુસીબતમાં છે તો આપ પોતાના વેતનમાંથી તે વિદ્યાર્થીની સહાયતા કરતા. આપે પોતાના દરવાજાથી કોઈ પણ માંગવાવાળાને પાછો નથી કર્યો. ભોજન જમવાના સમયે અગર કોઈ માંગવાવાળો આપના દરવાજા પર આવી જતો તો જે કાંઈ પણ પોતાની સામે હોતું તે ઉઠાવીને માંગવાવાળાને આપી દેતા. અને આજે આપણો હાલ એ છે કે મઝહબ (દીન)ની રાહમાં માલ ખર્ચ કરવો પડે છે તો આપણે વિચારવા લાગી જઈએ છીએ અને વિચારોની દુનિયામાં ખોવાઈ જઈએ છીએ કે આ કેવી મુસીબત માર્ગનો કાંટો બની ગઈ છે ! અને અગર જો કોઈએ માલ પણ દીનની રાહમાં ખર્ચ કરી દીધો તો પોતાને બીજો હાતિમ સમજવા લાગે છે. એટલા માટે જ હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ કહ્યું કે, "ધાર્મિક હોવુ મોટી દૌલત છે પરંતુ તેનાથી વધીને સારામાં સારી દૌલત દીનના માર્ગમાં ખર્ચ કરવું છે."

## ઈન્તેકાલ તથા ગમની લહેર

૩૧ મે ૧૯૭૬ ઈ.સ. માં એકતાનો પ્રતિક આ સંસારને હમેશાંના માટે છોડીને કૂચ કરી ગયો. તેમના ઈન્તેકાલ થવાના સમાચાર જંગલની આગની જેમ ચારો દિશાઓમાં પ્રસરી ગયા, ચારેવ તરફ ગમની લહેર દોડી ગઈ. આપની નમાઝે જનાઝામાં દેશના ખૂણે ખૂણેથી લોકો આવ્યા. ત્રણ દિવસ સુધી ગમનાં વાદળ છવાયેલાં રહ્યા અને આપના અલગ થવાથી બધાને દુઃખ થયું અને કેટલાક હિંદુઓની આંખો આંસૂંઓથી ભરેલી જોવામાં આવી અને કેટલાકને ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા જોવામાં આવ્યા. આજે પણ હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની ચર્ચા થવા પર એક આહ દિલથી નીકળી આવે છે અને લોકોના ચેહરા ગમગીન થઈ જાય છે. આ બધું બેકાર ન હતું પરંતુ આપનું વ્યક્તિત્વ જ એવું હતું કે જેનો પ્રભાવ લોકો પર થવો સ્વભાવિક છે. આપનો મઝાર શરીફ આપના બનાવેલા ચમનમાં કાયમ છે જે ખામોશ ઝબાનથી કહેતો પ્રતિત છે કે :–

અપનો હાથોં કે લગાયે બાગમેં સોયા હૈ વોહ
કહને કો ચૂપ હૈ મગર ઈસ તરહ સે ગોયા હૈ વોહ
હર સાંસ સે ઠંડક દી મૈંને, હર કતરાએ ખૂનસે સીચા હૈ
તુમ શાદ રહો અય ફરઝંદો ! યે મેરા ચમન બરબાદ ન હો

બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો ! બનાવો !

# હિંદુસ્તાનની અદાલતી વ્યવસ્થામાં બની બેઠેલા જગત કાઝી અમેરિકાની દખલગીરી !

કાર્યાલય

અમેરિકી ગવર્નમેન્ટે ઈ.સ. ૧૯૯૮માં "આંતર રાષ્ટ્રિય ધાર્મિક સ્વતંત્રતા એક્ટ"ના વિષયે એક દેશી કાનૂન પાસ કરીને ખૂદને એ વાતનો ઈખ્તિયાર આપ્યો હતો કે તે પોતાના ઉપરાંત દુનિયાના સર્વ દેશોમાં ધાર્મિક આઝાદીની સ્થિતિનો વરસે વરસે અભ્યાસ કરીને એ વિષયે એક વાર્ષિક રિપોર્ટ પ્રસિદ્ધ કર્યા કરે. એ કાનૂન પર પાબંદી સાથે અમલ થઈ રહ્યો છે અને વર્ષ ૨૦૦૪–૦૫નો રિપોર્ટ હજી હાલમાં જ બહાર પાડવામાં આવ્યો છે. પ્રથમ તો દુનિયાના કોઈ એક દેશનું અન્ય તમામ દેશો પર એ અધિકાર જતાવવું એ કાનૂની રીતે જાઈઝ હોવું શંકાને સ્થાને તથા ચર્ચાનો વિષય છે. કેમ કે એ કામ જો જરૂરી જ છે તો કોઈ આંતર રાષ્ટ્રિય સંસ્થાના માટે જ મુનાસિબ થઈ શકે છે ન કે કોઈ એક ખાસ દેશના માટે. અને વળી આજના વિ□ના માહોલમાં તો અમેરિકા તરફથી આ એક પક્ષીય અમલને કેવળ **"પોતાના પગ તળે બળે તે ન જોવું અને અને અન્યને શીખામણ આપવી"**થી જ સરખાવી શકાય છે.

આંતર રાષ્ટ્રિય ક્ષેત્રે ધાર્મિક આઝાદીની સ્થિતિ પરના તદન તાજા રિપોર્ટનું હિંદુસ્તાન સંબંધી પ્રકરણ અમારી સમક્ષ છે અને અમને એમાં ઘણા બિન જરૂરી અને વાંધાજનક શબ્દોના ઉપરાંત કેટલાયે ગલત તથા પાયાવિહિન દાવા પણ જોવામાં આવી રહ્યા છે. એ અયોગ્ય તથા પ્રસંગ વિરૂદ્ધ વાતો પર ટીકાત્મક સમીક્ષા એ વરસો વરસ પ્રસિદ્ધ થનારી રિપોર્ટોના ફાયદા તથા વિ□સને ખંડિત કરી શકે છે. પરંતુ કેમ કે એનો સંબંધ આપણા પ્રિય વતનથી છે એટલા માટે તેનો નિર્દેશ કરવો આપણો રાષ્ટ્રિય અધિકાર છે.

હાલના અમેરિકી રિપોર્ટમાં ગવર્નમેન્ટની હાલની તબદીલી પછીથી હિંદુસ્તાનમાં ધાર્મિક આઝાદીની સ્થિતિના સંબંધે બેશક ! ઘણી બધી સારી વાતો પણ કહેવામાં આવી છે અને એના અનુસંધાનમાં ભરવામાં આવેલા વિવિધ ડગલાંને દાદની નજરે જોવામાં આવેલ છે. કહેવામાં આવ્યું છે કે, "વડા પ્રધાન એક સિખ, રાષ્ટ્ર પ્રમુખ એક (કહેવાતા) મુસલમાન અને સત્તાધારી પક્ષનું પ્રમુખ પદ એક ઈસાઈના હાથમાં છે. આ ગોઠવણી નવી ગવર્નમેન્ટે ઉચ્ચ કક્ષાએ ધાર્મિક સમાનતાના હેઠળ પોતે પૂર્ણ પણે પાબંદ હોવાનું પ્રદર્શન કર્યું છે." વડા પ્રધાનનો હોદ્દો સંભાળ્યા બાદ તરત જ ડો. મનમોહન સિંઘ તરફથી કરવામાં આવેલા આ એલાનની પ્રશંસા કરવામાં આવી છે કે, "હિંદુસ્તાન જેવા ધાર્મિક તથા સાંસ્કૃતિક વિવિધતાવાળા કોઈ પણ સમાજના માટે સાંપ્રદાયિક એકતા જ સૌથી મોટી તથા પાયાની જરૂરત છે." ગવર્નમેન્ટની હિકમતપૂર્ણ કાર્યશૈલી તથા યોજનાઓ પર સમીક્ષા કરતાં વધુમાં કહેવામાં આવ્યું કે, "સાંપ્રદાયિક પક્ષપાતવિહોણી ભાવનાની પાબંદ ગર્નમેન્ટે દેશમાં ધાર્મિક છૂટછાટ અને લઘુમતીની કાળજીના રિવાજને માન આપીને તેમની રક્ષાના માટે યોગ્ય ડગલાં ભર્યા છે અને એનાથી દેશમાં ધાર્મિક સ્વતંત્રાની સ્થિતિમાં ખાસ્સી સુધારણા થઈ છે." એના અનુસંધાનમાં લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ તથા લઘુમતીના પછાત વર્ગો માટે સ્થાપવામાં આવેલ બે નવા રાષ્ટ્રિય કમિશનોનો ખાસ ઉલ્લેખ કરતાં એ ડગલાંની પ્રશંસા કરવામાં આવી છે. સાથોસાથ એ સ્વીકાર પણ કરવામાં આવ્યો છે કે

દેશની રાજકિય વ્યવસ્થાનું સંયુક્ત હોવું અને એના હેઠળ સમાજમાં અમ્નો અમાન (શાંતિ તથા સલામતી) યથાવત રાખવાનું કામ રાજયોના અધિકાર ક્ષેત્રમાં આપવું ધાર્મિક આઝાદીના વિરૂધ્ધ કાર્યવાહીઓથી સાથે ડાયરેક્ટ વર્તવાની સેન્ટ્રલ ગવર્નમેન્ટની લાયકાતને ઘણા અંશે સીમિત કરે છે.

આ વખાણ પછી રિપોર્ટમાં આ બેજવાબદારીભર્યી વાત કરવામાં આવી છે કે, "હિંદુસ્તાનમાં અદાલતો (કોર્ટો)ના રૂઢીવાદી તથા ઢંગ વિનાની હોવાના કારણે ધાર્મિક આઝાદી પૂરી પાડવામાં નબળાઈ રહે છે." સવાલ એ છે કે **એક મહાન લોકશાહી દેશની અદાલતોને (કોઈપણ કક્ષાની અદાલતોને રિપોર્ટમાં કહેવામાં આવેલી વાતથી અપવાદ નથી કરવામાં આવી.) એક અન્ય દેશ તરફથી "રૂઢીવાદી તથા ઢંગ વિનાની" હોવાનો આ ઉઘાડો આક્ષેપ લગાડવો આંતર રાષ્ટ્રિય કાયદાઓ તથા બંધારણોના નિયમો સાથે કેટલા અંશે મેળ ખાય છે ?** આપણે હિંદુસ્તાની જાતે પોતે બેશક ! આપણા ન્યાયાલયોના કામકાજનું નિરીક્ષણ કરીને તેમાં સુધારણાની તજવીઝ કરી શકીએ છીએ, પરંતુ શું કોઈ બીજા દેશને ચાહે તે દુનિયાનો બની બેઠેલ ઠેકેદાર જ કેમ ન હોય, તેને આ ટીકાની ઈજાઝત આપી શકાય છે ?

રિપોર્ટના આગલા હિસ્સામાં બે મહત્વના મામલાઓના સંબંધે કહેવામાં આવેલી વાતો હકીકતથી ઉલ્ટી છે અને એ રીતે **એ રિપોર્ટ પોતાના વાંચકોને હિંદુસ્તાનના બારામાં ગલત માહિતીઓ પૂરી પાડીને તેમને ગેરમાર્ગે દોરે છે.** પ્રથમ તો દર્શાવેલ યાદીમાં જાતીઓના કાનૂનનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું કે એ (પછાત જાતિ) વર્ગની કોઈ વ્યક્તિ જો "બુદ્ધ, સિખ કે મુસલમાન" થઈ જાય તો પણ તે જ વર્ગની વ્યક્તિ બાકી રહેશે, બસ કેવળ ઈસાઈ થઈ જવાના સંજોગોમાં તે એ વર્ગથી એકદમ ખારિજ થઈ જશે. આવું કહીને દુનિયાને એ ગલતફહમીમાં મૂકવામાં આવી છે કે આ મામલાઓ હિંદુસ્તાની કાનૂન હેઠળ ઈસાઈ ધર્મની સાથે આ ભેદભાવ રાખવામાં આવ્યો છે જ્યારે કે એ એક આલમી મઝહબ છે. ઈસ્લામ સ્વીકારવાની હદ સુધી એ વર્ણન તદ્દન ગલત છે, કેમ કે ઈસાઈ તથા ઈસ્લામ બંને વિ□કક્ષાના ધર્મોને દર્શાવેલ કાનૂનમાં એક જ કક્ષાએ રાખવામાં આવ્યા છે. અને ખરી વાત એ છે કે મુસલમાન થઈ જવાના સંજોગોમાં પણ કોઈ વ્યક્તિ વર્ણવેલ યાદીની જાતીઓના વર્ગમાં બાકી નથી રહી શક્તો. અહીં એ વાત નોંધપાત્ર છે કે સખ્ત અન્યાયી તથા નિયમવિહિન ભેદભાવના જન્મદાતા આ કાનૂનને દેશના ઈસાઈ તથા મુસલમાન બંનેવે સુપ્રિમ કોર્ટમાં ચેલેંજ કર્યો છે, અને ગવર્નમેન્ટે ત્યાંથી જવાબ માંગતા આ મામલાને લઘુમતીઓના પછાત વર્ગોના રાષ્ટ્રિય કમિશનને સુપ્રત કરીને તેની ભલામણો આવતા સુધી કોર્ટથી મોહલત માંગી છે.

રિપોર્ટની બીજી ગુમરાહ કરનાર વાત દેશમાં ચાલતી "પર્સનલ લો" વ્યવસ્થા સંબંધે છે. કહેવામાં આવ્યું કે, "દેશનો કાનૂન લઘુમતીઓના પર્સનલ લોને સ્વીકારે છે. પરંતુ હિંદુઓને આ સહૂલત નથી." વાસ્તવિક્તા એ છે કે હિંદુઓને પણ પોતાના પર્સનલ લો પર પૂર્ણપણે ચાલવાની સહૂલત આપવામાં આવેલી છે. બલ્કે કેટલાક મામલાઓમાં એમના માટે આ સહૂલતનું ક્ષેત્ર અન્ય જાતીઓ કરતાં અધિક વિસ્તૃત છે. હિંદુ પર્સનલ લોનું નવસંપાદન તથા સુધારણા જરૂર થઈ છે પરંતુ નવ સંપાદન તથા સુધારણા તો ઈસાઈ તથા પારસી લઘુમતીઓના પર્સનલ લોની પણ સંપૂર્ણપણે બલ્કે મુસ્લિમ પર્સન લોની પણ આંશિકપણે થઈ છે. દેશના કાનૂનનો ઉસૂલ એ છે કે કેવળ નવસંપાદન તથા સુધારણાથી કોઈ પર્સનલ લોની વર્ગીય હેસિયત તથા ધાર્મિક પાયો ખત્મ નથી થઈ જતો. દેશમાં સિવિલ મેરેજોનો સ્વૈચ્છિક કાનૂન જરૂર બનાવવામાં આવ્યો છે પરંતુ

એનાથી લાભ ઉઠાવવાની સહૂલત દેશના તમામ નાગરિકોને ઉપલબ્ધ છે, કેવળ બહુમતી વર્ગને જ નહીં!

અમારા આ સંક્ષિપ્ત વિવેચનથી ત્રણ પરિણામો ઉપલબ્ધ થાય છે. પ્રથમ એ કે વર્તમાન દુનિયાના પટેલપણાની દાવેદાર આજની આ એકલી ''મહા સત્તા''એ પોતે આ પ્રકારના રિપોર્ટોને તૈયાર કરવાના અનુસંધાનમાં ખૂબ જ કાળજીપૂર્વક કામ લેવું જરૂરી છે. બીજુ એ કે તદ્દન નવા અમેરિકી રિપોર્ટમાં હિંદુસ્તાનના સંબંધે જોવા મળતી ગુમરાહ કરનાર વાતો અન્ય દેશો સંબંધે આપવામાં આવતી ખબરોને પણ શંકાસ્પદ કરી શકે છે (કે એ વાતો પણ સત્યથી વેગળી છે) એટલા માટે એમાં વરસો વરસ અમુક મુસ્લિમ દેશો પર જે ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે એની વિ□સનીયતાની કોઈ નિષ્પક્ષ આંતર રાષ્ટ્રિય એજન્સી થકી છાનબીન થવી અતિ જરૂરી છે. ત્રીજી અને સૌથી મહત્વની વાત એ છે કે **બની બેઠેલ જગત ચૌધરી (પટેલ) અમેરિકાએ ખૂદ પોતાને ત્યાં ધાર્મિક છૂટછાટની વર્તમાન ગંભીર સ્થિતિની છાનબીન તથા એના પર રિપોર્ટ તૈયાર કરવાની ઈજાઝત અને સહૂલત પણ કોઈ અન્ય દેશને આપવી જોઈએ,** કે આંતર રાષ્ટ્રિય ન્યાય તથા કૌમી સમાનતાના ઉસૂલોનો એ જ તકાઝો છે. *(6-May, આલમી સહારા ઉર્દૂ, સાપ્તાહિક)*

અન્ય દેશોની અંગત વાતોમાં માથુ મારીને અરાજકતા ફેલાવવાનું કામ આ જાલિમ દેશ થકી સતત ચાલુ છે. ''આતંકવાદ'' શબ્દના ઓઠા હેઠળ અફઘાન તથા ઈરાકમાં તબાહીનું કેવું તાંડવ રચ્યું તેને દુનિયા જાણે છે. નાનાં બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો તથા નિર્દોષ પ્રજાજનો પર બોંબ વર્ષા કરીને અસંખ્ય જાનોને ખતમ કરી દેવી એ ક્યાંનો ઈન્સાફ છે ?!

અને અમેરિકી તથા યૂરોપી સૈનિકો હાલ પણ ઈરાકમાં સ્ત્રીઓ પર બળાત્કાર કરી રહ્યા છે, જેલામાં કેદીઓ પર જુલ્મો થઈ રહ્યા છે. રિપોર્ટમાં છે કે, ''અહીં (ઈરાક)માં સ્ત્રીઓ સૈનિકોને જુએ છે તો ભયભીત થઈ જાય છે કેમ કે મહિલાઓ પર અમેરિકનો વરૂની જેમ બળાત્કાર કરે છે. બાળકો વિમાનના અવાજથી ઠર ઠરે છે. એવી સ્થિતિ સર્જી છે કે મહિલાઓને ગરીબીને કારણે વેશ્યાગીરી કરવી પડે છે. સદ્દામના શાસન કરતાં ઈરાકની હાલત બદ્તર છે.''

તો આ બધી ચીજો શું જાલિમોને નથી દેખાતી! પોતાની આંખમાં સળિયો છે તે નથી દેખાતો અને અન્યની આંખનાં તણખલાં જોવા નીકળ્યા છે. અને વિ□ભરમાં યૂરોપ અમેરિકી દેશોની જાસૂસી સંસ્થાઓ થકી કેટલાયે વરસોથી શાંતિ પ્રિય રીતે રહેતી પ્રજામાં વિવાદ વિખવાદ ખડા કરાવીને દેશ દેશમાં પ્રજાને આપસમાં લડતી કરીને ખૂનામરકી કરાવવી, તેમના જીવનનું ચૈન હણી લેવું, તેમના લોહીની નદીઓ વહાવવી, બાળકોને અનાથ અને સ્ત્રીઓને બેવા બનાવવી આ બધાં કાર્યો શું જગતની નજરોથી છુપાં છે ?!

ઈતિહાસ સાક્ષી છે કે વિ□ભરમાં અજંપો ફેલાવવાનાં ષડયંત્રો રચનારા આ જ અંગ્રેજ તથા અમેરિકીઓ છે છતાં દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવનારા આ જાલિમોને જેર કરવા માટે વિ□ના તથા પૂર્વના દેશોએ સંગઠિત થઈને તેમનો વિરોધ સામૂહિક રીતે કરવો જોઈએ. અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આવા જાલિમોને ઝલીલ તથા નાબૂદ કરે. *(આમીન)*

**લેખ હરિફાઈમાં ભાગ લેનારા તલબા જોગ !**

આગામી લેખ હરિફાઈનો વિષય છે : **ઈસ્લામમાં શરમ તથા હયાનું મહત્વ અને વર્તમાન મુસ્લિમ ખાતૂનોની હાલત** લેખ **તા. ૧૨-૭-૨૦૦૬** સુધીમાં બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલય દયાદરાને પહોંચતો કરવો.

**વિનંતિ** : દારુલ ઉલૂમોના સંચાલકો–મોહતરમ ઉસ્તાદો પણ તલબાને આ કામમાં સાથ આપી પ્રોત્સાહિત કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

**★ બની બેઠેલા મુસ્લિમ લીડરો બોધ લેશે !★**

અકબર બાદશાહના "દીને ઈલાહી" ધર્મના એજન્ડા પર ચાલનારા કેટલાક કહેવાતા મુસ્લિમ નેતાઓ રામ–રહીમ, અલ્લાહ–ભગવાન એક છે જેવા શિર્કભર્યા નારાઓ લગાડનારા, પોતાના કપાળ પર ટીલો લગાડી આરતી ઉતારી કુફ્ર પર રાજી રહેનારા કહેવાતા મુસ્લિમ આગેવાનો તેમજ હિંદુઓની ધાર્મિક રેલીઓમાં ઠંડુ પાણી, શરબત પીવડાવનારાઓ અને ગણેશ તેમજ અન્ય મૂર્તિઓને હાર પહેરાવનારાઓ તેમના ગુરૂઓને આદર, નમસ્કાર નમન કરી તેમને હાર પહેરાવી પોતાને બિન સાંપ્રદાયિક કહેનાર સામાજિક કાર્યકરો **બરકાતે ખ્વાજા (માસિક) જૂન–૨૦૦૬**નો અંક વાંચી ઈબ્રત હાંસલ કરે અને ઈસ્લામ તરફ પાછા ફરે. બરકાતે ખ્વાજાના નીડર, નિષ્પક્ષ અને નિઃસ્વાર્થ એવા મુજાહિદ તંત્રી જનાબ શબ્બીરભાઈ પટેલ રઝવી સાહબને ઘણા જ અભિનંદન સાથે સલામ.

***–મુઈનુદ્દીન બસીરુદ્દીન શેખ*** *(હાજીપીર કિરમાની, ભરૂચ)*

**★ દરબારે દરિયાઈ દુલ્હામાં નઅતિયા પ્રોગ્રામ ★**

તા. ૧૧–૫–૨૦૦૬ મુ. ચાંદ ૧૨ રબીયુલ આખર જુમેરાતના દિવસે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના નેજા હેઠળ બિરપુરમાં દરિયાઈ દુલ્હા હઝરત કાઝી મેહમૂદ દરિયાઈ رحمۃ اللہ علیہના મુબારક આસ્તાનાના સહેનમાં "સુન્ની દા'વતે ઈસ્લામી"નો નઅતિયા પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો, જેમાં ખુસૂસન નઅતખ્વાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી નિગરાં બડૌદા જનાબ મુહમ્મદ સુલ્તાન રઝા તેમજ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મુહમ્મદ આફતાબ સૈયદ, મુહમ્મદ ફારૂક રઝા, મુહમ્મદ ઉષ્માનગની, મુહમ્મદ શમીમ રઝા નૂરીએ નઅત વ મનકબત પેશ કરી નૂરી જામનો સાગર લેહરાવ્યો હતો. આ જલ્સામાં મકામી ઉલ્મા, સાદાતે કિરામ તદ્ ઉપરાંત ખાનદાને દરિયાઈ દુલ્હાના સજ્જાદાનશીનો અને ખુદ્દામોએ હાજર રહી જલ્સાની રોનકમાં વધારો કર્યો હતો અને સલાતો સલામ પછી મઝારે પાકમાં હાજરી અને નેક દુઆઓ સર્વે મુસ્લિમો માટે ગુજારી હતી.

**–મુહમ્મદ શફીભાઈ મેમણ** (મેમણ કોલોની વડોદરા)

**★ જંબુસરમાં જશ્ને મીલાદના પ્રોગ્રામો ★**

જંબુસરમાં ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે રબી. અવ્વલ શરીફના પહેલા ચાંદથી ૧૨ દિવસ સુધી શહેરની જુમ્આ મસ્જિદમાં દુરૂદ શરીફની મેહફિલ તેમજ ખત્મે કુર્આન તેમજ જુદી જુદી મસ્જિદોમાં તકરીરી પ્રોગ્રામ તેમજ નઅત શરીફના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું.

ઈદે મીલાદુન્નબી ﷺના દિવસે અહલે સુન્નત વલ જમાઅતની તમામ મસ્જિદોમાં સુબ્હ સાદિકના સમયે સલાતો સલામ તેમજ દુઆઓ ગુજારવામાં આવી હતી. ફજરની નમાઝ બાદ સરકારે દો આલમ ﷺના મૂએ મુબારકની ઝિયારત કરવામાં આવી હતી. બપોરના ૨.૩૦ કલાકે એક વિશાળ જુલૂસ જુમ્આ મસ્જિદથી શરૂ કરી શહેરના મુખ્ય માર્ગો પર ફરી ગંજશહીદ બાવાના મઝાર પર પહોંચી ત્યાં મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી.

લિ. **સૈયદ હશમતઅલી મજુમિયાં બાપુ** (જંબુસર)

**સરનાર** : મુકામે તા. ૨૪–૫–૦૬ના રોજ ઈશાની નમાઝ બાદ ખડકી ફળિયામાં "મેહફિલે સમાએ નઅત"નો પ્રોગ્રામ હાજી ગુલામ હસન હાફેજી થકી રાખવામાં આવ્યો હતો જેમાં સૂરત, ચાંચવેલ, આમોદ વગેરેથી આવેલ નઅત ખ્વાન તથા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો હાફેઝ અબ્દુર્રહીમ સાહબ, નઅતખાં ગુલામ યાસીન, કારી

મકસૂદ કાવીવાલા, હાફેઝ આરિફ સરનારવી વગેરેએ નઅત તથા મન્કબતો પેશ કરી હતી તથા મૌલાના હબીબ સરનારવી સાહબે શાને વિલાયત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

—*રજૂકર્તા :* **હાફેઝ ઉષ્માનગની સરનારવી**

## ★ દાહોદમાં જશ્ને ગૌષે આ'ઝમ ★

તા. ૧૨–૫–૨૦૦૬ના રોજ બાદ નમાઝે ઈશા સુન્ની દા'વતે ઈસ્લામી દ્વારા યાદગાર ચોકમાં મર્હૂમ મુહમ્મદ બિલાલભાઈ (રાજા)ના ઈસાલે સવાબ માટે નૂરાની પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની શરૂઆતમાં કુર્આન શરીફની તિલાવત કરવામાં આવી હતી અને ત્યાર બાદ મકામી ઓલમા અને મકામી મુબલ્લિગો તરફથી નઅત અને મનકબત પેશ કરવામાં આવી હતી.

ત્યારબાદ હાફિઝ અબ્દુર્રહીમ સાહબે (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, ભરૂચ) પોતાના અનોખા અંદાજમાં કસીદાએ બુર્દા શરીફ અને મનકબત પેશ કરી હતી અને સાથે સાથે લોકોને દુરૂદ શરીફની ફઝીલત દર્શાવી હતી.

અંતમાં જનાબ મુહમ્મદ ઈમ્તિયાઝ રઝા (સુન્ની દા'વતે ઈસ્લામી–ભીવંડી) પોતાના અનોખા અંદાજમાં બયાન કર્યું હતું. તેમણે ઔલિયા અલ્લાહ વિશે બહું જ સારું બયાન કર્યુ હતું. હુઝૂર મુફતીએ આ'ઝમના લખેલા શેઅર "યે દિલ યે જિગર હૈ યે આંખે યે સર હૈ જહાં ચાહે રખો કદમ ગૌષે આ'ઝમ" વર્ણવી જણાવ્યું કે જેટલા અલ્લાહના મુકદ્દસ વલી છે તેમની ગરદન ઉપર ગૌષ આ'ઝમનો કદમ છે. તેમણે આજના પુર ફિતન દૌરમાં ઔલાદની પરવરિશમાં મા બાપની શું ભુમિકા હોય છે તે ગૌષે આ'ઝમના બિસ્મિલ્લાહ શરીફના વાક્યા દ્વારા સુંદર સમજણ આપી હતી. અંતમાં મર્હૂમ માટે દુઆએ મગફેરત કરી હતી. –રજૂ. ***મુહમ્મદ ફારૂક પટેલ*** *(મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી–દાહોદ શાખા)*

**કણજા** : (તા. વંથલી, જિ. જુનાગઢ)ની જામે મસ્જિદના ઈમામ મૌલાના કારી શબ્બીરખાન સાહબ રઝવી જણાવે છે કે કણજા મુકામે બરકાતી યંગ કમિટી તથા સુન્ની મુસ્લિમ જમાત દ્વારા ૧૬–૫–૨૦૦૬, મંગળવારે રાત્રે ઈશાની નમાઝ બાદ જશ્ને ગૌષે આ'ઝમ દસ્તગીર (ગ્યારવી શરીફ)ના શાનદાર જલ્સાનું આયોજન જૂનાગઢની ખાનકાહે રઝવિય્યાહ નૂરિય્યાહના સજ્જાદા નશીન, પીરે તરીકત, ગુલે ગુલઝારે રઝવિય્યત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવીની સદારતમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ જેમાં મુનાઝિરે અહલે સુન્નત, કાતએ વહાબિય્યત અલ્લામા અ. સત્તાર હમદાની સાહબ રઝવી બરકાતી–પોરબંદર તથા દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ પોરબંદરના મુદર્રિસ હઝરત અલ્લામા મુફતી હાફિઝ અશરફ રઝા સાહબ, ફાઝિલે નૌજવાં હઝરત મૌલાના અ. હબીબખાન સાહબ–શીલ, જનાબ હઝરત જમીલ અહમદ સાહબ, જનાબ મૂસા બદલ સાહબ રઝવી તથા જનાબ દાઊદ સાહબ જેતપુર સિવાય અન્ય આલિમોએ હાજરી આપી હતી. હજારોની સંખ્યામાં ગામે ગામથી અકીદતમંદોએ હાજરી આપી જલ્સાને કામયાબ બનાવેલ.

**મોતીપુરા** : તા. ડભોઈથી હાફેઝ મુહમ્મદ હનીફ સાંપાવાળા જણાવે છે કે તારીખ ૧૩–૫–૨૦૦૬ અને શનિવારના રોજ મદ્રસાએ નુરૂલ ઈસ્લામનો ઈમ્તેહાની પ્રોગ્રામ રાખવામાં આવ્યો જેમાં ઝોહરની નમાઝ બાદ સૈયદ ઝાકિર અલી બાવા ટુંડાવવાળા તથા સૈયદ છોટે સાહબ કરચીયાવાળાના હસ્તે મદ્રસાના તલ્બાનું ઈમ્તેહાન લેવામાં આવ્યું અને રાત્રે ઈશાની નમાઝ બાદ જશ્ને ગૌષિયાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મદ્રસાના લગભગ ૩૨ છોકરા છોકરીઓએ નઅત શરીફ, સવાલો જવાબ તથા તકરીરો કરી હાઝરીનનાં દિલોને બાગ બાગ કરી દીધાં હતાં. ત્યાર બાદ સૈયદ ઝાકિર અલી બાવા (ખતીબો ઈમામ ગોઠડા જામા મસ્જિદ) એ હયાતે ગૌષે પાક પર પુરજોશ

ઈસ્લાહી બયાન કર્યું હતું. અંતમાં મદ્રસાનાં છોકરાંઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. અલ્લાહ પાક હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના સદકામાં મદ્રસાને દીન દુની તરક્કી અતા ફર્માવે. (આમીન)

*–લિ. મુહમ્મદ હનીફ એ. પટેલ સાંપાવાળા*

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)** : માં તા. ૩૦–૫–૨૦૦૬ના રોજ કુર્આન ખ્વાની કરવામાં આવી હતી અને મર્હૂમ મુહમ્મદના ઈસા અલી દયાદરાવાળા (**ઈસ્માઈલ મુહમ્મદ ઈસા** તરફથી રૂા. ૫,૦૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા**માં મળ્યા છે.) અને મર્હૂમ અફઝલ રફીકભાઈ દયાદરાવાલાને ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. તથા હાજી યૂનુસભાઈ માલજી તરફથી તેમના વાલિદ સાહબની બીમારી દૂર થવાની નિય્યતે સદકાના રૂા. ૩૦૦૦/– મળ્યા તેમની પણ તંદુરસ્તી માટે દુઆ ગુજારવામાં આવી હતી.

### ★ શાદીખાના આબાદી ! ★

**બુવા** : નિઝામભાઈ છતભા પરમારની નેક દુખ્તર સીરીનબાનુની શાદી રાજપીપળા નિવાસી મલેક સલીમભાઈ મુહમ્મદભાઈના નેક ફરઝંદ ઈમરાન સાથે તા. ૭–૫–૨૦૦૬ના રોજ રાખવામાં આવી.

**સંજાણબંદર** : જનાબ શબ્બીર અલી સુલેમાનની નેક દુખ્તર આલિમા ફાઝિલા તબસ્સુમબાનુની શાદી તા. ૨૮–૫–૨૦૦૬ના રોજ મર્હૂમ ગુલામ રસૂલ મલેક અંકલે□રવાળાના નેક ફરઝંદ મુહમ્મદ નઝીર સાથે રાખવામાં આવી.

**ભરૂચ** : (વસીલા સોસાયટી) જનાબ શૌકતભાઈ ખીલજી જંત્રાણવાળાની નેક દુખ્તર ફરજાનાબાનુની શાદી ઈબ્રાહીમ વલીભાઈ મિયાંગામવાળાના નેક ફરઝંદ મુહમ્મદ સલીમ સાથે તા. ૨૯–૫–૨૦૦૬ના રોજ અને તેમના નેક ફરઝંદ જાવેદ અખ્તરની શાદી તા. ૩૦–૫–૨૦૦૬ના રોજ અમરસિંહ રાજની નેક દુખ્તર રઝીયાબાનુ સાથે રાખવામાં આવી.

**દયાદરા** : મર્હૂમ અલીભાઈ ઈસ્માઈલ પટેલની નેક દુખ્તર (પટેલ શબ્બીર અલી રઝવીનાં બહેન) ફરજાનાબાનુના નિકાહ આછોદ નિવાસી પટેલ મૂસાભાઈ મુહમ્મદ (બક્ષ)ના નેક ફરઝંદ મુહમ્મદ સાજિદ સાથે તા. ૨૧–૫–૨૦૦૬ના રોજ કરવામાં આવ્યા. (સર્વે દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને હાર્દિક મુબારકબાદ.)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો ★

**કિતાબ** : **હઝરત મખ્દૂમ અલીઉદ્દીન અલી અહમદ સાબિરપાક કલિયરી** رحمۃ اللہ علیہ

**સંકલનકર્તા** : મુહમ્મદ ઈકબાલ વી. બેલીમ (પેજીસ–૨૪)

**પ્રકાશક** : **ગરીબનવાઝ કમિટી** C/o. ઉષ્માનભાઈ મન્સુરી મુ. **હાપા**, જિ. જામનગર

**નોંધ** : "ઈન્સાનની ત્રીસ ભૂલો" પેમ્પલેટ પણ સાથે મળશે.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : હજીયાણી આઈશાબેન અહમદ માટલી તા. ૭–૬–૨૦૦૬ના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે તેમના સવાબ અર્થે માટલી બંધુઓ તરફથી **ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા** થકી ગોપાલપૂરા (તા. જિ. આણંદ) ખાતે પાણીનું બોરિંગ કરાવવા સહાય મળી છે. તેમજ **અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા**ને કિતાબ છપાવવા પણ સહાય મળી છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફિરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**લીંબડી** : (તા. વાગરા) મેહબૂબભાઈ ઓપરેટરનાં વાલિદા હજીયાણી હુરીબેન દાઊદભાઈ પટેલનો ઈન્તેકાલ તા. ૩–૩–૦૬ના રોજ થયો છે. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*